
RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 1, Year: 69, April, 2022, Pages: 52, Price Rs. 7.00



# દેવલાલી સમારોહની તસવીરી ઝલક






સુત્ર સંચાલન કરતાં સંધ્યાબેન શાહ



દિપ પ્રાગટ્ય પ્રસંગ



શ્રી સી.યુ. શાહની પ્રતિમાનું અનાવરણ કરતાં પૂ. ભાઈશ્રી તથા મીનળબેન



શ્રી સી.યુ. શાહની પ્રતિમાને હાર અર્પણ કરતાં પૂ. ભાઈશ્રી તથા મીનળબેન



સ્વાગત પ્રવચન સાથે સી. યુ. શાહના વ્યક્તિત્વને નિરૂપતા શ્રી પ્રવિણભાઈ શાહ



પૂ. ભાઈશ્રીનું સન્માન કરતાં ટ્રસ્ટીઓ શ્રી મહેન્દ્રભાઈ તુરખિયા તથા મહેન્દ્રભાઈ વોરા



આમંત્રિત મહેમાનો સાથે કમિટી સભ્યો

# દેવલાલી સમારોહની તસવીરી ઝલક



મીનળબેનનું સન્માન કરતાં શ્રી પંકજભાઈ -મનિષાબેન-સંધ્યાબેન



રોહિતભાઈનું સન્માન કરતાં શ્રી પ્રવિણભાઈ



મંત્રીશ્રી અતુલભાઈ અને આરતીબેનનું અભિવાદન કરતાં મીનળબેન



હૃદયની ઉર્મિઓ વર્ણવતા મીનળબેન



વિક્રમભાઈ



આર્શીવચન આપતાં પૂ. ભાઈશ્રી



આભાર દર્શન કરતાં શ્રી પંકજભાઈ



ઉપસ્થિત આમંત્રિત મહેમાનો



કમિટી સભ્યો સાથે દેવલાલીનો સ્ટાફ

BIO-DATA

# AVANI RAJIV DOSHI



| | | |
|---|---|---|
| Date of Birth | : | 24th September, 1994. |
| Place, Time of Birth | : | Vasai (mumbai) , 17.40 Pm. |
| Height | : | 5'8" |
| Native Place | : | Botad |
| Religion | : | Zalawadi Visha Shrimali Sthanakwasi Jain |
| Education | : | Bachelors Of Finance Management (BFM)<br>National Skill Development Corporation (NSDC)<br>Smart Professional Accountant (SPA)<br>Master Of Commerce In Finance (M-Com) |
| Hobby | : | Cooking, Music, Movies, Making Chocolate, Sketching |
| E-mail Id | : | chhayagems@gmail.com |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Rajiv Harshadrai Doshi (9867436066) |
| Profession | : | Business- Suppliers Of Gold & Silver Fittings & Findings |
| Mother | : | Chhaya Rajiv Doshi (9823291625) (Housewife) |
| Elder Brother | : | Sagar Rajiv Doshi (9029281892) (Married) |
| Profession | : | Family Business |
| Sister-In -Law | : | Mansi Sagar Doshi (7057015968) |
| Profession | : | Professor |
| Address | : | Flat No.: 502, 5th Floor, Vaswani Exotica CHS. Ltd.,<br>T.P.S. Road No.: 3 , Kastur Park, Borivali - West,<br>Mumbai - 400 092. |

## RELATIVES DETAILS

| | | |
|---|---|---|
| Grand Parents | : | Late Shri. Harshadrai Vadilal Doshi<br>Late Smt. Nirmala Harshadrai Doshi |
| Uncle | : | Atul Harshadrai Doshi (9820718770) |
| Fuva & Faiba | : | Kiranben Dineshkumar Zangda (9323184424)<br>Meenaben Vidhyutkumar Gandhi (9426377732) (Ahmedabad)<br>Smitaben Harshadrai Doshi (9619308662)<br>Ritaben Anilkumar Jaswani (7021958860) |
| Mosal | : | Late Shri. Rajnikant Manilal Kothari (Halvad)<br>Smt. Ranjanben Rajnikant Kothari (9321095636) |
| Mama | : | Paresh Rajnikant Kothari (9321124040)<br>Gautam Rajnikant Kothari (9823704010) |
| Masa & Masi | : | Pratima Atulkumar Shah (9324663651)<br>Beena Ankitkumar Khandhar (9825940472) (Ahmedabad) |

Advt.

BIO DATA

# Mili Bipin Sanghavi



## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Date of Birth | : | 04 July, 1995 |
| Time and Place | : | 11.28 am, Borivali |
| Height/ Weight | : | 5’4”, 54 kg |
| Religion | : | Zalawadi Vishashrimali Sthanakwasi Jain |
| Native Place | : | Wadhwan City (Jobala) |
| Qualification | : | Pursuing CA Final<br>M.com (Mumbai University)<br>B.com (NM College, Vile Parle) |
| Profession | : | Working at Suresh Surana and Associates LLP<br>In Taxation and Corporate Advisory<br>(RSM Astute Consulting Pvt Ltd) |
| Hobbies | : | Music, Travelling, Painting, Sketching, Reading |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Bipin Natvarlal Sanghavi (8169139025) |
| Occupation | : | Business (Electric Switchgear Trading) |
| Mother | : | Bhavini Bipin Sanghavi (9322620616/8928713365) |
| Occupation | : | Home maker |
| Residence Address | : | 03, Sahkar Building, Rayani Gram, Shimpoli Road,<br>Borivali West, Mumbai-400092. |

## PATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Shri Natvarlal Jivanlal Sanghavi |
| Grand Mother | : | Late Smt Kantaben Natvarlal Sanghavi |
| Uncle (Mota Papa) | : | Kirtibhai Natvarlal Sanghavi (9820744863)<br>Jitendrabhai Natvarlal Sanghavi (9833034843)<br>Umeshbhai Natvarlal Sanghavi (9892160162) |
| Aunt (Faiba) | : | Kokilaben Anilbhai Shah (8487847225)<br>Naynaben Natvarlal Sanghavi (9925643077) |

## MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Grand Father | : | Shri Kantilal Amulakhbhai Sheth (9377066881) |
| Grand Mother | : | Smt Suryaben Kantilal Sheth |
| Uncle (Mama) | : | Kishorbhai Kantilal Sheth (7201957561)<br>Hiteshbhai Kantilal Sheth (9408064292) |
| Aunt (Masi) | : | Rekhaben Bhupendrabhai Salot (8160126084)<br>Chayaben Kantilal Sheth (9327410845) |

Advt.

BIO DATA

# KANDARP SHAH

## (Widower)




| | | |
|---|---|---|
| Birth Date | : | 28th January 1972 |
| Education | : | Chartered Accountant, B.Com. (N. M. College) |
| Height/Weight | : | 6'.1' / 76 Kg. |
| Contact Details | : | Mob.: 98201 80656 |
| Email | : | kandarp@raynray.in |
| Residence | : | 205, Ameya Apts., Eksar Road, Borivali West, Mumbai 400092 |
| Profession | : | Partner in multi locational CA Firm; Ray & Ray Chartered Accountants |
| Religion | : | Dashashrimali Sthanakwasi Jain |
| Father | : | Late Shri Anil Vrajlal Shah |
| Mother | : | Late Smt. Pratima Anil Shah |
| Sister | : | Smt. Ditti Himanshu Panchamia (Married) |
| Son | : | Rushil Shah, 20 Years |
| Mother In Law | : | Jyotsna Niranjan Sanghvi – 93260 80956 |
| Father In Law | : | Niranjan Hargovinddas Sanghvi – 91375 53967 |
| Mama | : | Anil Mansukhlal Shah – 98334 15148 |
| Mami | : | Devi Anil Shah – 99202 51980 |
| Uncle | : | Jaysukh Hargovinddas Sanghvi – 93227 45214 |
| Native Place | : | Limbadi |

Advt.

BIO DATA

# Manthan Atul Doshi

Date of Birth : 11th Sep 1996
Time & Place of Birth : 08:06 AM, Borivali (W)
Height : 6'ft
Education : B.Com (KES Shroff College)
M.com (Mumbai University)
Post Graduate Diploma in Jewellery Designing & Manufacturing Techniques (Indian Institute Of Gems and Jewellery)
Employed : Working At Ariha Diamond Jewellery Pvt Ltd.



Native Place : Botad
Religion : Shri Zalawadi Visha Shrimali Sthanakwasi Jain
Residence : A/202 Dharmkshetra No.3 CHS, Ex. Dr Palkar Marg. T.P.S Road, Borivali(W), Mumbai – 400-092
Email Id : manthan.doshi96@gmail.com
Hobbies : Music, Travelling and Exploring Places, Sketching and Painting

## FAMILY DETAIL'S

Grandparents : Late Shri Harshadrai Vadilal Doshi
Late Smt. Nirmalaben Harshadrai Doshi
Father : Atul Harshadrai Doshi (9820718770)
Profession : Business Supplier Of Gold & Silver Findings
Mother : Neeta Atul Doshi (9930746867)
Siblings : Somil Atul Doshi, Pursuing M.com & B.com Family Business

## RELATIVE DETAIL'S

Uncle : Rajiv Harshadrai Doshi (9867436066)
Aunt : Chhaya Rajiv Doshi (9324366320)
Fiya & Fuva : Kiranben Dineshkumar Zangda (9323184424)
Meenaben Vidhyutkumar Gandhi (9426377732) (Ahmedabad)
Smitaben Harshadrai Doshi
Ritaben Anilkumar Jaswani (9860411496)
Nana : Chhabildas Fulchand Sheth ( Nagnesh) (7506156305)
Nani : Madhuben Chhabildas Sheth
Mama : Shailesh Chhabildas Sheth
Pitul Chhabildas Sheth (9324686155)
Mami : Jyoti Pitul Sheth (9869818388)
Masi & Masa : Meenaben Punitkumar Shah (9819597771)
Ritaben Hiteshkumar Bhayani (9429387110)

Advt.

શ્રી વૈરૂત્યા માતાજી નમ:

# એક વર્ષ - અનંત વેદના

### પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મતારીખ
૨૫-૯-૧૯૬૧



અરિહંતશરણ
૧૯-૪-૨૦૨૧

## સ્વ. દિલીપભાઈ હિમતલાલ સંઘવી

વતન : આણંદપુર (ભાડલા) હાલ રાજકોટ

**હંમેશાં યાદ તો આવે જ, પરંતુ સાથે ફરિયાદ પણ આવે**
**તમારી છબીમાંથી સદાય તમારો બેફિકર હસતો સાદ આવે**

**કાયમ જે જીવ ધીંગું જીવ્યો, રહ્યો ધસમસતો અને ખડખડાટ**
**એ હવે સ્મૃતિમાં પાંગરતો રહેશે અમ સૌ સ્વજનોના હૃદયદ્વારે**

### શ્રદ્ધાંજલિ સુમન અર્પણ કરતા...

પિતાશ્રી :
સ્વ. હિમતલાલ જગજીવનદાસ સંઘવી

માતુશ્રી :
સ્વ. કમળાબેન હિમતલાલ સંઘવી

ધર્મપત્ની :
ગં.સ્વ. ભારતીબેન દિલીપભાઈ સંઘવી

પુત્રીઓ :
પૂજા એડવીન, રિદ્ધિ જય, રાધા સ્ટીફન

દોહીત્રી :
સારા

ભાઈ-ભાભી :
અનિલ - પ્રજ્ઞા, રાજેશ - રુપલ, હીતેન - નિમિષા


બહેન -બનેવી :
અલકાબેન - પ્રદીપકુમાર, સાધનાબેન - સંજયકુમાર, સંગીતાબેન - હીતેષકુમાર

ભત્રીજી-ભત્રીજી :
ધ્રુવેશ-મિનેષ, કૌશલ-આયુષ, દેવાંશી - જૈનમ

સાસુ-સસરા : માતુશ્રી ઈન્દુબેન ચંદુલાલ શાહ ભાણવડવાળા - હાલ જામનગર

સાળા : દિવ્યેશભાઈ - રાજુભાઈ

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

એપ્રિલ ૨૦૨૨
વર્ષ : ૬૯ : : અંક : ૧
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# મહાવીર સ્વામી

કેવળજ્ઞાનથી નિર્વાણ સુધી,
વિચર્યા મહાવીર સ્વામી,
ભરતક્ષેત્રને પાવન કર્યું,
વરસાવી દિવ્યવાણી.
સમતા ને કરુણાના સાગર,
ત્રણ લોકના સ્વામી.
વિશ્વમાનવ મહાવીર સૌના,
પરમસુખના ધામી.
પાટ પરંપરાએ મૂકી ગયા,
ગૌતમને જંબુસ્વામી,
જૈન શાસનના પરમ પ્રભાવક,
કેવલી સુધર્માસ્વામી.
જીવોના કલ્યાણનું કારણ,
બની ગયા મહાવીર સ્વામી,
જુગ જુગ સુધી કરતા રહેશે,
વિશ્વધર્મની લહાણી.
વિશ્વપ્રેમ ને મૈત્રીના દાતા,
જગતપિતા વીરસ્વામી,
શાસન તમારું જયવંત વર્તો,
જય હો મહાવીર સ્વામી.

*મહારાષ્ટ્રીયનોનું માનીતું પર્વ :*

# ગૂડી પડવો



**ચૈ**ત્ર મહિનાના શુક્લ પક્ષનો પહેલો દિવસ એટલે મહારાષ્ટ્રીયન જનતાનો નૂતન વર્ષનો પ્રથમ દિવસ જે 'ગૂડી પડવો' તરીકે ઓળખાય છે.

ગુજરાતીઓને જેમ 'સાલ મુબારક', પારસીઓને 'પતેતી' એવી રીતે મહારાષ્ટ્રીયનોને 'ગૂડી પડવા'નું ઘણું મહત્ત્વ છે. મહારાષ્ટ્રીયનોની એવી શ્રદ્ધા છે કે પ્રભુ રામચંદ્રનું આગમન એ જ દિવસે થયું હતું. ચૌદ વર્ષનો કઠિન વનવાસ ભોગવ્યા પછી બળવાન રાક્ષસ રાજા રાવણ સાથે યુદ્ધ જીતીને સીતામાતાને છોડાવીને ભ્રાતા લક્ષ્મણ સહિત પ્રભુ અયોધ્યાનગરી પાછા આવ્યા તે વખતે હર્ષભેર જનતાએ એમનું અશ્રુ અને હાસ્ય સાથે સ્વાગત કર્યું હતું. સારીય અયોધ્યાનગરીમાં અપૂર્વ દીપોત્સવ થયો હતો. લોકોએ ઠેરઠેર બારણે-બારણે સાથિયા પૂર્યા હતા. સુંદર સુગંધિત ફૂલોનો ગાલીચો પાથર્યો હતો અને જનતાએ એ દિવસ નૂતન-વર્ષનો પ્રથમ દિવસ માન્યો હતો. પ્રભુની આદર્શ અયોધ્યાનગરીમાં હવે નવી આશા, નવી સ્ફૂર્તિ અને નવીન જીવનનો સંચાર થયો હતો. નૂતન વર્ષનું સ્વાગત કરવા લોકોએ 'ગૂડી ઊભી રાખી'ને પોતપોતાનાં ઘરો સજાવ્યાં હતાં.

'ગૂડી' મહારાષ્ટ્રીયનોનું હર્ષોલ્લાસ પ્રગટ કરવાનું એક પૌરાણિક ચિહ્ન છે. 'ગૂડી' એમની એક વિશિષ્ટતા છે. નવા વરસના આગમન પર લોકો એક લાંબા વાંસ પર નવું રેશમી વસ્ત્ર વીંટાળે છે અને હાર પહેરાવે છે અને પછી એના ઉપર ચાંદીનો અથવા પિત્તળનો અથવા સ્ટીલનો લોટો ઊંધો મૂકે છે પછી એ વાંસ ઘર ઉપર ઊભો બાંધે છે. બારણે બારણે ગલગોટાનાં પીળાં ફૂલ અને કેરીના પાનનાં તોરણની સજાવટ કરે છે. ઘરઘરમાં પક્વાન રંધાય છે. તે વખતે મરાઠીનું આ પ્રસિદ્ધ ગીત ગવાય છે.

*''ગૂડી પડવા સુખવિત સકલા,*
*નવ વર્ષાચા નવદિન આલા''*

આ દિવસની બીજી વિશિષ્ટતા લીમડાના પાનની છે. જીવનમાં સુખ અને દુ:ખ આવવાનું જ અને દુ:ખ વગર સુખની મીઠાશ ચાખવાની મજા પણ નહિ આવે. નવીન વરસના પ્રથમ દિવસે સુખની અભિલાષા સાથે દુ:ખનું પણ સ્વાગત કરવાની આપણી ફરજ છે. 'ચક્રવત પરિવર્તન્તે દુ:ખાનિ ચ સુખાનિ ચ।।'

આ વિચારથી જ લીમડાનાં પાન ઘીમાં સાંતળીને એમાં ખાંડ નાખીને ખાવાનો રિવાજ પણ મહારાષ્ટ્રીયનોમાં છે.



એ જ દિવસે મહારાષ્ટ્રીયન લોકો એ છે, 'પન્હે', 'પચડી' અને 'પૂરણપોળી' હવીવ.

પન્હેં એટલે 'બાફલો' અર્થાત્ કાચી કેરીને બાફીને બનાવેલું સરસ શરબત અને 'પચડી' એટલે ચણાની દાળ પલાળીને લીલું કોપરું, કેરીની કટકીઓ વગેરે નાખીને બનાવેલી લહેજ્જતદાર કચૂંબર.

દક્ષિણમાં મહારાષ્ટ્રીયન જનતા સાથે કન્નડ લોકોના જીવનમાં પણ આ તહેવાર ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કન્નડ લોકો એને 'ચુગાદી' કહે છે.

એ દિવસે દક્ષિણમાં ભગવાનની મૂર્તિને લાકડાના રથમાં બેસાડીને ફૂલોથી શણગારીને કર્ણમધુર શહનાઈ સાથે આખા શહેરમાં ફેરવે છે. લોકો દૂર દૂરથી આ ધાર્મિક ઉત્સવ જોવા આવે છે ત્યારે ત્યાં મેળો ભરાયો હોય એવું લાગે છે.

લોકો ગૂડી પડવાના દિવસે પંચાંગ વાંચે છે. સાંજે નવો ચંદ્ર જોવા આકાશમાં નિરીક્ષણ કરે છે. નવા ચંદ્રનાં દર્શન ભાગ્યે જ થાય છે, આમ છતાં આ દર્શન પવિત્ર અને શુકનવંતા મનાય છે.

મહારાષ્ટ્રીયન લોકો કડવા લીંબડાનું પાંદડું ગોળ સાથે ખાઈને દિવસની શરૂઆત કરે છે. એ બાદ કુટુંબની નાની વ્યક્તિને પૈસા આપે છે. જે બતાવે છે કે નવા વર્ષના દિવસે 'લક્ષ્મી' (સંપત્તિ) પ્રાપ્ત કરવામાં આવી છે.

કેરળમાં આ તહેવારને 'વિશુ' કહેવામાં આવે છે.

સિંધી કોમ પણ આ દિવસે તહેવાર મનાવે છે, જેને 'ચેટી ચાંદ' તરીકે ઓળખવામાં આવે છે.

❖❖❖



# મહાવીર જન્મકલ્યાણક


**પ્ર**કૃતિને ખોળે રમતા કોઈ જીવને જેમણે પીડા આપી ન હોય, પ્રકૃતિ એના ખોળિયાને પ્રતિકૂળ વર્તી ન શકે. પ્રભુના જન્મ સમયે ને પ્રભુના હર સમયે પ્રકૃતિ અનુકૂળ વર્તતી એનું કારણ આ જ હોઈ શકે. આમ તો સૃષ્ટિનો નિયમ છે કે જનમ લેનાર ને જન્મ દેનાર બન્ને પીડામાં ડૂબેલા હોય પણ પ્રભુ જ્યારે જન્મે છે ત્યારે માતા અને બાળક બને પીડારહિત હોય છે. જૈન ગ્રંથોનું કથન છે કે જ્યારે પ્રભુ જન્મ લે છે તે સમયે કોઈ જીવ દુ:ખી ન હોય.

પ્રભુનું જીવનકાર્ય સૃષ્ટિને તિમિરમાંથી તેજ તરફ, અંધકારમાંથી અજવાળા તરફ લઈ જવાનું છે પ્રભુનો જન્મ જેમ પ્રકાશ પર્વ છે તેમ આનંદ પર્વ પણ છે.

ભગવાન મહાવીરની માતા ત્રિશલાના ચૌદ સ્વપ્નોનું ફળ એક જ હતું કે તેનો પુત્ર સંસારમાં રહે તો રાજરાજેશ્વર અને સંસારનો ત્યાગી બને તો ધર્મરાજેશ્વર.

આપણું મહાભાગ્ય કે પ્રભુ ધર્મરાજેશ્વર બન્યા.


ભારતની ભવ્ય સાંસ્કૃતિક પરંપરામાં યુગેયુગે મહાપુરુષોનો પ્રાર્દુભાવ થતો જ રહ્યો છે. આવા લોકોત્તર મહાપુરુષોની ભવ્ય પરંપરામાં આજથી ૨૬૦૦ વર્ષ પહેલા ઈ.પૂ. ૫૯૮માં ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીર ભગવાનનું અવનિમાં અવતરણ થયું હતું. ક્ષત્રિયકુંડ નગરીમાં ચૈત્ર સુદ તેરસને દિવસે રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાને ત્યાં જગતને અજ્ઞાન અંધકારમાંથી દિવ્ય જ્ઞાન તરફ લઈ જનાર જ્ઞાનજ્યોતિ સ્વરૂપ પ્રભુ મહાવીરનો જન્મ થયો. ભગવાન મહાવીરે જ્ઞાન, ધ્યાન,



ત્યાગ અને તપસ્યાની પ્રબુદ્ધ તથા પરાક્રમયુક્ત સાધના દ્વારા કૈવલ્ય અને નિર્વાણની પ્રાપ્તિ કરી શ્રમણ પરંપરાનો ઉદ્ધાર કર્યો. સત્ય, અહિંસા, શાંતિ, વિશ્વપ્રેમનો બોધ આપીને નવચેતનાનો સંચાર કરી પોતાના સર્વોચ્ચ ચારિત્ર દ્વારા સર્વોત્કૃષ્ટ આચારમાર્ગની ચરમસીમાની દિવ્ય ઝાંખી કરાવી તેમણે જગતને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવા પાંચ અણુવ્રતો આપ્યા. તેમના સિદ્ધાંતો આજે વિશ્વશાંતિ માટે અનિવાર્ય બન્યા છે.

પ્રભુ મહાવીરે આપણને સત્પાત્રતા કેળવવા મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ આ ચાર ભાવનાઓની શીખ આપી. દરેક જીવમાં આત્મા જોઈ તેમની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરવો - બીજાના અલ્પ ગુણોને જોઈને રાજી થવું ને પોતાનામાં તે પ્રગટાવવા પુરુષાર્થ કરવો. દુનિયાના જીવોના દુ:ખ માટે કરુણા અનુભવવી - દુર્જન -ક્રૂર માણસો દ્વારા પોતાને અનેક ઉપસર્ગો, કષ્ટો પડ્યા હોય તે છતાં કરુણાનો ભાવ ન લાવી સાધનામાં તન્મય રહેવું.

❖❖❖



આખા વિશ્વમાં,<br>
શ્રી મહાવીર જ એક એવી<br>
વ્યક્તિ હતા જેમણે કહ્યું હતું... કે,<br>
''મારી પૂજા નહીં કરતા,<br>
ન મારાથી કોઈ ઉમ્મીદ રાખતા,<br>
કે હું કોઈ ચમત્કાર કરીશ...!!!''<br>
''દુ:ખને જન્મ તમે આપ્યો છે,<br>
એને દૂર પણ તમારે જ કરવું પડશે,<br>
હું ફક્ત તમને માર્ગ બતાવી<br>
શકું છું, કારણ કે....<br>
હું ચાલ્યો છું એ માર્ગ પર,<br>
પણ....<br>
એ માર્ગે તમારે સ્વયં ચાલવું પડશે...''<br>
''હું માર્ગદાતા છું,<br>
મોક્ષદાતા નથી...''

# ધર્મ પરંપરાના ઈતિહાસમાં અનોખી લઘુસિંહનિષ્ક્રિડીત તપસાધના



કર્મોને તપાવે, નાશ કરે તેનું નામ તપ, અનાદિકાળથી આત્મા અને કર્મનો સંયોગ છે. જ્યાં સુધી આત્મા કર્મોથી બંધાયેલો છે ત્યાં સુધી તે સંસારી છે અને જ્યાં સુધી સંસારી છે ત્યાં સુધી જન્મ-જીવન અને મૃત્યુનાં દુ:ખો જીવે ભોગવવાનાં રહે છે. જેવી રીતે માટી મિશ્રિત સુવર્ણાદિ ધાતુને અગ્નિમાં તપાવવાથી તે ધાતુ માટીથી છૂટી પડી પોતાનું અસલી રૂપ ધારણ કરી શકે છે, તેવી રીતે કર્મરૂપ મેલથી ખરડાયેલો જીવ તપશ્ચર્યા રૂપ અગ્નિના પ્રયોગથી શુદ્ધ થઈ નિજરૂપને પ્રાપ્ત કરે છે.

જૈન ધર્મમાં ૧૨ પ્રકારનાં તપ બતાવ્યાં છે, છ બાહ્ય તપ, જેમાં અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ, રસ પરિત્યાગ, કાયાક્લેશ અને પ્રતિસલિંનતાનો સમાવેશ થાય છે અને છ અભ્યંતર તપ છે. પ્રાયશ્ચિત તપ, વિનય તપ, વૈયાવચ્ચ (સેવા) તપ, સ્વાધ્યાય તપ, ધ્યાન તપ અને કાયોત્સર્ગનો સમાવેશ આંતર તપમાં થાય છે.

તપ કર્મનિર્જરાનું ઉત્કૃષ્ટ સાધન છે. કર્મોના વનને તપનો અગ્નિ બાળી નાખવા સક્ષમ હોય છે.

તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ.સા.એ ૧૭ વર્ષની ઉંમરથી યાવજ્જીવન પાણીનો ત્યાગ કરીને ઉગ્ર તપસ્વી, ઘોર, તપસ્વી રૂપે કેવળ ગોંડલ ગચ્છમાં જ નહીં, સમગ્ર જિનશાસનમાં ઉત્કૃષ્ટ ત્યાગી-તપસ્વી રૂપે પ્રસિદ્ધ થયા. તે ઉપરાંત તેઓના જીવનની નાની-મોટી અનેક તપસ્યાઓ, આતાપના, છ માસનો જંગલવાસ વગેરે અનેકવિધ સાધનાઓથી આપણી પરંપરાને ઉજ્જવળ બનાવી છે. સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુએ નિશ્ચય અને વહેવારનો સમન્વય કરી, આત્મસાધના સાથે પ્રભુવીરના શાસનને જનજનમાં સ્થાપિત કર્યો.

ગોંડલ સંપ્રદાયના પૂ. નમ્રમુનિના તપસ્વી શિષ્ય પૂ. પવિત્રમુનિ મ.સા. છ વર્ષની સંયમ પર્યાયમાં તપ સાધનામાં પોતાના વીર્યનું પરાક્રમ ફોરવીને લઘુસિંહનિષ્ક્રિડીત તપની આરાધના કરીને તપ પરંપરાના ઈતિહાસમાં એક ઉજ્જવલ પાનું ઉમેર્યું છે. પૂ. મુનિરાજે સ્વયં નવદીક્ષિત થઈને આ માસખમણ તપની આરાધના કરી હતી. ત્યાર પછી તેઓને તપ સાધના પ્રતિ અનોખું આકર્ષણ હતું. તેમણે લઘુસિંહ-નિષ્ક્રીડિત તપ સાધનાના પોતાના મનોભાવ પૂ. પરમગુરુદેવ સમક્ષ પ્રગટ કર્યા. પૂ. ગુરુદેવે શિષ્યની ક્ષમતા જાણીને આજ્ઞા પ્રદાન કરી. પૂ. ગુરુદેવના આશીર્વાદસહ આજ્ઞાની અભિનવ ઊર્જા પામીને મુનિરાજ આ તપને સમર્પિત થઈ ગયા.

એક ઉપવાસ, બે ઉપવાસ, ક્રમશઃ આગળ વધનાં છ મહિના અને સાત દિવસે ૧૮૭ દિવસની તપસ્યામાં ૧૫૪ ઉપવાસ અને ૩૩ પારણાની લઘુસિંહનિષ્ક્રિડીત તપસાધના ગુરુકૃપાએ નિર્વિઘ્નેસમાધિ-ભાવે સંપન્ન થઈ.

કાંદિવલીમાં ડુંગર દરબારમાં તમામ સંપ્રદાયના સાધુ-સાધ્વીઓ અને હજારો શ્રાવકોની ઉપસ્થિતિમાં પારણાનો ભવ્ય પ્રસંગ ઉજવાયો.

ગોંડલ સંપ્રદાયના ૨૨૫ વર્ષના ઈતિહાસમાં અનેક સંત-સતીજીઓએ અનેકવિધ કઠિન તપસ્યાઓ કરી છે, પરંતુ આજ સુધી લઘુસિંહનિષ્ક્રિડીત તપસાધના કોઈએ કરી હોય તેવું જણાતું નથી. પૂ. પ્રાણગુરુ સંયમ શતાબ્દી વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે તપસ્વી મુનિરાજે કરેલ આ સાધના કે જેમાં ધ્યાન સહિત આંતરતપ અભિપ્રેત છે. તપપૂર્ણતા પ્રસંગે તપસ્વીને ભાવપૂર્ણ અભિવંદના. ❖❖❖

ઊંચી છે મહાવીરની કેડી
એ જ છે ચાદર, એ જ છે પછેડી
સાચો એ જ યતિ કે જેણે
પીડાઓ સામેથી તેડી
પ્રગટે દીપ પરમ શાતાનો
તૃષ્ણાના અંધારા ફેડી
ગૌણ જગતમાં સૌ કોલાહલ
મૌનની જેણે બંસી છેડી
મંત્ર વિરત 'મિચ્છામિ દુક્કડમ્'
ઓગળી જાય અહમની બેડી
જીવન આખું રણ સહરાનું
ઠારો જળ કરુણાના રેડી




# નવકાર મહામંત્ર

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

દરેક ધર્મનું ભવન એક મુખ્ય મંત્રની આસપાસ રચાય છે. એ ધ્વનિરૂપ બનીને અનંત આકાશમાં સંગ્રહિત થાય છે. જ્યારે એનું ઉચ્ચારણ કરીએ ત્યારે અંતરિક્ષમાંથી એની ભાવનાઓની આરાધક પર વૃષ્ટિ થતી હોય છે. બીજ પર વર્ષા પડતાં જેમ એ ભૂમિમાંથી વર્ધમાન થઈને વૃક્ષ બને છે, એ રીતે મંત્રોચ્ચારથી આકાશના ધ્વનિઓ મંગલકામના પ્રગટ કરે છે. આજનું ધ્વનિવિજ્ઞાન પણ કહે છે કે જગતમાં પેદા કરાયેલો ધ્વનિ કદી નષ્ટ થતો નથી.

નમસ્કાર લોકોત્તર મંત્ર છે, એ એની પહેલી વિશેષતા છે. જે મંત્રોનો ઉપયોગ સામાન્ય રીતે આકર્ષણ, વશીકરણ, ઉચ્ચારણ, વિદ્વેષણ, સ્તંભન, મોહન,મારણ, રોગનિવારણ કે ધનપ્રાપ્તિ આદિ લૌકિક કાર્યો માટે થાય તે લૌકિક કહેવાય અને જેનો ઉપયોગ આત્મશુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિ જેવા લોકોત્તર કાર્યો માટે થાય તે લોકોત્તર કહેવાય.

નમસ્કાર મંત્રને લોકોત્તર કહેવાનું એક કારણ એ પણ છે કે તે અરિહંત જેવાં લોકોત્તર મહાપુરુષ વડે કહેવાયેલો છે અને ગણધર જેવા લોકોત્તર મહાપુરુષ વડે શબ્દસંકલના પામેલો છે. મંત્રશક્તિમાં યોજકોની શક્તિનો અંશ ઊતરે છે, એ વાત લક્ષ્યમાં લેતાં નમસ્કારમંત્રની લોકોત્તરતા વિષે કોઈપણ જાતની શંકા રહેતી નથી.

## નમસ્કાર મંત્રની મહત્તા

**જીવની ગતિ સુધારે :-**

નમસ્કાર મહામંત્રની પ્રથમ મહત્તા એ છે કે એ વ્યક્તિના જીવન પર અત્યંત ઉપકાર કરનાર હોવાથી એને મહા ઉપકારી ગણવામાં આવે છે, કારણ કે એના વડે સમ્યક્જ્ઞાન અને સદ્બોધની પ્રાપ્તિ થાય છે.

હજી પણ એક વસ્તુ પાઠકોના ધ્યાનમાં લાવવાની રહી. એકલા અરિહંત, એકલા સિદ્ધ, એકલા આચાર્ય, એકલા ઉપાધ્યાય કે એકલા સાધુની શક્તિ જ્યારે આ પ્રમાણે દેવ-દેવીઓ કરતાં અધિક છે, ત્યારે એ પાંચેનો સમવાય થતાં એ શક્તિનું પ્રમાણ કેટલું વધી જાય ? આ વિશ્વમાં કોઈ મંત્ર એવો નથી કે જેમાં આ રીતે પાંચ મહાન શક્તિઓ એક સાથે કામ કરતી હોય.

**નિષ્કામ ભાવ અને અલ્પ પ્રયાસ :**

અન્ય મંત્રો કામના કરવાથી એટલે કે વિશિષ્ટ સંકલ્પ આદિ કરવાથી ઘણા પ્રયત્ને ફળદાયી થાય છે, જ્યારે નમસ્કાર મંત્ર નિષ્કામ ભાવે જપવા છતાં અલ્પ પ્રયાસે ફળદાયી થાય છે અને તે સાધકની સર્વ કામનાઓ પૂરી કરે છે.

લોકોત્તર વસ્તુઓનું આકર્ષણ કરવું, એ નમસ્કારમંત્રની એક આગવી વિશેષતા છે. તે અંગે કહ્યું છે કે,

'તે પંચપરમેષ્ઠી નમસ્ક્રિયારૂપ અક્ષરમયી આરાધના દેવતા તમારું રક્ષણ કરો કે જે સુરસંપદાઓનું આકર્ષણ કરે છે, મુક્તિરૂપી લક્ષ્મીને વશ કરે છે, ચાર ગતિમાં થનારી વિપત્તિઓનું ઉચ્ચાટન કરે છે, આત્માના પાપો પ્રત્યે વિદ્વેષણ કરે છે, દુર્ગતિ પ્રત્યે ગમન કરવાને પ્રયત્ન કરતા જીવોનું સ્તંભન કરે છે, એટલે કે તેમને અટકાવે છે અને જે મોહનું પણ સંમોહન કરે છે, એટલે કે તેને મુંઝવે છે.'

**સરળ અને સ્પષ્ટ ઉચ્ચારણ :-**

અન્ય મંત્રો ઉચ્ચારણમાં ક્લિષ્ટ કે કઠિન હોય છે, તેમ જ અત્યંત ગૂઢાર્થવાળા હોય છે, ત્યારે નમસ્કારમંત્ર ઉચ્ચારણમાં સરળ છે અને તેના અર્થ પણ અતિ સ્પષ્ટ છે. તેથી બાળકથી માંડીને વૃદ્ધ સહુ કોઈ તેને સરળતાથી બોલી શકે છે તથા તેનો અર્થ સમજી શકે છે.

નમસ્કારમંત્રની સાતમી વિશેષતા એ છે કે પ્રણવ (ૐકાર), હ્રીંકાર, અર્હં વગેરે શક્તિશાળી બીજો તેમાં છુપાયેલાં છે. નમસ્કારમંત્ર સર્વ મંત્રોનું ઉત્પત્તિસ્થાન છે, એ જ એની આગવી વિશેષતા છે.

નમસ્કારમંત્રની એક વિશેષતા એ છે કે તેનું ઉચ્ચારણ કરતાં અડસઠ તીર્થની યાત્રા થઈ જાય છે. તેનો એક અક્ષર એક તીર્થ બરાબર છે, એ રીતે અડસઠ અક્ષરો અડસઠ તીર્થ બરાબર છે.

આધ્યાત્મિકતાનો સૌથી ઊંચો આદર્શ આ નવકારમંત્રમાં પ્રગટ થાય છે. દિવ્ય શક્તિથી વિભૂષિત એવો આ નવકારમંત્ર અચિંત્ય પ્રભાવ ધરાવે છે. હકીકતમાં આ નમસ્કારમંત્ર એ સાક્ષાત્ દેવતારૂપ છે.

નમસ્કાર મંત્રનો બીજો કોઈ મહાઉપકાર એ છે કે તે આપણી ગતિ સુધારે છે. એટલે કે તે આપણને નરક અથવા તિર્યંચગતિમાં જવા દેતો નથી. 'નવ લાખ જપંતા નરક નિવારે' વગેરે શબ્દો તેના પ્રમાણરૂપ છે.

દુર્ગતિમાં કેટલું દુ:ખ છે તે સ્વયં વિચારી


લેવું. અહીં સંક્ષેપમાં એટલું જ કહી શકાય કે નરક એ અકલ્પ્ય દુ:ખોનો ભંડાર છે અને તિર્યંચાવસ્થા પણ વિવિધ પ્રકારના દુ:ખોથી ભરેલી છે તેનું નિવારણ કરવું એ કંઈ જેવો તેવો ઉપકાર નથી.

આપણે મનુષ્યભવ પામ્યા, તેમાં પણ આ નમસ્કારમંત્રનો જ મહાઉપકાર કેમ ન હોય! સંભવ છે કે દુર્ગતિમાં રખડી રહેલા એવા આપણા આત્માએ તેનું અમુકવાર સ્મરણ કર્યું હોય કે છેલ્લી ઘડીએ તેના અક્ષરો સાંભળી તેમાં ચિત્ત પરોવ્યું હોય.

અન્ય મંત્રોમાં કોઈ પદ આગળ કે પાછળ અથવા બે વાર આવેલું હોય છે, પણ નમસ્કાર મંત્રમાં નમો પદ પાંચ વાર આવેલું છે. આ નમ: પદ ધર્મશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર તથા તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ એ વિનયનું પ્રતીક છે. મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ એ શોધનબીજ છે એટલે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરનારું છે તથા તંત્રદષ્ટિએ એ શાંતિ-પૌષ્ટિક ક્રિયાનો સંકેત કરનારું છે એટલે તેનાથી સર્વ ઉપદ્રવોની શાંતિ થાય છે અને ધન-ધાન્યાદિની વૃદ્ધિ થાય છે.

❖❖❖

## જ્ઞાનનો ઉદય આપણા કામની ગુણવત્તા વધારે છે



શિષ્યએ ગુરુને પૂછ્યું, 'ગુરુજી, તમારો જ્ઞાનોદય થઈ ચૂક્યો છે, હવે તમે શું કરો છો ?' ગુરુએ જવાબ આપ્યો, 'હું રોજિંદા કાર્યો કરું છું, જેમકે કૂવામાંથી પાણી ભરવું.' શિષ્યએ પૂછ્યું, 'જ્ઞાનોદય થતા પહેલા તમે શું કરતા હતા ?' ગુરુએ જવાબ આપ્યો, 'હું રોજિંદા કાર્યો કરતો હતો, જેમકે, કૂવામાંથી પાણી ભરવું'. ચકિત શિષ્યએ ફરી પૂછયું, 'તમારા અગાઉના અને હાલના કર્મોમાં અંતર લાગતું નથી'. ગુરુએ જવાબ આપ્યો, 'હા, મારા કર્મોમાં અંતર આવ્યું નથી, પરંતુ મારા કર્મોને કરવાની ગુણવત્તા બદલાઈ ગઈ છે.'

**એન. રઘુરામન**

## નવપદ સાધના




ચૈત્ર સુદ સાતમના પાવન દિવસથી જૈન પરંપરાના શાશ્વત પર્વ નવપદની ઓળીની આરાધનાનો શુભારંભ થતો હોય છે. આ પર્વ શાશ્વત અનાદિકાલીન હોવાથી સર્વ પર્વમાં વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. નવપદ ક્રમશ: અરિહંતસિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-દર્શન-જ્ઞાન-ચરિત્ર અને તપ સ્વરૂપ છે. તેમાં પ્રારંભના બે પદ દેવતત્ત્વ રૂપે, પછીના ત્રણ પદ ગુરુતત્ત્વ રૂપે તથા અંતિમ ચાર પદ ધર્મતત્ત્વ રૂપે છે. નવપદના પ્રથમ પાંચ પદોમાં આપણે પ્રતિષ્ઠિત થવાનું છે અને પછીના ચાર પદોને આપણામાં પ્રતિષ્ઠિત કરવાના છે. નવપદની ઉપાસના એટલે સિદ્ધચક્રની ઉપાસના. આ સિદ્ધચક્ર જ અનાદિકાલીન સંસારચક્રને તોડનાર છે. સિદ્ધચક્રની ઉપાસના કરતા શ્રીપાળ-મયણાને આપણે સ્મૃતિપટ પર લાવવાના છે.

ઉબંરરાણો કોઢિયાઓના ટોળા સાથે ફરતો ફરતો ઉજ્જૈની નગરીમાં આવ્યો. પ્રજાપાળ રાજા માર્ગમાં મળ્યા. ઉંબરે કન્યાની યાચના કરી, કહ્યું કે બહેરી-મૂંગી-અપંગ જેવી કોઈ પણ કન્યા હશે તે ચાલશે. રાજાએ ઉંબરને રાજદરબારમાં બોલાવીને રૂપ-રૂપના અંબાર સમી મયણાસુંદરીને સોંપી, ત્યારે ઉંબર અર્થાત્ શ્રીપાળ કહે છે: 'ન શોભે કાકકંઠે મુક્તાફળતણી માળ' શ્રીપાળકથા કહે છે કે પાત્રતા કરતાં વધારે મળી જાય તોય આનંદિત ન થવું. શ્રીપાળ તો મયણા સાથે પોતાની તુલના કરવા લાગ્યા, 'હું કુષ્ઠરોગથી બીમાર અને આ રૂપ-રૂપનો અંબાર...! મારો રોગ એને પણ રોગગ્રસ્ત બનાવશે. આ યોગ્ય નથી.' નવપદની ઓળીના આ પાવન દિવસોમાં શ્રીપાળ પાસે સમજણભાવને કેળવવાનો છે તો મયણા પાસેથી સમર્પણભાવને મેળવવાનો છે. શાશ્વતી ઓળીના આ દિવસોમાં આયંબિલ જેવું તપ કરી પરમ પદ પ્રાપ્ત કરીએ.

# દેવલાલીમાં સ્વ. શ્રી સી. યુ. શાહની પ્રતિમાનું અનાવરણ



દેવભૂમિ દેવલાલીના શ્રી સી.યુ.શાહ સેનેટોરિયમના પ્રાંગણમાં એ દિલેર દાતાની અર્ધપ્રતિમાનું અનાવરણ કરવાનો મંગલ અવસર ૨૦મી માર્ચ ૨૦૨૨ના સવારે યોજાયો હતો.

જીવનભર શિક્ષણ અને સ્વાસ્થ્યના ક્ષેત્રે પોતાની સંપત્તિની અજસ્ત્ર ધારા વહાવનાર દિવંગત પ્રમુખની સ્મૃતિમાં રચાયેલા આ નયનરમ્ય સેનેટોરિયમમાં સી.યુ.શાહની પ્રતિમા મૂકવાની મીનળબેનની ઝંખના સાકાર થઈ રહી હતી. પિતાના પગલે પગલે ચાલતી પુત્રી મીનળબેનના હૈયે જેટલો હર્ષ હતો તેટલો જ ઉત્સાહ ઝા. સભાના સભ્યોનો હતો.

આ પાવન પ્રસંગે શ્રી રાજસોભાગ સત્સંગ મંડળના આદરણીય પૂજ્ય ભાઈશ્રી નલિનભાઈ કોઠારીની નિશ્રામાં મીનળબેન, રોહિતભાઈ, વિક્રમભાઈ, ઝાલાવાડી સભાના ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બર્સ અગ્રણી સમાજરત્ન શ્રી ચીનુભાઈ અને સાથીદારો તેમ જ મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્વાધ્યાય શિબિર માટે આગલે દિવસે જ પધારેલા સર્વે અતિથિઓનું સર્વશ્રી પ્રવીણભાઈ, પંકજભાઈ, અશોકભાઈ, અતુલભાઈ તથા સંધ્યાબેને ઢોલનગારા સમેત ઉષ્માભર્યું સ્વાગત કર્યું. પૂ. ભાઈશ્રીની નિશ્રામાં સ્વાધ્યાય શિબિર, હોળીનો પરમ ઉલ્લાસ તથા ભજન સંધ્યામાં ભક્તિસભર માહોલ રચાયો હતો.

રવિવારે સવારે દેવલાલી સેનેટોરિયમનું રંગોળીથી સજાવેલું પ્રાંગણ સહુના ઉત્સાહની સાક્ષી પૂરતું હતું. ફૂલોના પરિવેશમાં ઢંકાયેલી પ્રતિમાના અનાવરણની પળે પૂ. ભાઈશ્રીએ નવકારમંત્રનું ઉચ્ચારણ કર્યું અને આ મંગલ ધ્વનિની સાથે જ પૂ. ભાઈશ્રી તથા મીનળબેને આ પ્રતિમાનું અનાવરણ કર્યું. ગ્રેનાઈટથી બનેલી આ પ્રતિમાને આકર્ષક પેડસ્ટલ પર સજાવી હતી. બન્ને બાજુ રંગબેરંગી રોશનીના ફુવારા તથા ફૂલોની સજાવટ કરવામાં આવી હતી. પૂ. ભાઈશ્રી તથા મીનળબેન-રોહિતભાઈ પ્રતિમાને હાર પહેરાવ્યો. સર્વે ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોએ પુષ્પપાંખડીઓ અર્પણ કરી. સમાજનું એક વિરલ વ્યક્તિત્વ સાક્ષાત આ અહોભાવનું સાક્ષી બન્યું હતું. સી.યુ. શાહની પ્રતિમાની સન્મુખ પૂ. ભાઈશ્રી, મીનળબેન તથા પ્રવીણભાઈએ. દીપ પ્રાગટ્ય કર્યું વિક્રમભાઈએ ઘેરા-ભાવસભર કંઠે સ્તુતિગાન કર્યું. સૌ ઉપાશ્રયના ખંડમાં વિરાજ્યા.

ઝાલાવાડી પત્રિકાના તંત્રી સંધ્યાબેન શાહે ઝાલાવાડી સભાના કાર્યોની ઝલક આપી. સી.યુ.શાહના વ્યક્તિત્વની પોતાને થયેલી વૈયક્તિક અનુભૂતિની વાત કરી. સુરેન્દ્રનગરના સૂકા પંથકનો સી.યુ. શાહે શિક્ષણનું અને આરોગ્યનું ધામ બનાવી ત્યાંના લોકોની જિંદગીને કેટલી ખુશહાલ કરી દીધી તેનું સ્મરણ કર્યું. આધ્યાત્મિક શિબિરની સાથે યોજાયેલા આ પાવન પ્રસંગે સી.યુ.શાહનો આત્મા ચોક્કસ પુલકિત થતો હશે એવી ખુશાલી પ્રગટ કરી.

ઉપસ્થિત મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈએ. આમંત્રિતોને આવકાર આપી તેમણે કમિટીના સભ્યો, તેમનાં કાર્યો અને તેમના જીવનસાથીનો પરિચય કરાવ્યો. એક દાતા તથા Philanthropist તરીકે સી.યુ.શાહનો આગવો પરિચય આપતા તેમણે જણાવ્યું કે સી.યુ.શાહે હંમેશાં ખૂબ વિચારીને દાન આપ્યું છે. વોરન બફેટની જેમ ૯૦ વર્ષ સુધી સાદગીસભર જીવન જીવીને તેઓ પોતાની સઘળી સંપત્તિ સમાજને અર્પણ કરી ગયા. દાન આપીને

જીતી ગયા. તેમણે પોતાના દાનની ક્યારેય જાહેરાત નથી કરી. સામાન્ય રીતે શ્રીમંતોની આસપાસ અનેક લોકો ઘેરાયેલા રહેતા હોય છે. સી.યુ.શાહે આવા ખુશામતખોરોથી પોતાની જાતને સદાય અલિપ્ત રાખી હતી. 'યોગ: કર્મસુ કૌશલમ્' આ વિધાનને તેમણે ખરા અર્થમાં આત્મસાત્ કર્યુ હતું. સુરેન્દ્રનગરમાં મેડિકલ કૉલેજ કરવાનું તેમણે નિરધાર્યું હતું. સતત પંદર વર્ષ સુધી તેઓ મથ્યા ને આખરે તે મેળવીને જંપ્યા. તેઓ સાચા અર્થમાં નેતૃત્વના ગુણો ધરાવતા હતા. અનેક લોકોને તેમણે તૈયાર કર્યા હતા. સી.યુ. શાહના વ્યક્તિત્વને અનોખા અંદાજમાં રજૂ કરતા પ્રવીણભાઈએ પુત્રી મીનળબેનને બિરદાવતા કહ્યું હતું કે પિતાના પગલે ચાલતી આ પુત્રી બન્ને હાથો વડે સંપત્તિનું દાન કરી રહી છે.

પ્રવીણભાઈના પ્રવચન પછી પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારીનું મહેન્દ્રભાઈ તુરખિયા તથા મહેશભાઈ વોરાએ શાલ ઓઢાડી-મોતીની માળા પહેરાવી સન્માન કર્યુ. મીનળબેનનું સન્માન શ્રી પંકજભાઈ, મનિષાબેન તથા સંધ્યાબેને કર્યું સુરેન્દ્રનગર સેનેટોરિયમનો મોમેન્ટો, શાલ તથા હાર અર્પણ કર્યા. શ્રી રોહિતભાઈનું સન્માન શ્રી પ્રવીણભાઈએ કર્યું. આ પ્રસંગે સુરેન્દ્રનગર સેનેટોરિયમના સર્જનમાં યશસ્વી કાર્ય કરનાર મંત્રીશ્રી અતુલભાઈ તથા આરતીબેનનું સન્માન મીનળબેન દ્વારા કરવામાં આવ્યું.

મીનળબેને આ પ્રસંગે પોતાની પ્રસન્નતા પ્રગટ કરતા ઝાલાવાડી સભા અને સભ્યોનો આભાર માન્યો હતો. દેવલાલીની આ પવિત્ર ભૂમિ, શ્રીમદ્ રાજચંદ્ર અને પૂ. કાનજીસ્વામીના ભક્તોની આ ભૂમિ પરત્વે પોતાની આસ્થા વ્યક્ત કરી. અપાર ઐશ્વર્યની સ્વામિની હોવા છતાં સાધકની દૃષ્ટિએ સાચા સુખની વ્યાખ્યા તેમણે સમજાવી. જૈન ધર્મ માનવનો મહામુલો અવતાર અને જ્ઞાની ભગવંતોના ઉપદેશની મહત્તા દર્શાવી હતી. પૂજ્ય ભાઈશ્રી તથા પ્રીતિસુધાજી મ.સ. આદિ ઠા. ૩ પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરી હતી.

વિક્રમભાઈએ આ સમગ્ર પરિસરના સૌંદર્યની-સ્વચ્છતાની, સજાવટની અને આયોજનની સરાહના કરી મીનળબેન અને રોહિતભાઈના સંયમ, સમર્પણ અને સેવાને બિરદાવી હતી.

પૂજ્ય મહાસતીજી પ્રીતિસુધાજીએ પૂ. ભાઈશ્રીના તત્વજ્ઞાનના માર્ગદર્શનની ઉપકૃતતા દર્શાવી મીનળબેનનાં કાર્યોની તેમની સેવાની પ્રશસ્તિ કરી હતી.

પૂજ્ય ભાઈશ્રીએ તેમના પ્રવચનમાં અનેક મહાનુભાવોના સમાજલક્ષી કાર્યોના દૃષ્ટાંત વર્ણવી શ્રી સી.યુ.શાહના જીવનને મૂલવ્યું હતું. ઉપસ્થિત આમંત્રિત મહેમાનો, મુમુક્ષુઓ તથા ઝાલાવાડી સભાની કાર્યવાહક સમિતિના સભ્યોને જીવનની સાર્થકતાનો સંદેશ આપી આશીર્વાદ આપ્યા હતા.

ટ્રસ્ટી, મંત્રી શ્રી પંકજભાઈ સંઘવીએ નાનકડા અવસરને મંગલમય બનાવવા ઉપસ્થિત રહેલા પૂ. ભાઈશ્રી, મીનળબેન, રોહિતભાઈ, આમંત્રિત આદરણીય મહેમાનોનો, ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોનો આભાર માન્યો હતો. દેવલાલી સેનેટોરિયમના સ્ટાફનો, કાર્યક્રમમાં સહભાગી બનેલા સહુનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

મિષ્ટ ભોજનને અંતે સહુએ મુંબઈ તરફ પ્રસ્થાન કર્યું.

આ પ્રસંગે ટ્રસ્ટીઓમાં સર્વશ્રી પ્રવીણભાઈ, મહેન્દ્રભાઈ તુરખિયા, મહેશભાઈ વોરા, પંકજભાઈ, મનિષાબેન કમિટી મેમ્બર્સ અતુલ-ભાઈ, અનિલભાઈ, અશોકભાઈ, સંધ્યાબેન, દિલીપભાઈ, મુકેશભાઈ, વિજયભાઈ તથા નિરવ-ભાઈની સાથે કિર્તીભાઈ અજમેરાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**સંધ્યા શાહ**

## બહુ પુણ્ય કેરા પુંજથી

બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો, આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો? ...૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું એ તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહિ અહો હો! એક પળ તમને હવો!! ...૨

નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન, જેથી જંજીરેથી નીકળે;
પર વસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાતદુ:ખ તે સુખ નહીં. ...૩

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્વ અનુભવ્યાં. ...૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો હ્રીં જેણે અનુભવ્યું;
રે આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમ દૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ...૫

## વિશ્વ પુસ્તક દિને....



# આઇસલૅન્ડની પ્રજાનો વાંચનશોખ

ઉત્તર-પશ્ચિમ યુરોપમાં ઉત્તરી એટલાંટિકના દ્વીપ પર વસેલા દેશ આઈસલેન્ડ અનેક રીતે વિશિષ્ટ છે. ૨૦૦૯ ના વરસમાં આ ટચૂકડા દેશની વસતી લગભગ ત્રણ લાખની આજુબાજુ હતી. માછીમારી એમની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ છે. હિન્દીના સુપ્રસિદ્ધ સર્જક નિર્મલ વર્મા ચેકોસ્લોવેકિયામાં હતા ત્યારે આઈસલેન્ડ ગયા હતા. એમણે તે પ્રવાસને આલેખતો નિબંધ 'સફેદ રાતે ઔર હવા' લખ્યો છે. એમણે કહ્યું છે તેમ 'જે દેશ આસપાસની દુનિયાથી અલગ માત્ર સમુદ્ર, ગ્લેશિયર અને જ્વાળામુખી પર્વતોથી ઘેરાયેલો હોય તે દેશના વેરાન વાતાવરણ અને ખામોશીની અસર ત્યાંના રહેવાસીઓના મનમાં ક્યાંક છુપાયેલી જોવા મળે તેમાં નવાઈ નથી.'

આઈસલેન્ડના લોકોને વાંચનમાં ખૂબ રસ છે. નિર્મલજી આઈસલેન્ડ પહોંચતાં પહેલાં ડેન્માર્કના પાટનગર કોપનહેગમાં રોકાયા હતા. ત્યાં એમણે એક પબમાં આઈસલેન્ડી શરાબની વિચિત્ર બોટલ જોઈ. બોટલનો આકાર પુસ્તક જેવો હતો. એના પર લેબલ માર્યું હતું 'સ્પિરિટ ઑફ આઈસલેન્ડ'. નિર્મલજી કહે છે કે આઈસલૅન્ડના આત્માનું આનાથી વધારે યોગ્ય પ્રતીક મળવું કદાચ અસંભવ છે. આઈસલૅન્ડની પ્રજા 'લખેલા શબ્દ' પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે. એમનો પુસ્તકો અને સાહિત્ય માટેનો લગાવ કેવળ બુદ્ધિજીવીઓ પૂરતો જ સીમિત નથી. નિર્મલજીના નિરીક્ષણ પ્રમાણે 'આપણા દેશનાં યુવક-યુવતીઓ ફિલ્મી કળાકારોની જિંદગીમાં રસ ધરાવે છે' તેમ આઈસલૅન્ડના માછીમારોથી માંડીને ઈન્જિનિયર સુધીના લોકો એમના દેશના લેખકો અને કવિઓ વિશે બધું જાણતા હોય છે.

આઈસલૅન્ડના 'સાગા' - ગાથા અથવા ગદ્યમાં નિરૂપાયેલી કથાઓ - એમના મહાન ગ્રંથો છે. આ ગાથાઓમાં નવમીથી અગિયારમી સદીના આરંભ સુધીના સમયગાળા દરમિયાન આઈસલૅન્ડમાં વસવાટ કરવા આવેલી માનવજાતિઓના ઈતિહાસ, સંઘર્ષ અને પારિવારિક માહિતીઓનું કથાત્મક વર્ણન કરવામાં આવ્યું છે. ગાથાઓના લેખકોનાં નામ અજ્ઞાત છે. આઈસલૅન્ડની પ્રજાની સંસ્કૃતિ અને વાંચશોખના મૂળમાં આ ગાથાઓ છે. સ્થાનિક લોકો શિયાળાની લાંબી રાતોમાં સાથે મળીને સાગાઓનું પઠન કરે છે અને સાંભળે છે. જૂના સમયમાં કોઈને ઘેર મહેમાન આવતા ત્યારે સાગાનો પાઠ અતિથિસત્કારનું મુખ્ય અંગ માનવામાં આવતું. ખાવા-પીવાની વિધિ પૂરી થાય પછી યજમાન મહેમાનને આદરપૂર્વક પોતાના ઘરની લાઈબ્રેરીમાં લઈ જતો અને વિનમ્રભાવે પૂછતો - તમે કઈ સાગા સાંભળવાનું પસંદ કરશો ? એક સમયે સાગા-પાઠ લોકોના મનોરંજનનું મહત્ત્વનું માધ્યમ હતું. નિર્મલ વર્માએ માનવવસતીથી દૂર લગભગ એકાન્ત જગ્યામાં રહેતા સાધારણ વૃદ્ધ ખેડૂતના ઘરમાં જોવા મળેલા પુસ્તકોની વાત કહી છે. એનો પહેલો કમરો પુસ્તકોથી ઠસોઠસ ભર્યો હતો. એ રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ'નો આઈસલેન્ડી ભાષામાં થયેલા અનુવાદનું



પુસ્તક મિત્ર છે,
આપણા એકાંતનું
તે વડીલ છે, સંસ્કારનું
તે ભવિષ્ય છે આપના બાળકનું
પુસ્તક અંધકારમાં દીવો લઈને
ઊભું હોય છે અજવાળું પાથરવા
જીવનમાં જ્યારે ભૂલા પડો ત્યારે
તેના વાક્યો ને પંક્તિઓ
તમને રસ્તો બતાવે છે
જ્યારે શ્રદ્ધા ડગી જાય
મન થાકી જાય, હૈયું હારી
જાય ત્યારે નિર્જિવ
લાગતાં પુસ્તકનાં પાનાઓ
તમારામાં પ્રાણ પૂરે છે
પુસ્તક દીવાદાંડી છે
પુસ્તક બહાર અને
ભીતર જોડાતો સેતુ છે

રાજેશ વ્યાસ

પુસ્તક હતું.

નાતાલના બે મહિના પહેલાં આઈસલૅન્ડમાં પુસ્તકોનું અકલ્પ્ય વેચાણ થાય છે. આ સમય દરમિયાન આઈલૅન્ડના પુસ્તપ્રકાશકો વધારેમાં વધારે પુસ્તકો પ્રકાશિત કરે છે અને 'ક્રિસમસ બુક ફ્લડ' - પુસ્તકોના પૂર - જેવું વાતાવરણ ઊભું થાય છે. દેશની વસતીના પ્રમાણમાં આઈસલૅન્ડમાં દુનિયાના કોઈ પણ ભાગની સરખામણીમાં સૌથી વધારે પુસ્તકો પ્રકાશિત થાય છે. કહેવાય છે કે ત્યાંના પુસ્તકપ્રકાશકોને વરસ દરમિયાન થતી આવકનો એંસી ટકા જેટલો ભાગ નાતાલ પહેલાંના બે મહિના દરમિયાન ઊમટતા 'પુસ્તક પૂર'માંથી મળી જાય છે. આઈસલૅન્ડની લગભગ દરેક વ્યક્તિ નાતાલની ભેટ તરીકે પુસ્તકો પર પસંદગી ઉતારે છે. અખબારો અને સમૂહમાધ્યમોમાં દિવસો સુધી નવાં પુસ્તકો પર ચર્ચા થાય છે, મુલાકાતોનો દોર ચાલે છે. લોકો એમણે વાંચેલા પુસ્તકોની દિવસો સુધી હોંશભેર વાતો કરતા રહે છે.

અભ્યાસીઓ આઈસલૅન્ડની પ્રજાના વાંચનશોખને એમની ગાથા પરંપરા સાથે જોડે છે. એક અભ્યાસીએ કહ્યું છે કે આઈસલૅન્ડની પ્રજાએ ભૂતકાળમાં અનુભવેલી રાજકીય તકલીફો અને કુદરતી વિપત્તિઓનો હિંમતપૂર્વક સામનો કરવામાં એમની 'સાગા પરંપરા'એ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સાગાઓના વાંચન અને સામૂહિક શ્રવણથી પ્રજાનું મનોબળ ટકી રહ્યું હતું. ક્યારેક સામૂહિક શ્રવમ માટે ભેગા થયેલા લોકોમાંથી એક જણ કથાકાવ્યની એક પંક્તિ રચે અને બીજા લોકો આગળની પંક્તિ ઉમેરે. સાહિત્યની વાંચનથી આઈસલૅન્ડની પ્રજામાં એકત્વની ભાવના વિકસી છે. આ પરંપરાથી ઘડાયેલી પ્રજાનો વાંચનશોખ નવી પેઢીમાં પણ ઊતર્યો છે. એમાંથી જ પુસ્તકવાંચનનાં પૂર ઊમટ્યાં છે. ઘણા સ્થાનિક લેખકોને સરકાર પગાર પણ આપે છે.

આઈસલૅન્ડના દર દસ માણસમાંથી એક માણસ પુસ્તકપ્રકાશનના વ્યવસાયમાં પડેલો છે.

આપણે પુસ્તક વાંચીએ છીએ ત્યારે ક્યારેય એકલા હોતા નથી. સાહિત્ય-સર્જકના શબ્દો આપણી સાથે હોય છે. કોઈએ કહ્યું છે કે વાંચનનો શોખ ધરાવતી વ્યક્તિ હજાર જિંદગી જીવે છે, જ્યારે વાંચવામાં રસ ધરાવતી ન હોય તે વ્યક્તિ માત્ર એક જ જીવન જીવી શકે છે. દરેક સારું પુસ્તક એના વાચક માટે નવો દરવાજો ખોલે છે, જેમાંથી જુદા જ પ્રકારનું અજવાળું આપણા જીવનનો અંધકાર દૂર કરે છે. ઈંગ્લૅન્ડના લેખક જી. કે. ચેસ્ટરટન બહુ સારી વાત કરે છેઃ 'પુસ્તક વાંચવા માટે આતુર વાચક અને માત્ર થાક ઉતારવા કે સમય પસાર કરવા વાંચતા લોકો વચ્ચે બહુ મોટો તફાવત રહેલો છે.' પુસ્તકો સમય પસાર કરવાનું સાધન નથી, તે આપણાં માર્ગદર્શક છે.

**વીનેશ અંતાણી**



મહાભારતનો આ પ્રસંગ છે.

ગુરુ દ્રોણાચાર્યના નામથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. તેઓ સ્વભાવે બ્રાહ્મણ હતા.

એક દિવસ તેમના દિલમાં ગાય મેળવવાની ઈચ્છા જન્મી, તેમના દિલમાં થયું કે રાજા પાસે જઈને માગી લાવું.

તેઓ રાજા પાસે પહોંચ્યા. તેમનો સ્વભાવ ચૂક્યા; કારણ કે, બ્રાહ્મણે તો જે કંઈ સહજ રીતે આવી મળે તે વડે જ જીવન ગુજારવું જોઈએ.

રાજા દ્રુપદ વિચારક હતા. તેમને થયું : બ્રાહ્મણ થઈને આચાર્ય દ્રોણ માગવા કેમ આવ્યા ? તેમને લાગ્યું કે તે ધર્મ ચૂકે છે એથી તેમનું તેજ ઘટશે, અને એનું નિમિત્ત હું બનીશ; એટલે તેમણે દ્રોણાચાર્યને ગાય ન આપી.

દ્રોણને આથી ખૂબ રીસ ચડી. ઘેર આવ્યા પછી સંકલ્પ કર્યો કે આનું વેર લઉં ત્યારે જ બ્રાહ્મણ સાચો !

દિવસો જવા લાગ્યા. તેમણે પાંડવોને વિદ્યા આપવા માંડી. પણ એની પાછળ પણ પેલો ક્રોધ જ પડેલો હતો, એટલે પાંડવો જ્યારે ભણીગણીને પારંગત થયા ત્યારે દક્ષિણામાં પણ દ્રુપદને પકડી લાવવાની માગણી કરી.

વેર આટલાથી પણ ન અટક્યું.

કુરુક્ષેત્રમાં પોતાનો પુત્ર હણાયો ત્યારે નિરાશ બની તેમણે હથિયાર હેઠાં મૂકી દીધાં, અને અર્જુનનો પુત્ર અભિમન્યુ જ્યારે હણાયો ત્યારે બમણા જોરથી લડ્યા. મતલબ કે સમત્વ ગુમાવી દીધું. એટલું જ નહિ, 'અર્થસ્ય દાસઃ' બનીને અન્યાયના પક્ષમાં રહીને ન્યાયની સામે લડ્યા. માણસ સ્વભાવથી સહેજ વેગળો જાય છે અને સમત્વ ખોવે છે ત્યારે કેટલું ભયંકર પરિણામ આવે તે તેનો આ તાદૃશ નમૂનો છે.

**- રવિશંકર મહારાજ**



# વચન પૂરું કરું છું

**વર્ષા અડાલજા**

- વિનાયક ક્યાં છે ?

બન્ને હાથની હથેળી જોરજોરથી ઘસતાં ઈન્સ્પેક્ટર રાઠોડે સૂચવતા અવાજે પૂછ્યું.

સાડલો સંકોરી, રમા કોચલું વળીને બેસી રહી. જંગલી જાનવર ભક્ષ્યને ચૂંથી નાખે એમ પોલીસે ઝનૂનથી ઘરને તાર તાર ફેંદી નાખ્યું હતું, છતાં હજી ખસતી હતી. ઈન્સ્પેક્ટર વારંવાર એને અને તરુણ, અવનિને પૂછતો હતો.

- વિનાયક ક્યાં છે ? ઘરમાં શું શું છુપાવ્યું છે ? ભસી દે. નહીં તો આનું પરિણામ સારું નહીં આવે. રમા ફાટી આંખે જોઈ રહી હતી. ફાડેલાં ગાદલાંમાંથી રૂ નીકળી પડ્યું હતું. કબાટનાં કપડાં વેરણછેરણ હતાં. સોફાનાં કવર ચિરાયેલાં હતાં. રસોડામાં પગ મૂકવાની જગ્યા નહોતી. અનાજ, વાસણો બધું રમણભમણ. દાગીના, ચાંદીનાં વાસણો બધું સીલ કરી રાઠોડે કબજે કરી લીધું હતું.

તરુણ તરફ અચાનક ઘૂમીને એકદમ ધીમા લિસ્સા અવાજે પૂછ્યું,

- તને પણ ખબર નથી તારો બાપ શું કરે છે, એનો ધંધો શું છે, એની સાથે કોણ કામ કરે છે...

તરુણે ગભરાટમાં જોરથી ડોકું ધુણાવ્યું. શિંદે મોટેથી હસી પડ્યો.

- અરે ભઈ, તું તારા બાપના ધંધાનો વારસદાર છે અને તને ખબર નથી ?

એક પોલીસે એની નોટબુક -ચોપડીઓ ઉઘડાવતાં કહ્યું,

- ગમે તેમ તોય સાપનું બચ્ચું.

શિંદે લાકડીથી દીવાલો - છત ઠોકી ઠોકીને કાન માંડતો હતો.

- આમાં શું શું સંતાડ્યું છે બોલ.

ધડામ્ દઈને ટેબલલૅમ્પ પડી ગયો. કાચની ઝીણી ઝીણી કરચો રમાનાં રૂંવેરૂંવામાં ઘૂસી ગઈ.

છુપાવવાનું શું હતું ? છેક ઉઘાડી વાત હતી. ગુજરાતના તળ ગામડાના, ગરીબ ગોરપદું કરતા બ્રાહ્મણ ગિરજાશંકર જોષીનો દીકરો વિનાયક. પિતા ખૂબ સાત્ત્વિક, અયાચક, માગવાનું નહીં. લોકો આપે તે જ લે. સંસ્કૃતના વિદ્વાન. પણ હવે કોને સંસ્કૃતની, વિદ્યાની પડી હતી ! કથાવાર્તાનાં સીધુંસામાનથી સંસાર ચલાવ્યો, એકના એક દીકરાને યજમાનોએ ભણાવ્યો. દીકરોય હોશિયાર. બાજુના શહેરમાં ભણ્યો, પણ વેકેશનમાં આવે ત્યારે બાપુની સાથે ગીતાપાઠ કરે. બાપુ ગાયત્રીમાના ઉપાસક. પુત્ર વિનાયક પણ. ગાયત્રી યજ્ઞનું અનુષ્ઠાન કરે, સવારે ગાયત્રીમંત્ર બોલ્યા વિના મોંમાં કંઈ ન નાખે. એ જ ગામના ગરીબ બ્રાહ્મણ કુટુંબની દીકરી રમાને પરણ્યો. બાપુએ વિદાય આપતાં કહ્યું,

- બેટા... મેં તો જેમતેમ આયખું પૂરું કર્યું. લોકોને વિદ્યામાં નહીં, માત્ર વિધિવિધાન અને અંધશ્રદ્ધામાં રસ છે. પોપટપાઠની જેમ મીરાં, નરસીનાં ભજન ગાવાં છે, પણ ખરા વૈષ્ણવજન કોને થવું છે ? બેટા મારું તર્પણ કરે તો આટલું કરજે સત્યની, સૂર્યની ઉપાસના સદા કરજે. મા ગાયત્રી તમારા બન્નેની રક્ષા કરે. એણે ગોખમાં દીવો કર્યો હતો, બન્ને પગે લાગ્યાં હતાં. સવારની ટ્રેન હતી. ભળભાંખળું થતું હતું, ગાયત્રીમંત્ર બન્ને સાથે બોલ્યાં હતાં અને...

- રમાબાઈ. ક્યારની મૂંગીબહેરીની જેમ બેઠી છે, બોલતી નથી. પણ આંધળી તો નથીને ! તારો વર ગુંડો છે, મવાલી છે, મન્યાકી ગેંગનો ખાસ આદમી છે અને તું એની બૈરી એમ કહે છે તને કંઈ ખબર નથી ?

રમા હાથ જોડતાં રડી પડી.

- સાહેબ. સાચું કહું છું. મને કાંઈ ખબર નથી.

અવનિ ક્યારની રડી રહી હતી. તરુણ સ્તબ્ધ હતો. સોફાના ખૂણામાં ચીપકી ગયો હતો. પપ્પા મન્યાની ગેંગના માણસ હતા ! એના વિષે તો કેટલું છાપામાં આવતું હતું. એણે ગોઠણમાં માથું ખોસી દીધું. શિંદે રમાની સામે ખુરશી ખસેડી બેસી ગયો.

- તુમ કુછ નહીં જાનતી ? ઠીક છે. ઘરમાં આટલી ઈમ્પોર્ટેડ ચીજ છે, ફર્નિચર, કપડાં, ઈલેક્ટ્રોનિક્સ, આ તારા દીકરા વરુણનો મોબાઈલ જો, કમસે કમ ચાલીસ પચાસહજારનો હશે. અને તમને કોઈ દિવસ ડાઉટ જ ન પડ્યો કે વિનાયક એક નંબરનો બદમાશ...

- ભાઈ બોલોને સર.

-છોડો સર. ઘરવાલોંકો પૈસે સે મતલબ. કીધરસે માલ આતા હૈ વો ક્યું જાનને કા ? ખાલીપીલી ટેન્શન.

રમાને ચીસો પાડી પાડીને કહેવાનું મન

થયું. ના, ના, એનો પતિ એવો નથી. ભયંકર આરોપ છે આ. આ નિર્મમ શહેરમાં બન્નેએ કાળી મજૂરી કરી છે. સખત સંઘર્ષ કર્યો છે. અરે સાહેબ, દિવસે સામાન્ય નોકરી અને રાત્રે ટેક્સી ચલાવી છે વિનાયકે. સાડીને ફોલ મૂકીને એના હાથમાં આંટણ પડી ગયાં છે. નાનકડી મૂડીથી શરૂ કરેલો વેપાર આજે એક્સપોર્ટ-ઈમ્પોર્ટનો મોટો બિઝનેસ બન્યો છે એની પાછળ બાપુજીનાં આશીર્વાદ, મા ગાયત્રીની કૃપા હતી. કશીક ભયંકર ગેરસમજ થઈ છે. વિનાયક બહારગામ છે. આવીને કહેશે એટલે...

- તમે લોકો કહો કે તમને ખબર નથી અને હું માની લઉં ? પોલીસ બેવકૂફ છે ? વિનાયકે બબ્બે ખૂન કર્યાં છે. હેરાફેરીનો ધંધો. અરે પેલા હીરાવાળા મિ. મહેતાનું કિડનેપિંગ કોણે કર્યું હતું ? ફિલ્મ-ઈન્ડસ્ટ્રીનું અન્ડરવર્લ્ડ સાથે કનેક્શન, એમાં તારો વર કોન્ટેકમેન છે એનીયે તમને લોકોને ખબર નથી કેમ !

તરુણ અને અવનિ સામે જોતાં શિંદે અવાજ વગરનું હસ્યો. શરીર પર સાપ આવીને પડ્યો હોય એવો લિસ્સી ચામડીનો સરકતો, ભય ડંખ્યો હોય એમ ભાઈબહેન થીજી ગયાં હતાં.

- બાપની કમાઈ ઉડાડવા મળે છેને ! કીધરસે લાતા હૈ ખુદા જાને. વિનાયકની બેઠક 'અનારકલી' ડાન્સિંગ બાર છે. દારૂ, બિયર, છોકરીઓ... તું તો જતો જ હશેને ! બોલ તને કેટલી ખબર છે ? તું કોને કોને ઓળખે છે ?

રમા કરગરી પડી.

- સાહેબ. મારાં બાળકોને કંઈ ખબર નથી. એમને તમે...

ઈન્સ્પેક્ટર રાઠોડ ખડખડાટ હસી પડ્યો.

- રમાબાઈ. બહોત ખૂબ. આ બાળક છે ? અરે આવા કુમળા કુમળા છોકરાઓને તો વિનાયક પકડી લાવે છે ધંધામાં.

તરુણે માંડ હિંમત ભેગી કરી.

- સર હું... હું... સ્ટડી કરું છું. હું જાણતો નથી.

- હા. મોંઘો મોબાઈલ ખિસ્સામાં છે, લેટેસ્ટ બાઈક પર રખડે છે, કૉલેજની કેન્ટીનમાં પાંચસોની નોટ રોજ ઉડાવે છે અને બિચ્ચારા બાપડાને ખબર નથી. એક થપ્પડ પડશે ત્યાં હીરોગીરી બધી નીકળી જશે. ને એય... અવનિ જ તારું નામને ! ખબર છે તારી માને કોની સાથે તારું ચક્કર ચાલે છે ?

ખાસ્સીવારે ઈન્સ્પેક્ટર શિંદે ગયો. રમા લાકડાના ટુકડાની જેમ નિર્જીવ બેસી રહી. અવનિ માંડ રડતી ચૂપ રહી હતી. તરુણ રમા પાસે આવ્યો.

- મમ્મી. તું ચિંતા નહીં કરતી. એક વાર પપ્પાને આવી જવા દે, બધું ઠીક થઈ જશે.

અવનિ રમા માટે પાણી લઈ આવી.

- મમ્મી... તને તો ખબર જ હશે કે પપ્પા... ભાઈ છે કે નહીં ! એ કહેતો હતો પપ્પા ખૂની છે. કિડનેપિંગ... એક્સ્ટોર્શન... ઓ માય ગોડ !

- અવનિ તારા પપ્પા માટે આવું વિચારે છે !

- પોલીસે ઘરની શી હાલત કરી છે જો ! ઉપરથી ઓર્ડર્સ હશે ત્યારે જને ! કેટલા વખતથી નજર રાખતા હશે. કેટલી બધી વાતની એને ખબર હતી !

તરુણે ગુસ્સાથી કહ્યું,

- પપ્પાને ફસાવવા માટે પોલીસવાળાની ચાલ હશે મમ્મી !

- પણ બેટા. તારા પપ્પાને શું કામ ફસાવે ? એમને શું મળે ?

- એ જ વાત છેને મમ્મી ! એ લોકોને કંઈ ન મળે એટલે જ આમ હેરાન કરે.

- કંઈ ન મળે એટલે ?

- સાચ્ચે જ તું ભોળી છે મમ્મી. કંઈ એટલે પૈસા. છાપામાં વાંચે છેને એવા હફતા બીજું શું ! પોલીસ રસ્તાના લારીવાળા, શાકવાળાને નથી છોડતી તો પપ્પાનો આટલો મોટો બિઝનેસ...

- એક મિનિટ તરુણ. ભોળી છું તોય એટલું તો સમજું છું કે કોઈ ગેરકાયદે કે ખોટું કામ કરો તો ચૂપ રાખવાના પૈસા આપવા પડે.

- મમ્મી...

- તો એનો અર્થ એ કે પોલીસ સાચું કહેતી હતી ખરું !

તરુણ અને અવનિએ વિખરાયેલી ચીજવસ્તુઓ સરખી કરવા માંડી.

- રહેવા દે મમ્મી. તને નહીં સમજાય. મને તો પપ્પાની ચિંતા થાય છે. પપ્પા બહારગામ ગયા છે, આવશે કે પોલીસ પૂછપરછ માટે લઈ જશે...

અવનિ બેસી પડી.

- ઓ માય ગોડ ! એટલે કે પપ્પાને ટોર્ચર...

રમા થથરી ગઈ. ચિંતા તો એને પણ હતી. છાતીમાં સણકા આવતા હતા, બધું ચક્કર ચક્કર ભમતું હતું. વિનાયક કદી આવું ન કરે. ન જ કરે. તો પછી...

આટલી બધી વખત બહારગામ જવું, ન ફોન ન કોઈ ખબર. શહેરમાં હોય ત્યારે પણ ગમે ત્યારે આવવું-જવું. એ પૂછતી, તમારી ઑફિસનો સમય આવો કેવો ? કોઈ ઠેકાણું જ નહીં ! એ જવાબ આપતો, મારું કામ જ એવું છે. બસ થોડાં વર્ષ કામ કરી લેવા દે પછી છોકરાંઓને ભણાવવા પરદેશ જ જતા રહીશું. કોઈ વાર ઢંગધડા વગરના ફોન. કીમતી ચીજવસ્તુઓની ખરીદી. રહેવા દો. બાળકોને બગાડો છો, એ કહેતી. એ કહેતો, ભલે બગડે. તું ચપ્પુથી સુધારી

લેજે. પછી ખડખડાટ હસીને એને બાથમાં લેવી... તરત ગંભીર થઈ ચૂપ થઈ જવું.

નાનામોટા, ચિત્રવિચિત્ર આકારના જીગઝો પઝલની રમતના ટુકડા મનોમન ગોઠવાતા હતા.

શિંદેનો છેલ્લો પ્રશ્ન.

- તું તારા પતિને ઓળખે છે ?

આખું ઘર ખેદાનમેદાન થઈ ગયું હતું. એક ભયાનક ધરતીકંપમાં એનું સર્વસ્વ ગારદ થઈ ગયું હતું. વિશ્વાસ અને શ્રદ્ધાથી બાંધેલી પ્રેમની ઈમારત તૂટી પડી હતી. એના કાટમાળ પર ઊભી રહીને એ પોતાને પૂછે છે, રમા, તું તારા પતિને ઓળખે છે ?

તરુણ અને અવનિ સામાન ગોઠવવાની કોશિશ કરી રહ્યાં હતાં. બારણાની ઘંટડી રણકી ઊઠી. અવનિ ડરીને તરુણની પાછળ ભરાઈ ગઈ. રમાએ તરત કહ્યું,

- બારણું નહીં ખોલતો તરુણ.

તરુણે આઈહોલમાંથી જોયું. એમના બિલ્ડિંગમાં રહેતા મિસિસ શેઠ હતાં. તરુણે બારણું ખોલ્યું, ફેશનેબલ વસ્ત્રોમાં ચમકદમક થતાં મિસિસ શેઠે ઉતાવળી નજર ફેરવી લઈ હસીને કહ્યું,

- મમ્મીને કહે બધું ઠીક થઈ જશે. રિલેક્સ. તારા પપ્પાને કંઈ થવાનું નથી, માર્ક માય વર્ડ્ઝ. મહારાજ ટિફિન આપી દો. તમે સવારથી કંઈ ખાધું નહીં હોય. કામ હોય તો કહેજો. ટેક કેર.

ટિફિન લઈ તરુણે બારણું બંધ કર્યું. અવનિએ બે પ્લેટ શોધી કાઢી લૂછીને મૂકી. ખાવાનું કાઢ્યું. પરાણે થોડું રમાને ખવડાવ્યું. ખૂબ મોડું થઈ ગયું હતું. ખૂબ થાક લાગ્યો હતો. આમતેમ સામાન ખસેડી સૌ સૂતાં પણ કોઈની આંખમાં ઊંઘ ન હતી. ટેલિફોનની ઘંટડી ઝીણી ઝીણી વાગતી હતી. ફોન ? ટિપાઈ નીચેથી તરુણે ફોન શોધી કાઢ્યો. આટલી મોડી રાત્રે કોનો ફોન હશે ? ગભરાતાં રિસિવર કાન પર મૂક્યું. તીણો કર્કશ અવાજ પૂછી રહ્યો હતો.

- હલ્લો તરુણ બોલતે ?

- ત...તમે કોણ ?

- વિનાયક્યા દોસ્ત. બાલુ.

- અંકલ. પપ્પા ક્યાં છે ? અહીં તો પોલીસ બધું તોડીફોડીને ગઈ છે. ધમકી આપી છે. પપ્પા...

- ગાભરુ નકા. વિનુકા બાલ બાંકા નહી ચ હોયગા. આતા વિનુકી પૂછપરછ ચલતી હૈ સમજા ! ઘરપે આ જાયેગા.

- પણ અંકલ...

- કાય અંકલ અંકલ કરતે ? હિંમત રખ્ખો બાદશાહ. સઘળા ઠીકઠાક. અબ મમ્મીકા, અવનિકા ધ્યાન રખ. બાય.

તરુણે ફોન મૂક્યો. રમાએ તરત પૂછ્યું.

- શું છે તરુણ ? કોનો ફોન હતો ? તારા પપ્પાના ખબર છે ?

- હા મમ્મી. પપ્પાના ફ્રેન્ડનો ફોન હતો. પપ્પાની પોલીસ પૂછપરછ કરે છે. એ કહે, પપ્પાનો વાળ વાંકો નથી થવાનો. ઘરે આવી જશે. ખુશ થતાં અવનિ રડી પડી.

આખી રાત સામાનના ઓળાઓ વચ્ચે રમા અલપઝલપ જાગતી પડી રહી. શું સાચું હતું ? શું ખોટું હતું ? એના પતિને ફસાવવામાં આવ્યો હતો કે પછી વિનાયક ખરેખર... ઠંડી ચડી ગઈ હોય એમ એ ધ્રૂજતી રહી. મન લોલકની જેમ લટકતું રહ્યું. ગાયત્રીમંત્રનો જાપ કરતાં આંખ મળી કે એ ઝબકીને ઊઠી ગઈ. પડદા ખેંચી કાઢેલી બારીના કાચમાંથી તડકો ડોકિયાં કરી રહ્યો હતો. ડોરબેલ વાગી. શરીર ઢસડતી માંડ ઊઠી, સામાન વચ્ચેથી બારણે પહોંચી બારણું ખોલ્યું. કાલે શિંદેએ ભગાડી મૂકેલી કામવાળી બાઈ આશા હતી. ઘરની દશા જોઈ હેરાન ખાઈ ગઈ. અંદર આવી, બારણું બંધ કરી એ તરત કામે વળગી.

- બાઈ હું છુંને ! બધોજ સામાન ગોઠવી દેવાશે અને ઘર પાછું ફટફટાક થઈ જશે. ગભરાતાં નહીં કાલ આખા બિલ્ડિંગમાં, પાછળ અમારી વસતીમાં તમારી જ વાતો હોં બાઈ ! મારી સાસુ તો કે' આશા, તું નસીબદાર. કોઈને ખબર નહીં, સાહેબ આટલા મોટા માણસ છે, હેં બાઈ ! મારા વરને દુબઈમાં નોકરી અપાવી દ્યોને ! સાહેબ ત્યાં એક ફોન કરશે કે મારું કામ થઈ જશે. બાઈ, બધા કે છે કે સોફામાં અંદર નકરું સોનું જ ભર્યું તું. મૂઆ પોલીસવાળા લઈ ગયા. જીવ બળીને બુંદ થઈ ગયો હશે કાં ?

અવનિ જાગી ગઈ.

- શટ અપ આશાબાઈ. ચા મૂકને.

આશા ખુશ થઈ ગઈ.

- મસાલો નાખી ફર્સ્ટ ક્લાસ બનાવું છું. હોં !

તરુણે બારણું ખોલી છાપું લીધું. પહેલે પાને વિનાયકની તસવીર અને ચીસો પાડતાં મથાળાં. પત્રકારોએ લાંબી લેખણે લખેલી સિલસિલાબંધ વિગતો. રમા, અવનિ, તરુણના ફોટાઓ... અંધારી આલમના ડોનનું કનેક્શનનું પગેરું વિનાયક યાને કે વિન્યા જોષી સુધી. મોબાઈલ પરની વાતચીતનો રેકોર્ડ પોલીસ પાસે છે. પોલીસ પાસે પૂરતા પુરાવા છે કે...

રમા વળ ખાઈ ગઈ. વિનાયક. વિન્યા જોષી અપરાધી હતો, ક્રૂર હતો, દેશદ્રોહી હતો. પગ ઘૂંટણમાંથી કપાઈ ગયા હોય એમ એ ઢગલો થઈ ગઈ. ટેલિફોનની ઘંટડી સતત રણકતી હતી. ટી.વી. ની બધી ચેનલ્સ પર સતત એ જ સમાચારો આવી રહ્યા હતા. તરુણ પાસે બેસી એને આશ્વાસન આપી રહ્યો હતો.

- પ્લીઝ મમ્મી. હિંમત રાખ. આમાંથી

કાંઈ ને કાંઈ રસ્તો નીકળશે જ. બસ હમણાં ઘરે આવી જશે.

બપોર સુધી એ ઊંઘમૂંઘ પડી હતી. તરુણ, અવનિ અને આશાબાઈએ ઘર લગભગ વ્યવસ્થિત કરી દીધું હતું. બપોર પછી વિનાયક ઘરે આવ્યો. તરુણ અને અવનિ વળગી પડ્યાં.

- પપ્પા, તમે ઑલરાઈટ છો ? હાશ તમારી એટલી ચિંતા થતી હતી. હમણાં જ ઘર માંડ ઠીક કર્યું. હાલત કરી નાખી હતી ! તમે જુઓ છોને કેટલું નુકસાન કર્યું છે ! મમ્મીને સમજાવોને ! જુઓ કેવી હાલત કરી છે !

- રમા. મારી ચિંતા ન કર. આપણને કશું જ થવાનું નથી. પોલીસ મને કાંઈ નહીં કરી શકે. થોડા દિવસમાં બધું રફેદફે થઈ જશે.

- જો સાંભળ મમ્મી. મેં પણ તને એ જ કહ્યુંને ! અને આ અવનિ. પપ્પા, એને કૉલેજમાં જતાં શરમ આવે છે, કહે છે હું નહીં જાઉં.

વિનાયકે એને માથે હાથ ફેરવ્યો.

- એવું તો હોતું હશે ! કોઈને કંઈ પડી નથી.

- એક્ઝેક્ટલી પપ્પા, મેં પણ એમ જ એને કહ્યું. મારી કૉલેજમાં પપ્પા, સંદીપ છે, સંદીપ ઝવેરી. એના પપ્પા...

- રિયલ જેમ્સવાળા કિશોર મહેતા. હીરાબજારમાં કેટલા કરોડનું કરી નાખ્યું અને ભાગી ગયા હતા...

- એ જ પપ્પા તમને ક્યાંથી ખબર ?

- પણ એનું શું ?

અવનિમાં થોડો ઉત્સાહ આવ્યો,

- પછી એનું કંઈ ન થયું. સંદીપ તો રોજ વટ મારતો કૉલેજમાં આવે. ઊલટાનો પ્રિન્સિપાલનો માનીતો છે. જ્યારે જોઈએ ત્યારે કૉલેજને ડોનેશન આપે છે. એવો વટ મારે છેને !

- અવનિ બેટા ! ફક્કડ ચા બનાવને ! રમા. આમ જોને ! સાંભળે છે મારી વાત ?

વિનાયકે પરાણે રમાને ઉઠાડી. લાંબી બીમારીમાંથી ઊઠી હોય એમ અશક્તિ લાગતી હતી. ભીંતને અઢેલી એ ચૂપચાપ બેસી રહી.

- રમા. આ છોકરાઓને ખબર ન હોય, તને તો ખબર છેને ! તું છાપાં વાંચે છે. બોફર્સ કેસનું શું થયું ? તોપો ધણધણી પણ દિલ્હીમાં લાલ કિલ્લાની એક કાંકરીય ખરી ? નહીંને ! આટલું શેરકૌભાંડ થયું. અસંખ્ય લોકો બરબાદ થઈ ગયા. તોય છાતી કાઢીને દલાલો ફરે છે ! ઊલટાનું લોકોએ એમનું સન્માન કર્યું, એમનાં લેક્ચર્સ, ઓટોગ્રાફ... જાણે મારા બેટા લડાઈ જીતીને આવ્યા હોય !

રમા જોતી હતી તરુણ-અવનિ પણ પતિ સાથે હસી રહ્યાં હતાં. ગળે ટૂંપો દીધો હોય એવી ગૂંગળામણ થતી હતી. એ વજનદાર હાથ હટી ગયા હોય એમ બધા મોકળાશ અનુભવતા હતા. માય ડિયર ડિયર પાપા, કહેતાં અવનિ વિનાયકને વળગી પડી.

- પપ્પા, મમ્મીની જ્વેલરી ગઈ અને અમારાં મોબાઈલ, લેપટોપ બધું લઈ ગયા.

- ભલે લઈ ગયા. ઓ.કે. લેપટોપમાંથી કોઈ માહિતી મળવાની નથી. તમને જોઈએ એવો લેટેસ્ટ મોબાઈલ લઈ લેજો. બસ !

- યુ આર ગ્રેટ પપ્પા. મમ્મી હવે તો કંઈ બોલ ! પહેલાંની વાત છોડ. હમણાંની વાત કરને ! બૉમ્બબ્લાસ્ટને કેટલાં વર્ષ થયાં ? ચાલે છેને હજી ઈન્કવાયરી ? બીજા દેશોમાં ફટાફટ ઈન્કવાયરી અને ફટાફટ ચુકાદો.

તરુણ અને અવનિ રમા પાસે ધૂમલો વળી બેસી ગયાં. વિનાયકે ધીમે અવાજે કહ્યું,

- મારી બધી તૈયારી છે. આ દેશ છોડીને કદાચ... ખબરદાર કોઈને ગંધ પણ આવી છે તો !

- જી પપ્પા.

તરુણ અને અવનિએ ખુશ થઈને થમ્સ અપની સંજ્ઞા કરી, પછી અવનિ રમાને ગળે વળગી પડી,

- મમ્મી, તું કંઈ બોલતી નથી. પપ્પાએ કહ્યુંને કંઈ થવાનું નથી.

વિનાયક બગાસું ખાતો ઊઠ્યો,

- થોડી વાર સૂઈ જાઉં. એ.સી. ચાલુ છેને કે પેલા હરામખોરોએ એ પણ...

વિનાયક બેડરૂમમાં ગયો. તરુણ-અવનિએ ફિલ્મનો પ્રોગ્રામ બનાવ્યો. રમા એકલી પડી. એણે બારી ખોલી. તરુણ-અવનિ બાઈક પર જઈ રહ્યાં હતાં. વૉચમેને સલામ કરી. તડકો ધખધખતો હતો. એમાંથી ઊડતા તણખાથી એ દાઝી. બારી બંધ કરી પણ બળતરા શમી નહીં.

બધાએ એને કહ્યું હતું કે ચિંતા નહીં કર. કંઈ થવાનું નથી.

કેવડી મોટી વાત બની હતી અને એણે ચિંતા કરવાની નહોતી ? ભયંકર અપરાધ કરવામાં કશું ખોટું નહોતું. ઢગલો પૈસા આવતા હતા. કાયદાનું રગશિયું ગાડું હતું. સમાજમાં ખાસ શરમ અનુભવવાની નહોતી. તો પછી શું કામ નહીં ? અને ઘરમાં સૌ કેટલા ખુશ હતા ? પૈસાથી, ચીજવસ્તુઓથી આબરૂઈજ્જત પણ ખરીદી શકાતાં હતાં. માત્ર સોદો કરતાં આવડવું જોઈએ.

શિંદેએ વારંવાર પ્રશ્ન પૂછ્યો હતો, રમાબાઈ, તારા પતિને તું ઓળખે છે ?

ના. આ પતિને એ નહોતી ઓળખતી. કેમ એને ખબર ન પડી ? આખો માણસ બદલાઈ ગયો તો પણ ખબર ન પડી ? એણે ઘરમાં ચારે તરફ નજર ફેરવી. અનીતિની

મબલક કમાણીથી ખરીદાયેલી કીમતી ચીજવસ્તુઓ. સામેના અરીસામાં એ પોતાને જોઈ રહી. હીરાની બુટ્ટી, ચમકતું મંગળસૂત્ર, વજનદાર બંગડીઓ, નાકમાં મોટો હીરો.

અવનિ ઘણી વાર હસતી,

- મમ્મી, તું ખરી જુનવાણી છે. ટી.વી. સિરિયલ સિવાય કોણ પહેરે છે આવાં મંગળસૂત્ર હવે ? તું એવી જ રહી ગામડાની ગોરાણી.

એ નાનકડા આરસના મંદિર સામે બેઠી. ગાયત્રીમાતાની છબીની આસપાસ અનેક દેવીદેવતાઓની નાનીમોટી મૂર્તિઓ હતી. મંદિરની બાજુમાં બા-બાપુજીની એક ઝાંખી તસવીર મઢાયેલી હતી. એમને પ્રણામ કરતાં એની આંખો છલોછલ ભરાઈ ગઈ.

- બાપુજી, ક્ષમા કરજો, તમારું તર્પણ કરી શકી નથી. તમે પાણી મુકાવ્યું હતું સત્ની, સૂર્યની ઉપાસના કરી મારું તર્પણ કરજે. આજે આપને આપેલું વચન પૂરું કરું છું.

રમાએ મંગળસૂત્ર, બંગડીઓ, ચૂંક કાઢી ગાયત્રી મા સામે મૂકી દીધાં. જમીન પર માથું અડાડી પ્રણામ કર્યા, માના કંકુનો ચાંદલો કર્યો અને ઊભી થઈ. આભૂષણોનું વજન ઊતરી જતાં જાણે હળવીફૂલ થઈ ગઈ. ઘરમાં છેલ્લી નજર કરી. અહીં એનું કશું નહોતું એટલે સાથે લઈ લેવાની જરૂર નહોતી.

બાપુજીની તસવીરની ખીંટી પરથી દોરીમાં બાંધેલી કટાઈ ગયેલી જૂની ચાવી લીધી. નાનકડા પાકીટમાં થોડા રૂપિયા અને ચાવી મૂકી, એ ઘરની બહાર નીકળી ગઈ.

❖❖❖



# પ્રતિબિંબ

કોઈક શાયરે કહ્યું છે.

*આઈના મેરા બહેતરીન*
*દોસ્ત રહા હૈ.*
*વહ કભી નહીં મુશ્કુરાતા*
*જબ મૈં રોતા હૂં.*

તમારું જીવન જ તમારું પ્રતિબિંબ છે. જીવનને તમે જે ઢંગથી જોશો તેવું જ જીવન તમારી સામે આવશે. આનંદિત બનશો તો જીવન આનંદિત બનીને સામે આવશે. નિરાશ રહેશો તો જીવન પણ હતાશાજનક બનીને જ સામે આવશે.

અંગ્રેજીમાં જાણીતું વાક્ય છે, IF YOU ARE SEARCHING FOR THE ONE PERSON WHO CAN CHANGE YOUR LIFE.. PLEASE LOOK IN TO THE MIRROR.

વાસ્તવમાં પ્રસન્નતા જીવનનું આભૂષણ છે. પ્રસન્નચિત્ત વ્યક્તિ નિષ્ફળતા મળે તોપણ નિરાશ થતી નથી કારણ કે તે હંમેશાં આશાવાદી હોય છે. આવી વ્યક્તિ હંમેશાં નિષ્ફળતામાંથી શીખવાની કોશિશ કરતી જોવા મળે છે.

નિષ્ફળતાથી નાસીપાસ થનાર વ્યક્તિ સૌથી પહેલાં નકારાત્મક વિચારોનો ભોગ બને છે અને ત્યારબાદ ડિપ્રેશનમાં સરી પડે છે. આવી વ્યક્તિ જો મનથી ધારે તો પોઝિટિવ વાંચન અને ચિંતન મારફતે આપબળે જ તેમાંથી બહાર નીકળી શકે છે. આખરે તો તમારા વિચારો જ તમારા જીવનનું ઘડતર કરે છે.

એક વાત હંમેશાં યાદ રાખવા જેવી છે કે પોતાના કામને પ્રેમ કરનાર વ્યક્તિ જ પ્રસન્નચિત્ત રહી શકે છે. અમુક લોકોને આપણે સતત નોકરી બાબતે ફરિયાદ કરતા જ જોઈએ છીએ. એક ભાઈએ વીસ વર્ષમાં દસ નોકરી બદલી. પગાર પણ સારો મળતો હતો છતાં તેમની નોકરી બાબતની ફરિયાદ ગઈ જ નહીં, બલકે કાયમી આદત બની ગઈ. તેમને ક્યારેય એવો વિચાર જ નહોતો આવતો કે તેઓ દિવસના જેટલા કલાક નોકરી પાછળ આપે છે એટલો જ સમય આપીને પણ કેટલા લોકો એટલો સારો પગાર મેળવે છે ? જો તમારી પાસે સારી ડિગ્રી હોય તો ઈશ્વરનો આભાર માનવો જોઈએ કે તમે સારું ભણી શક્યા છો. દુનિયામાં અઢળક લોકો માત્ર સંજોગોને કારણે જ ભણી શકતા નથી, એ વાત પણ યાદ રાખવા જેવી છે.

બીજી ખાસ વાત કે ખુદના કામથી અન્યનું અહિત થતું હોય તેવું કામ કરનાર લાંબાગાળે પસ્તાય છે. કોઈપણ કામ કરતી વખતે સામેની વ્યક્તિની જગ્યાએ આપણી જાતને એકવાર મૂકવી જોઈએ. કોઈપણ કાર્ય કે વ્યવહાર વખતે જો તેમ કરવામાં આવે તો ચોક્કસ અઘટિત કાર્ય કરતા અટકી જવાય. અન્યનું હિત જોનાર અને જાળવનાર વ્યક્તિ જ તેના પ્રતિબિંબમાં હંમેશાં પ્રસન્નતા ભાળી શકે છે.

પ્રફુલ્લ કાનાબાર

# સાદગી અને સમર્પણની અદ્‌ભુત મિશાલ મણિબેન પટેલ



**૩ એપ્રિલ ૧૯૦૩**

**સો**ળ વર્ષની કિશોરી માટે દુનિયા કેટલી રંગીન હોય...? સપનાઓ, આશાઓ, અરમાનો, સજાવટ, શણગાર અને ઉભરાઓ...આ બધું જ હૈયામાં ઉછાળા લેતું હોય એવી ઉંમરે મણીબેન રંગીન દુનિયા છોડી પિતાના પગલે ખાદી ધારણ કરે છે...૧૭ વર્ષની ઉંમરે પોતાની સોનાની બંગડીઓ, સોનાની ઘડિયાળ..અને બીજા આભૂષણ ગાંધી આશ્રમમાં જમા કરે છે...જેથી આઝાદીની લડતને બળ મળે...૧૯૨૧ પછી સરદારે હંમેશા પુત્રી મણીબેનના હાથથી વણાયેલા કાપડના વસ્ત્રો જ પહેર્યા...જ્યારે બીજા નેતાઓના પુત્રો પુત્રીઓ વૈભવી જીવન જીવી રહ્યા હતા તે ઉંમરે....મણીબેન અસહકારના આંદોલનમાં ઝંપલાવે છે...૧૯૨૮ માં ૨૫ વર્ષના મણીબેન પોતાની જવાની સત્યાગ્રહીઓની સેવામાં ખર્ચે છે...૧૯૩૦,૧૯૩૮,૧૯૪૦,૧૯૪૨ અને ૧૯૪૪ એમ મણિબહેનને અંગ્રેજો સામે બંડ પોકારવાને બદલે વારંવાર જેલવાસ ભોગવવો પડે છે..મણીબેનનો આવો સંઘર્ષ જોઈ ગાંધીજી કહે છે કે ‘‘મેં મણીબહેન જેવી બીજી દીકરી જોઈ નથી’’...મણિબહેન આજીવન અપરણિત રહ્યા ..એમણે સરદારની જીવનના અંત સુધી સેવા કરી...

ડૉ વર્ગીસ કુરિયન પોતાના પુસ્તક I Too Had A Dream માં લખે છે... ‘‘એક વકીલ તરીકે સરદાર પાસે પુષ્કળ આવક હોવા છતાં તેઓની કોઈ મિલકત નહોતી. એમના બેન્ક એકાઉન્ટમાં પૈસા નહોતા...તેઓ માનતા કે એક રાજનેતા પાસે વ્યક્તિગત સંપત્તિ હોવી જોઈએ નહીં..તેઓએ પોતાની બધી જ કમાઈ આઝાદીની લડતમાં સમર્પિત કરી દીધી. સરદાર અને મણીબહેન બંને એ પોતાના વ્યક્તિગત સુખકારીનો ત્યાગ કરી દેશ માટે શક્ય એટલી આર્થિક પાયમાલી વહોરી...

૧૯૫૦ માં સરદાર સાહેબના મૃત્યુ બાદ મણીબહેને દિલ્હી સ્થિત મકાન પણ ખાલી કરવું પડ્યું...સરદાર મણિબહેન માટે કંઈ મૂકીને નહોતા ગયા...માથે છત અને પાસે પૈસા વગર મણિબહેને ખૂબ સંઘર્ષ કરવો પડ્યો...

અવસાન પહેલા સરદારે જે આદેશ આપ્યો હતો એ મુજબ મણિબહેન એક પુસ્તક અને એક થેલો લઈ તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ પાસે પહોંચે છે ...અને બંને નહેરુને સુપરત કરે છે...એ બુક હતી કોંગ્રેસ પાર્ટીની એકાઉન્ટ બુક અને એ થેલામાં હતા ૩૫ લાખ રૂપિયા....!

મણિબહેન બેસી રહે છે નહેરુ ફક્ત આભાર માનીને ચૂપ થઈ જાય છે...વર્ષો બાદ ડૉ વર્ગીસ કુરિયન જ્યારે મણીબહેનને આ ઘટના વિશે પૂછે છે કે તમારી અપેક્ષા શું હતી નહેરુ પાસે ?

મણિબહેન જવાબ આપે છે... ‘‘મને આશા હતી કે નહેરુ મને મારી હાલત વિશે પૂછશે ..હું કેવી રીતે દિવસો પસાર કરું છું એના વિશે પૂછશે....પણ એમણે કંઈ ન પૂછ્યું...!’’

આ ઘટના બાદ મણિબહેન દિલ્હી છોડી અમદાવાદ આવી જાય છે...પાછળથી રાજકારણમાં પ્રવેશ કરી ૪ વાર સંસદ સભ્ય બને છે...ઈમરજન્સી બાદ જે પક્ષ માટે પોતાનું બાળપણ, જવાની, પરસેવો અને લોહી રેડયું એ કોંગ્રેસ પક્ષ છોડી જનતા પક્ષમાં સામેલ થાય છે અને અંતિમવાર મહેસાણાથી સંસદ તરીકે ચૂંટાય છે...

જીવનની સંધ્યા દરમિયાન મણીબહેનની દ્રષ્ટિ નબળી પડે છે...એમની પાસે કોઈ સહારો નહોતો અમદાવાદની સડકો પર મણીબહેન ભટકતા..ભટકતા ઘણી વાર પડી જતા...અને ત્યાં સુધી પડી રહેતા જ્યાં સુધી કોઈ મુસાફર ત્યાંથી પસાર ન થાય...અને એમની મદદ ન કરે...!

જ્યારે મણિબહેન મરણપથારી પર હતા ત્યારે તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી એમની પાસે એક ફોટોગ્રાફર લઈને જાય છે અને ફોટો પડાવે છે..જે બીજા દિવસે આખા ગુજરાતના છાપાઓમાં છપાય છે...મુખ્યમંત્રીનું કામ થઈ જાય છે...!

મણિબહેને આ દેશને ખૂબ આપ્યું..આ દેશે મણીબહેનને શું આપ્યું....?

આજની પેઢીને મણીબહેનનો ફોટો બતાવશો તો કદાચ નહીં ઓળખે..કારણ કે અહીં ગ્લેમર , ચકાચોંધ, દંભ, દેખાવ અને ઠાલી વાતો નથી અહીં તો દેશ માટે જાત હોમીને જતા રહેવાની વાત છે..કર્તવ્યપથ પર ગુમનામ રહીને ખપી જવાની વાત છે....!

❖❖❖

## સાહિત્યવૃત્ત

ક
વિ
નો
શ
બ્દ



# અક્ષુણ્ણ વેદનાનો કવિ



રાવજી પટેલ

રાવજી પટેલ ગુજરાતી કવિતાનો રાજવીર કવિ છે. માત્ર ૨૮ વર્ષની વયે, સતત વહેરાતો, ક્ષયની વેદનાથી પીડાતો આ કવિ અક્ષય કવિતાઓ આપીને શબ્દસ્થ થઈ ગયો. એમની રચનાઓમાં સતત એક તરસ, ઝુરાપો અને તલસાટ વ્યક્ત થયો છે. પ્રેમનો ઉન્માદ, તૂટી રહેલા શ્વાસ ને જીજીવિષા વ્યક્ત કરતી કવિની રચના 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા''. એ ગુજરાતી સાહિત્યની અપૂર્વ કૃતિ છે.

ક્ષયથી પીડાતા કથાનાયકના જીવનના કરુણતમ વળાંકો વ્યક્ત કરતી નવલકથા 'અશ્રુઘર', ડાયરી રૂપે લખાયેલી 'ઝંઝા' 'અંગત કાવ્યસંગ્રહ' તથા 'વૃત્તિ અને વાર્તા'એ વાર્તાસંગ્રહ ગુજરાતી સાહિત્યને રાવજી તરફથી મળેલ મોંઘી ભેટ છે.

સંધ્યા શાહ

### એક બપોરે

મારા ખેતરને શેઢેથી
'લ્યા ઊડી ગઈ સારસી !'

મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે,
રોટલાને બાંધી દે,

આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગ્નિ,
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે

ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઈ

બળદને હળે હવે જોતરીશ નંઈ...
મારા ખેતરને શેઢેથી -

---

તમે રે તિલક રાજા રામના,
અમે વગડાનાં ચંદન કાષ્ઠ રે;
તમારી મશે ના અમે સોહિયાં —
કેવાં કેવાં દ:ખ સાજણ તમે રે સહ્યાં !
કહોને સાજણ દ:ખ કેવા સહ્યાં !

તમે રે ઊંચેરા ઘરના ટોડલા !
અમે લજવાતી પાછલી રવેશ રે;
તમારી મશે ના અમે સોહિયાં —
કેવાં કેવાં દ:ખ સાજણ તમે રે સહ્યાં ?
કહોને સાજણ દ:ખ કેવા સહ્યાં ?

તમે રે અખશર થઈને ઊકલ્યા !
અમે પડતલ મૂંઝારા ઝીણી છીપના;
તમારી મશે ના અમે સોહિયાં —
કહોને કહોને દ:ખ કેવાં પડ્યાં ?

### ગીત

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો; અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા ...

### 'ભીડ'

એકાંતમાં પણ ભીડ જામી કેટલી !
આ
કો'ક મીઠી છોકરી જેવી હવા
મુજને ઘસાતી જાય.
કાંઠા બેઉ છલકાતા.
વધી અંધારની હેલી.
ડગલું ભરાતું માંડ
ત્યાં,
રોમ પણ ઊંચું જરી ના થાય એવો
તો
હવાનો પાશ !
આ પુલની પેલી તરફના લોકમાં
થોડું ફરી આવું.
ડગલું ભરાતું માંડ.
રે
એક જણની ભીડનો આવો મને
ન્હોતો જરીયે ખ્યાલ !

# સંબંધ

તુષાર શુક્લ



**સ્પ**ર્ધાનો યુગ છે. ગતિનો મહિમા છે. તક ઝડપવાનું નામ આવડત છે. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય એ સમજણ સાથે સતત મોં ધોઈને તૈયાર રહેતા લોકો છે. આ સમાજમાં જે સહુથી વધુ સહન કરે છે તે સંબંધ છે. બધા બધું સંબંધ માટે કરે છે એમ કહે છે પણ જોખમાય છે એમના પરસ્પરના સંબંધ. સંતાનો માટે દોડે છે મા-બાપ. સવારથી સાંજ, ઓવરટાઈમ હવે નવાઈ નથી. બે જણ વધારે સમય કામ કરે તો બે પૈસા વધુ કમાવાય ને એ ઘર-પરિવારમાં કામ આવે. શિક્ષણ, આરોગ્ય, સાધન-સગવડ બધું જ મોંઘું થઈ ગયું છે. જીવનધોરણ પણ એ એથીય ઊંચું લઈ જવું છે. એ માટે વધુ કમાવું છે. એ માટે બંનેએ વધુ સમય આપવો પડે એમ છે. આ ચક્કરમાં જ અટવાય છે એ ઘરના સભ્યોના પરસ્પરનાં સંબંધો છે. મા-બાપ જેને માટે દૂર સુધી દોડે છે એ સંતાન જ દૂર થઈ જાય છે. ક્યાંક પતિ-પત્ની વચ્ચે અંતર વધતું જાય છે જે વિચ્છેદમાં પરિણમે છે.

કેટલાક 'દુઃખે પેટને કૂટે માથું'ની જેમ દર્દનું કારણ સમજ્યા વગર દવા કરવા મથે છે. પરિણામે તાણવા જતા તૂટે છે. જોડો ક્યાં ડંખે છે ને કેમ ડંખે છે એ સમજે તો એનો ઉકેલ શોધી શકાય. એ સમયે કેટલાક વળી ખોટી ચડામણીએ ચડીને વાતનું વતેસર કરે છે. કેટલાકને અહંકાર વળ દઈને વધારનારા પડખે ચડે છે. નાની વાત મોટી થઈ જાય છે. ઝીણી તિરાડ ઓળંગી ન શકાય એવી ખાઈ બને એટલું ખોદનારાય આસપાસમાં હોય છે, ક્યાંક તો નજીકમાં ને પોતાના જ હોય છે. પાણી છાંટીને બુઝાવવાને બદલે તણખાને હવા આપી આગની જ્વાળા બનાવીને પેટ્રોલ છાંટનારાય મળે છે. તો કેટલાક જાતે જ વાતને વળ ચડાવીને ગૂંચવી નાખે છે. નાની ગૂંચ ખેંચાખેંચમાં ગાંઠ બની જાય છે.

પણ જો સાવધાની હોય, સજાગતા હોય તો વાત વધે એ પહેલાં એની જાણ પણ થાય છે. સંબંધ બંધાય છે પણ સમય જતાં તે તૂટવાની શરૂઆતનો અણસાર પણ મળતો જ હોય છે. કૂકરની સીટી ગૃહિણીને જાણ કરી દે છે અંદરની સ્થિતિની, વસ્તુ બગડતાં પહેલાં એમાં આવતા ફેરફાર જો ઓળખો તો એનો સમયસર ઉપાય કરી શકો. ને જો ધ્યાન ન હોય તો એક્સપાયરી ડેટ વીતેલી ચીજનું નુકસાન સહેવું પડે. વસ્ત્ર ફાટતા પહેલાં સમયસરનો ટાંકો બખિયો લઈ લેવાથી શરમમાં મુકાતા બચી શકાય છે.

સંબંધ સંબંધની આ પરિસ્થિતિ પ્રવર્તે છે ત્યારે સંબંધ સાચવી લેવા અંગે શું કરવું જોઈએ એ વિશે જાણવા જેવું છે. અણી ચૂક્યો સો વરસ જીવે. બગડે તે પહેલાં પકડાય તો બગડતાં પહેલાં સુધારી લેવાય - જો સુધારવું હોય તો. સાવ આત્યંતિક અહંકારી સ્વાર્થ દૃષ્ટિકોણ ધરાવનારની આ વાત નથી. સંબંધ સાચવવો છે ?

તો આટલું કરો - સંબંધ સંદર્ભે સમય, સમજ અને સહનશીલતા કેળવો.

સંબંધમાં સહુથી મોટું તત્વ છે - સમય. સંબંધ સમય માગે. કેળવાતા અને તૂટતા, બગડતા. આ સમય આપવો પડે, તમને લાગે તે સંબંધ ક્યાંક સહજ નથી, અસહજ બને છે તો તરત રુક જાવ. સંબંધને સમય આપો. સંબંધનો મહિમા તમે જાણો છો એટલે એને બચાવવા સમય આપવાનું તમે સ્વીકારશો. સમય આપવો એટલે શું એ પણ જાણી લો. એક અર્થ તો સીધો છે કે તમારી વ્યસ્તતા ઓછી કરો, ટાઈમ ટેબલ બદલો. જે સંબંધ તાણ અનુભવે છે એમાં સમયની ઢીલ મૂકો. પાસે બેસો. સાથે બેસો. સંતાન સાથે, જીવનસાથી સાથે, પરિવારજન સાથે, મિત્ર સાથે, સહકર્મી સાથે. બસ એમને તમારો સમય આપો. તમે આપેલો સમય ક્વોન્ટિટીમાં ભલે ઓછો હોય પણ એ ક્વોલિટી ટાઈમ હોવો જોઈએ.

એક બીજી મહત્ત્વની વાત.

અતિ સર્વત્ર વર્જયેત. કોઈપણ વાતે અતિ કરો તો ગતિ બગડે. સંબંધમાં જેમ દૂરતા દૂર કરવા સમય આપવો પડે એમ અતિ નીકટતા ટાળીને સમય બચાવવો જોઈએ. દરેકને પોતાનું એકાંત જોઈએ છે. આજની પેઢી કહે છે તેમ સ્પેસ આપો-અંતર જાળવો. સંબંધ સાચવો. સલામત અંતરે રહો ને સંબંધને સલામત રાખો. સંબંધમાં સાદ સંભળાય એ જરૂરી. કાનમાં કહેવાની વાત માટે નીકટ રહો, સાદ સંભળાય જ નહીં એટલા દૂર પણ ન જાવ. અંતર વચ્ચે સંબંધમાં કેટલું અંતર સારું તે જે તે વ્યક્તિએ સમય સંજોગ આધારે શીખવું પડે. આ માટેની એની સમજ જ એને કામ આવે.

સંબંધ સાચવવા જરૂરી બીજી ચીજ તે સમજ. વ્યક્તિમાં એ સમજ હોવી જોઈએ કે સંબંધ હવે સમારકામ માગે છે. આ સમારકામ વ્યક્તિએ જાતે કરવાનું છે. અન્ય કોઈ બહારથી મદદ કરી શકે પણ સમજદારી તો એણે જ કેળવવી અને

સમયસર દેખાડવી પડે. બહારની મદદમાં કોઈ તમારું ધ્યાન દોરે કે નાનકડી તડ પડી છે. કેટલાકને આમાં અનાવશ્યક હસ્તક્ષેપ લાગે. અંગતતા જોખમાતી લાગે. તમારી વ્યસ્તતામાં તમે એ ન જોઈ હોય એમ બને. તમને કદાચ એ બહુ મહત્ત્વની ન લાગી હોય એમ બને. ક્યારેક એમ પણ થાય કે કાલ રિપેર કરી લઈશ. વાંધો નહીં આવે. ને એ કાલ મોડી પડે એમ બને. આવા સંજોગોમાં પરિણામ બગડે. સમજ હોય તો જાતે જ ધ્યાન જાય, કોઈ દેખાડે તો ઉશ્કેરાટને બદલે સ્વવિવેકથી સમજવા તૈયારી હોય ને પછી જાતે સમારકામ કરાય ને જરૂર પડશે જાણકારની મદદ પણ લઈ શકાય. સંબંધ સમજણ માગે, સમજદારી માગે, બેધ્યાનપણું, બાલિશતા, બેપરવાઈ, બેફિકરાઈ સંબંધમાં ન ચાલે. છોડ સૂકાતો જણાય ત્યારે સમયસર પાણી પીવડાવવું પડે, નાના ગૂમડાંને વેળાસર દવા લગાવવી પડે. રોગ અને દુશ્મનને ઊગતો જ ઓળખીને ડામવા પડે. સંબંધમાં આવી સજાગતા જરૂરી.

ને હવે ત્રીજી વાત.

સંબંધમાં સહનશીલતા જરૂરી. સંબંધ એટલે સમાન બંધન. બંને પક્ષે જોડાવાની સમાન તૈયારી. પણ એકને એની ગંભીરતા ન હોય ત્યારે બીજાની જવાબદારી વધી જાય છે. એણે ધૈર્ય કેળવવું પડે. સહનશીલ બનવું પડે કારણ કે આરંભમાં સામે પક્ષેથી સહયોગ નહીં મળે. અડિયલ અશ્વ પર સવારી સહેલી નથી. એનો અસવાર હેવાલ ચાલ શીખે ત્યાં લગી ધીરજ રાખીને ઉછાળા સહન કરવા પડે. એકવાર અશ્વ સમજી જાય પછી સવારી આનંદદાયક બને. ધીરજ ને સહનશીલતા રાખવાનું વસૂલ થાય. આમ પણ સંબંધને કેળવાતા વાર તો લાગે જ છે ને! સંબંધમાં પકડી રાખવાથી, મુઠ્ઠી ન ખોલવાથી કૈં મળતું નથી. તાણવાથી તૂટે, છોડવાથી સચવાય. કેટલાક સંબંધમાં તમારે આપવાની, છોડવાની વિશેષ તૈયારી રાખવી પડે. લાંબો દોર આપવાથી સ્થિતિ સ્પષ્ટ થાય. દૂરથી જોઈએ તો વધુ સ્પષ્ટ અને સમગ્ર ચિત્ર દેખાય. સંબંધમાં પણ એમ જ છે. ડાળેથી કે માળેથી ઊડવા માગનારને છૂટ આપો. ઊડવાનો આનંદ સાહસ માગે, સાધના માગે. સતત પાંખ ફફડાવવાનો શ્રમ જાતે સમજાય. એ સમયે એ સમજીને ડાળ શોધશે. અલબત્ત, એના પ્રયત્ન પર નજર જરૂર રાખો. કેવળ સલાહ નહીં એને દાદ પણ આપો જેથી એ થાકે તો મદદ માગતા સંકોચ ન અનુભવે. એ માટે ધીરજ રાખવી પડે, સહનશીલતા કેળવવી પડે. એકલતામાં અનયવજ્ઞા, ઉપેક્ષા કે અપમાન ન જુઓ. ઊડવા માગે છે, મથે છે એ પારકાં નથી, પોતાનાં છે એવું સમજો ને ઊડનારનેય એ વાતનો અણસાર આપો કે ચિંતા એ કાળજીનું રૂપ છે, બંધનનું નહીં.

સંબંધાવું હોય એણે સહનશીલ થવું જ પડે. ક્યારેક અણગમતું સહન કરવું પડે. કડવો ઘૂંટ ગળવો પડે. અણસમજુ ને ઉતાવળિયાને ઓળખવા પડે. અવિનયી અને ઉદ્ધતને પારખવા પડે. સ્વાર્થીને સમજવા પડે. સંબંધમાં સતત તોલમાપનું પરીક્ષણ ન કરવાનું હોય પણ સમજણ પર પાટાય ન બાંધવાના હોય. પરાણે ખેંચીને કે ખેંચાઈને કોઈ સંબંધ સચવાય નહીં. લાગે કે હવે બસ, અહીંથી આગળ નહીં તો એ સંબંધને પૂરો કરવાનીય રીત છે. કારણ કે સંબંધ તૂટે ત્યારે બંને છેડે પીડા હોય છે, ભલે કોઈને વહેલી તો કોઈ મોડી અનુભવાય. ક્યારેક જે નીકટતા હતી એનું ગૌરવ જળવાય, એ સમયખંડની સંવેદનાનો આદર જળવાય એમ સંબંધમાંથી નીકળાય. એ પુખ્ત વિવેકની ઓળખ છે. શાયર કહે છે તેમ એને એક સુંદર વળાંક પર છોડીને સરી જવાનું. જતી વખતે કોઈપણ બારણું એટલા જોરથી ન પછાડવું કે ક્યારેક ટકોરા મારવાનું મન હોય ત્યારે સંકોચ થાય. ❖

## આપણું ગૌરવ



ઝાલાવાડી સ્થા. જૈન સભાના લોનાવલા સેનેટોરિયમ ને આરોગ્ય દૂત (Arogya Doot) નો એવોર્ડ ફરિયાઝ હોટેલ લોનાવલા ખાતે રવિવાર તા.૨૭-૩-૨૨ ના રોજ મહારાષ્ટ્ર ના માનનીય રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશિયારીજી હસ્તક સ્વીકારતા આપણા ટ્રસ્ટી - સેક્રેટરી શ્રી પંકજભાઈ સંઘવી ને સાથે શ્રી પાર્થ બારોટ.. ખૂબ ખૂબ અભિનંદન..

# જીવનમાં આશાની સીડી ચઢતા જાઓ



**શું** તમે મધમાખીનો મધપૂડો જોઈને, કુદરતનું એન્જિનિયરિંગ જોઈને મંત્રમુગ્ધ થયા છો ? એક ષટકોણીય સંરચના, સમગ્ર મીણથી બનેલી ! માત્ર ૫૦૦ ગ્રામ મીણ એકઠું કરવા માટે એ નાનકડા જીવને પૃથ્વીના પરિઘ કરતાં ૧૨ ગણું અંતર ઊડવું પડે છે. એટલે, મીણના લઘુતમ ઉપયોગ માટે સૌથી અસરકારક વ્યવસ્થા ષટકોણીય વ્યૂહ બનાવવાની હોય છે. સત્ય તો એ છે કે આપણા પોતાનું અસ્તિત્વ પણ કોઈ અદ્‌ભુત ઘટનાથી ઓછું નથી.

ઉદાહરણ, આપણા એક-એક કાનમાં ૩૦ હજાર તંતુ લાગેલા છે, જે આપણને ૨૦ હર્ટ્ઝથી ૨૦ હજાર હર્ટ્ઝ સુધીના મોટા અવાજને સાંભળવાની ક્ષમતા આપે છે - જેમાં પાંદડાનો સર-સર અવાજ, સમુદ્રની લહેરોનો અવાજ, સુમધુર સ્વરસંગીત તથા લક્કડખોદ દ્વારા લાકડું તોડવાના બુલંદ અવાજ વગેરેનો સમાવેશ થાય છે. આવી બીજી અનેક ચમત્કારિક ઘટનાઓ પ્રત્યેક ક્ષણે આપણા અંદર તથા આજુબાજુ ઘટતી રહે છે. જીવનની ઘટનાઓ માત્ર સંયોગ હોતી નથી. ન્યૂરોસર્જન ડૉ. પ્રસાદની એક વિશ્વવિખ્યાત ઘટના છે. એક વખત લાઈફ-ટાઈમ એચીવમેન્ટ એવૉર્ડના આમંત્રણ પર તેઓ મુંબઈથી કોલકાતા જઈ રહ્યા હતા. ડૉ. પ્રસાદની ફ્લાઈટમાં ટેક્નિકલ ગરબડ થતાં જમશેદપુર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાયું. સમયના પાકા ડૉ. પ્રસાદ કોલકાતા માટે ટેક્સીમાં રવાના થઈ ગયા. જોકે, તોફાનને કારણે ટેક્સી પણ રસ્તામાં બગડી ગઈ અને તે એક નાનકડા ગામ પાસે થોભી ગઈ. ડૉ. પ્રસાદ ગામમાં ગયા અને નાનકડી ઝૂંપડીનો દરવાજો ખટખટાવ્યો. એક ગરીબ મહિલાએ દરવાજો ખોલ્યો તો ડૉ. પ્રસાદે તેમને પૂછયું કે, શું તેમની પાસે ટેલિફોન છે, જેથી તેઓ બીજી ટેક્સી બોલાવી શકે. ઝૂંપડીના લોકો ખૂબ જ ગરીબ હતા, તેમની પાસે ટેલિફોન ન હતો, તેમ છતાં તેમણે ડૉક્ટરને ચા પીવાનું આમંત્રણ આપ્યું. ડૉક્ટરે આમંત્રણ સ્વીકાર્યું અને ઘરમાં ગયા. ચા પીતા સમયે ડૉક્ટરે એ લોકોની સંધ્યા-વંદનાની તૈયારીઓ જોઈ. તેમણે ડૉક્ટરને તેમાં સામેલ થવા કહ્યું. જોકે, ડૉ. પ્રસાદે સહજતાથી કહ્યું કે, તેઓ ભગવાનને માનતા નથી. ગરીબ મહિલાએ સમજાવ્યું કે તેમનો પરિવાર ભગવાન પ્રત્યે કેટલો કૃતજ્ઞ હતો. તેમની વિજ્ઞાનના નિયમોના અજ્ઞાન પ્રત્યે ડૉ. પ્રસાદે સ્મિત આપ્યું.

ત્યારે એ પરિવારના તરુણ વયના પુત્રનું વિચિત્ર વર્તન જોઈને ડૉક્ટરને આશ્ચર્ય થયું. તેઓ સમજી ગયા કે તેને ખેંચના હુમલા આવતા હતા. છોકરાના પિતાએ કહ્યું કે, એક જ આશા છે કે તેનું કાલોસોટોમીનું ઓપરેશન થઈ જાય, જે માત્ર મુંબઈના ડૉ. પ્રસાદ જ કરી શકે છે, પરંતુ ગરીબીને કારણે મુંબઈની મુસાફરીની તેમની ક્ષમતા ન હતી. તેમ છતાં તેમની પત્નીને દૃઢ શ્રદ્ધા હતી કે ભગવાનની ઈચ્છા હશે તો સમાધાન પોતે તેમના દરવાજે આવશે. આ સાંભળીને ડૉ. પ્રસાદ અચંબિત થઈ ગયા અને મનમાં ને મનમાં જ આખા દિવસનો ઘટનાક્રમ વિચારવા લાગ્યા કે કેવી રીતે વિવિધ ઘટનાઓના સંયુક્ત ક્રમમાં તેઓ આ લોકોના દરવાજે પહોંચ્યા છે.

તમામ આધ્યાત્મિક સત્ય માનવ બુદ્ધિને તાત્કાલિક સમજાતા નથી. કેટલાક સત્ય ત્યારે જ સમજાય છે જ્યારે આપણે આ માર્ગમાં અમુક પ્રકારની ઊંચાઈ પ્રાપ્ત કરીએ છીએ. જો આપણે એટલું જ સ્વીકાર કરીએ, જેટલું કે વર્તમાનમાં સમજી શકીએ છીએ તો આપણે સર્વોચ્ચ આધ્યાત્મિક રહસ્યોને પોતાના જીવનમાં પ્રગટ કરવાથી વંચિત રહી જઈશું. જે વર્તમાનમાં આપણી સમજથી અલગ છે, તેને આપણે શ્રદ્ધાથી જ સ્વીકારી શકીએ છીએ. એટલે દરરોજ પોતાના પર થયેલી કૃપાઓને ગણતા રહીને દરેક પરિસ્થિતિમાં સકારાત્મક હોવાની ચેષ્ટા કરો. જીવનમાં ક્યારેય નિરાશ ન થાઓ. કોણ જાણે ! માત્ર એક ક્ષણ જ બાકી હોય, જેમાં ઈશ્વરની અપાર કૃપા આપણા ઉપર વરસવાની હોય.

આશાની સીડી ચઢતા જાઓ. ❖❖❖

**શુદ્ધ માર્ગે સાધના...**

ચોરોની સંગાથે રસ્તો કાપવો,
તે આત્મઘાત કરવા બરાબર જ નથી શું ?
કામ-ક્રોધ-લોભરૂપ ત્રેખડ સંગાથે
પરમાર્થ પામવાની મહેચ્છા સેવવી,
તે નર્યું ગાંડપણ નથી ?
દેહ-ગેહ સંબંધી જે સંકુચિત કલ્પના
હૃદયમાં ભરી રાખી છે તે બધી
ફગાવીને ચિત્તશુદ્ધિપૂર્વક જ્ઞાનસાધના
આચરીશું તો જ ઉદ્ધાર છે;
અન્યથા વચ્ચે જ સર્વનાશ છે.

**સંત જ્ઞાનદેવ**

# બહેનપણી



તમે જ વિચારો, સાસુને બા કહો કે મમ્મી, પણ સાસુ તે સાસુ જ. છે કે નહીં ? શુભાંગીને પણ લગ્ન થયા બાદ કેટલીયે વાર એમ લાગવા માંડ્યું.

જો કે સાસુ નામના પ્રાણી વિશેની બીક મનમાં રોપવાનું કામ શુભાંગીની મમ્મીએ જ બજાવ્યું હતું. કામ કરતાં કરતાં જરાક અમસ્તી ક્યાંક ભૂલ થઈ નથી કે સાસુ-સસરાનાં નામ કાને અથડાય. રોટલી બરાબર ન થઈ હોય, ક્યારેક ભાતનું ઓસામણ બરાબર ન નીકળ્યું હોય કે શાકમાં જરા મીઠું વધારે પડી જાય એટલે આવી બન્યું. એની મમ્મીનો શેરો લાગી જતો, 'સાસરે જો આવું કર્યું તો તારી સાસુ મારો ઉદ્ધાર કરી નાખશે હો શુભી !' આને લીધે શુભાંગીના મનમાં ગાંઠ વળી ગઈ કે, સાસરું એટલે મહેણાંટોણાં સાંભળવાનું ઠેકાણું અને સાસુ એટલે કે જાણે હમેશાં છડી હાથમાં લઈને ઊભી રહેલી કોઈ રૂઆબદાર સ્ત્રી.

પણ જ્યારે તેને ખરી સાસુનો સાક્ષાત્કાર થયો ત્યારે શુભાંગીને એમની જરાય બીક ન લાગી. હસમુખ, ચપળ અને હોશિયાર સ્ત્રીની કોને બીક લાગે ? ઊલટું શુભાંગીને તો એ ખૂબ જ ગમી ગયાં. અને તેણે મનોમન નક્કી કરી નાખ્યું કે સાસરામાં ખૂબ સરસ રીતે રહીશ. સાસુના મન પર પ્રભાવ પાડી એમની શાબાશી મેળવીશ.

અને એવો પ્રસંગ પણ તરત આવ્યો. લગ્ન પછી ચારપાંચ દિવસની જ વાત, લગ્નમાં આવેલા મહેમાનો સૌ સૌને ઘરે રવાના થઈ ગયા. હવે ઘરમાં ફક્ત સાસુ-સસરા, પતિ અને પોતે આટલાં જ માણસો હતાં. લગ્નનો પથારો હજુ આટોપાયો નહોતો. સવારનાં ચા-પાણી પતાવ્યાં. એટલામાં શુભાંગીનાં સાસુ રમાતાઈનાં બહેનપણી કુસુમતાઈ એમને બોલાવવા આવ્યાં અને થોડીવારમાં બન્ને ઉતાવળે બહાર નીકળી ગયાં.

રમાબાઈ તો ગયાં તે અગિયાર વાગ્યા સુધી એમનું ઠેકાણું નહોતું. ત્યાં સુધીમાં શુભાંગીએ શક્ય એટલો પથારો સમેટી લીધો. પાણી ભરી લીધું. કપડાં બોળી દીધાં. કેટલાંય નાનાં નાનાં કામ પતાવી નાખ્યાં. રસોઈ બાકી હતી, પણ કઈ જગ્યાએ શું છે એની ખબર નહોતી. બધું ફંફોસવું પડે એમ હતું. તેને થયું, જો બેઠી રહીશ તો સાસુને થશે કે જરા બહાર ગઈ તો હાથ જોડીને બેસી રહી અને બધું પતાવી લે ને ક્યાંક એમ કહે કે તને કોણે બધું કરવાનું કહ્યું' તું ? આમ તે મનમાં ને મનમાં મૂંઝાતી હતી. છેવટે તેણે પતિને પૂછ્યું, 'રસોઈ બનાવી લઉં ?' તેણે કહ્યું, 'શી ઉતાવળ છે ? રહેવા દેને હમણાં બા આવતાં જ હશે !'

'તમેય ખરા છો, હું હાથ જોડીને બેસી રહું તો એમને કેવું લાગે ?' 'અચ્છા, તો બાને રાજી કરવાનો વેત લાગે છે...જરાક અમારા સામેય નજર નાખતાં રહેજો....' પતિએ મશ્કરી કરતાં કહ્યું.

શુભાંગી હસતાં હસતાં ત્યાંથી ઊઠી રસોડામાં આવી. કઈ વસ્તુ ક્યાં છે એ જોઈ લીધું ને પછી દાળ-ભાત કુકરમાં મૂકી શાક વઘાર્યું ને લોટ બાંધ્યો. લગ્નની મીઠાઈ અને ફરસાણ તો ઘરમાં હતાં જ. રસોઈ થઈ ગઈ કે તરત સસરાને તથા પતિને જમવા બેસાડ્યા. પહેલો કોળિયો ભરતાં જ પતિએ અંગૂઠો અને તર્જની જોડી રસોઈ સરસ બની હોવાનો સંકેત કર્યો. સસરા કંઈ બોલ્યા નહીં પણ વારાફરતી બધું માગી નિરાંતે જમ્યા.

એ લોકો ઊઠવાની તૈયારી કરતા હતા ત્યાં જ રમાબાઈ અને કુસુમતાઈ પણ ઘરમાં દાખલ થયાં. શુભાંગીએ એ બંનેની થાળી કરી જલદી-જલદી બધું પીરસવા લાગી. રમાબાઈ સામાજિક કાર્યકર હતાં. અનાથાશ્રમનું કામ સંભાળતા હતાં. અત્યારે પણ ધનની બાબતમાં તેઓ કુસુમતાઈ સાથે કંઈ મસલત કરતાં હતાં. જમવાની શરૂઆત થઈ. શુભાંગીને એમ કે હમણાં સાસુ કંઈ કહેશે. આવવામાં મોડું કેમ થયું એની વાત કરશે. તે તારા મનથી બધું પતાવી લીધું એમ કહી કંઈક વખાણ કરશે, પણ એકેય શબ્દ નહીં. જાણે બધું કરીને જ ન ગયાં હોય ! વહુનાં વખાણ કરવા જેવું કંઈ બન્યું જ નહોતું.

'રસોઈ બરાબર થઈ છે ને ?' શુભાંગીથી ન રહેવાયું એટલે પૂછી નાખ્યું. 'હેં.... હા....હા....સરસ થઈ છે.' બસ, ફરી એ જ દાન અને હિસાબનો વિષય ચાલુ. શુભાંગીનું મન જરા ખાટું થઈ ગયું.

પણ સાસુની વાહ વાહ મેળવવાનો તેનો નિર્ધાર મક્કમ હતો. રસોઈમાં તો તે હોશિયાર હતી જ. પછી પૂછવાનું શું ? રોજ

કંઈ ને કંઈ નવી વાનગી બનાવે. ક્યારેક પૂરણપોળી, તો ક્યારેક બટાકાવડાં, ક્યારેક પીસ્તા કચોરી તો ક્યારેક પાલખભાજી. શુભાંગી વિચારતી, આજે તો સાસુની દાદ મળશે જ. પણ ઉંહું-રમાબાઈનો ગઢ અભેદ્ય જ રહ્યો. કંઈ વાંધો નહીં. એમ માનવું કે મારી સાથે એમને બોલવું જ ગમતું નથી, શુભાંગીને થતું.

હા, એક વાત ખરી. શુભાંગી હોંશે-હોંશે બધું કરે છે એ જોઈ રમાબાઈને ખૂબ નિરાંત થઈ. ધીમેધીમે એ પોતાની સમાજસેવાના કાર્યમાં ગળાડૂબ રહેવા લાગ્યાં. રસોઈ અને બીજાં નાનાં મોટાં કામ શુભાંગીએ જાતે જ હાથમાં લઈ લીધાં. રમાબાઈ આજકાલ એટલાં ધમાલમાં રહેતાં કે કાં તો અચાનક બહારથી આવ્યાં હોય કે પછી ઉતાવળે પાછાં ક્યાંક જવા નીકળતાં હોય.

પછી શુભાંગીને વિચાર આવ્યો કે પોતાનું કલા-કૌશલ્ય પણ દેખાડી દેવું જોઈએ. સાસુની શાબાશી મળે છે કે નહીં, જોઈએ. તેણે વિવિધ ભરતકામ, પેઈંટિંગ્સ અને જુદી જુદી સુંદર વસ્તુઓ બનાવી ઘર શણગાર્યું. પતિનું અને સસરાનું સ્વેટર ગૂંથ્યું ને ત્યાર પછી સાસુ માટે કાર્ડિગન ગૂંથવા લાગી. પૂરું થયા પછી સાસુએ પહેરીને કહ્યું, 'બરાબર માપોમાપ થયું છે હોં! આટલા શબ્દો તો માંડ એમના મોંમાંથી નીકળ્યા. સરસ, મજાનું કે ઉત્તમ એવું કંઈ નહી. ટૂંકમાં અહીં પણ 'નો લક'.

હવે શુભાંગી બરાબર કંટાળી. મનોમન તેણે સાસુને હાથ જોડ્યા. આટલું દિવસરાત જોયા વગર આંખો ફોડીને કામ કરું. કંઈ નહીં તો પ્રશંસાના બે વાક્ય તો ખર્ચી શક્યાં હોત! હં, ગમે તેમ તોય સાસુ તે સાસુ જ. રાતે તેણે પતિને કહ્યું,

'તમારા બાનો સ્વભાવ કેવો છે!' હું આટલું કર્યા કરું છું તો યે વખાણનો એકે ય શબ્દ એમના મોંમાંથી નથી નીકળતો. બીજી સાસુ હોયને તો વહુને માથે બેસાડીને નાચી ઊઠે.'

પતિએ હસતાં હસતાં કહ્યું, 'બધી વાત ઠીક છે. પણ અભણ અને હલકી સ્ત્રીઓની માફક સાસુના નામે રોદણાં ના રડીશ.'

પતિ મહાશયે વાત વધાર્યા વગર ત્યાં જ બંધ કરી દીધી. હવે શુભાંગીએ મનોમન નક્કી કરી નાખ્યું કે એમને મારી પરવા નથી તો હું શા માટે બધું કર કર કરું?

અને તેનું વર્તન સાવ ફરી ગયું. વેળાકવેળા કામ પડતાં મૂકી એ બહાર જવા લાગી. ઘરમાં કામ હોય ત્યારે તબિયતનું બહાનું કરી નિરાંતે પડી રહેતી.

રમાબાઈની સમાજસેવાનું કામ પહેલાંની માફક ચાલુ હતું. છતાં આજકાલ ઘરકામમાં શુભાંગીની પૂરતી મદદ ન મળવાથી એમને બધે ધ્યાન રાખવું પડતું. ઘરની અને બહારની જવાબદારીમાં એમને ખૂબ દોડાદોડ થઈ પડતી. આ બધું જોતાં શુભાંગી મનોમન રાજી થતી. એમની ધાંધલ જોઈ એ માથે ઓઢીને સૂઈ જતી. પણ તે છતાં ન ક્યારેય રમાબાઈના કપાળમાં કરચલીઓ પડી કે ન તેમણે કંઈ ઊંચે સાદે કહ્યું.

અનાથાશ્રમ નવી જગ્યાએ બદલવાનો હતો. અનેક નિરાધાર બાળાઓ-સ્ત્રીઓને ત્યાં આશરો મળતો. રમાબાઈ એ કામમાં પરોવાયેલાં હતાં. છેવટે ઉદ્ઘાટનનો દિવસ આવી પહોંચ્યો. શહેરની મોટી મોટી સંસ્થાઓને પણ સમારંભનાં આમંત્રણ મોકલાયાં હતાં. રમાબાઈ સવારથી કામે વળગી ગયાં. ઘરનું બધું કામ પતાવી તેમને જલદી આશ્રમમાં પહોંચવું હતું. શુભાંગી આ બધો તાલ જોતી માથું દુખવાનું બહાનું કરી પથારીમાંથી ઊઠી જ નહોતી. એની લગીરે મદદ નહીં. તેમણે જલદી-જલદી બધું આટોપ્યું. શુભાંગીને દવાની ગોળી ને પાણી આપતાં કહ્યું, 'જો સારું લાગે તો ઉદ્ઘાટન સમારંભમાં જરૂર આવજે.' એમ આગ્રહ કરી આશ્રમમાં જવા માટે રવાના થઈ ગયાં.

શુભાંગીનું માથું દુખતું જ નહોતું. એટલે ન જઈ શકે એ પ્રશ્ન હતો જ નહીં. સમારંભોમાં જવાનો એને આમેય શોખ. તેમાં સાસુનો આગ્રહ, એટલે તરત ઊભી થઈ અને તૈયાર થવા લાગી. એ નીકળતી હતી ત્યાં જ કુસુમતાઈ આવ્યાં. બન્ને આશ્રમને રસ્તે ચાલવા લાગ્યાં. ખાસ દૂર હતો નહીં એટલે વાતો કરતાં કરતાં જતાં હતાં. કુસુમતાઈએ કહ્યું,

'શુભાંગી, તારાં સાસુ ખરાં કઠણ કાળજાનાં અને ભારે હોશિયાર. પાછાં લાગણીશીલ પણ એવાં જ. મનમાં ધારેલું કામ પૂરું કરે. જુવાનીમાં બાપડીએ બહુ દુઃખ વેઠયું છે.'

'દુઃખ! કઈ બાબતનું?' શુભાંગીને નવાઈ લાગી.

'એટલે? તને કંઈ ખબર નથી? તારા સાસુએ એમનાં સાસરિયાંનો ખૂબ ત્રાસ સહન કર્યો છે. મારઝૂડ અને ભૂખ્યા પેટે રહેવાથી માંડી અનેક જાતના જુલમ વેઠવા પડ્યા છે એમને.'

'પણ મારા સસરાએ કંઈ ન કર્યું?...'

'શું કરે? પહેલાંના પુરુષો પત્નીનું ઉપરાણું લઈ વચ્ચે ન બોલી શકતા.'

(આજકાલના ય તે વળી ક્યાં બોલે છે - શુભાંગીને મનમાં થયું.)

'એ દુઃખનું હળાહળ પચાવી તેમણે જગતને અમૃત આપ્યું. આવી અનાથ, નિરાધાર સ્ત્રીઓ વિશે તેમને કરુણા ઊપજી. અને સાસુ-સસરાનાં મૃત્યુ પછી અનાથાશ્રમનું કામ તેમણે ઉપાડી લીધું.

આટલાં વર્ષોથી સારી રીતે ફરજ બજાવે છે. શુભાંગી, આ રમાબાઈ ભલે તારાં સાસુ હોય પણ સેંકડો અનાથ સ્ત્રીઓનાં તો એ મા છે, મા !' કુસુમતાઈએ ગળગળાં બની જઈ વાક્ય પૂરું કર્યું.

શુભાંગી માટે આ વાત નવી હતી. ચાલતાં ચાલતાં એના વિશે જ મનમાં વિચારો ચાલતા રહ્યા.

બન્ને આશ્રમના નવા મકાનમાં પહોંચ્યાં. ચારે બાજુ ઉત્સાહનું વાતાવરણ દેખાતું હતું. કાર્યકરો ને આશ્રમની બહેનો સૌ વ્યવસ્થામાં રોકાયેલાં હતાં. રમાબાઈ દરેકને કંઈ ને કંઈ સૂચનો આપતાં હતાં. દરેક જણ તેમને કેટલું માન આપે છે એ શુભાંગીએ નજરોનજર નિહાળ્યું. એના કાનમાં શબ્દો ઘુમરાતા હતા - 'આ રમાબાઈ ભલે તારાં સાસુ હોય પણ સેંકડો અનાથ સ્ત્રીઓનાં તો એ મા છે, મા !'

એ સાથે જ એનું પોતાનું વર્તન યાદ આવતાં એ શરમની મારી પાણી પાણી થઈ ગઈ. કેટલી મોટી ભૂલ કરી હતી તેણે. કોઈ વખાણના બે શબ્દ ન બોલે એટલે આમ આડું ફંટાવું ! તેઓ આટલું મહાન કામ કરે છે એમાં મદદરૂપ થવાની વાત તો બાજુએ રહી, ઊલટાં મેં તેમને દુભવ્યાં. હે પ્રભુ ! કેવું ગાંડપણ કરી નાખ્યું !

શુભાંગી આમ વિચારોમાં ખોવાઈ ગઈ. અચાનક રમાબાઈના શબ્દો કાને પડતાં તે ભાનમાં આવી. રમાબાઈ પ્રમુખ મહેમાન સાથે તેની ઓળખાણ કરાવતાં હતાં, 'આ અમારી શુભાંગી. સીવણ, ભરત-ગૂંથણ, દરેક કામમાં ખૂબ હોશિયાર છે. રસોઈ પણ એટલી સ્વાદિષ્ટ બનાવે છે, જાણે જમતાં જ રહીએ....'

'એમ કે ! સરસ. તો તો પછી અમારેય એકાદવાર આવવું પડશે.' મહેમાન બહેને હસતાં હસતાં કહ્યું.

'જરૂર આવજો. જુઓને આ છે એટલે જરા નિરાંતે આટલું બહારનું કામ થાય છે....'

રમાબાઈ બોલતાં હતાં તે સાંભળી શુભાંગીનું રોમરોમ પુલકિત થઈ ગયું. પ્રતિભાવ કઈ રીતે આપવો તે જ સમજાતું નહોતું. તેણે રમાબાઈ સામે જોયું. એમની આંખોમાં પ્રશંસાની જ્યોત તગતગતી હતી. એ એક જ દૃષ્ટિક્ષેપમાં મનની ગાંઠ છૂટી ગઈ. શંકાનાં વાદળ વિખરાઈ ગયાં ને સ્વચ્છ તડકો નીકળ્યો. મનનો તાર સંધાઈ ગયો. રમાબાઈ સામે જોઈ એ પ્રસન્ન વદને ઊઠી. એમનો સંબંધ હવે સાસુ-વહુનો નહોતો; તેઓ એકબીજાની બહેનપણી જેવાં બની ગયાં હતાં.

**નિર્મલા દાતે**

**અનુ. સુશીલા જોશી**

## સુંદર વાર્તા...

એક ઘરમાં પાંચ દીવા પ્રકાશિત હતા. એક દિવસે એક દીવાને થયું કે, આટલો બળું છું તોય મારા પ્રકાશની કોઈને કદર નથી, લાવને હું ઓલવાઈ જાઉં... પોતાને વ્યર્થ સમજીને ઓલવાઈ ગયો. તમને ખબર છે એ દીવો કોણ હતો ? તે દીવો ''ઉત્સાહ'' નો પ્રતીક હતો.

આ જોઈ બીજો દીવો જે ''શાંતિ''નો પ્રતીક હતો તેને પણ વિચાર્યું કે... મારે પણ ઓલવાઈ જવું જોઈએ... નિરંતર ''શાંતિ''નો પ્રકાશ આપું છું છતાં લોકો ''હિંસા'' કરે છે અને ''શાંતિ'' નો દીવો પણ ઓલવાઈ ગયો.

આ જોઈ ત્રીજો દીવો ''હિંમત'' નો હતો તે પણ પોતાની ''હિંમત'' ખોઈ બેઠોને ઓલવાઈ ગયો.

''ઉત્સાહ'' , ''શાંતિ'' અને ''હિંમત'' સૌને ઓલવાઈ ગયેલ જોઈ.



ચોથા દીવાએ પણ ઓલવાઈ જવાનું ઉચિત સમજ્યું. તે ચોથો દીવો ''સમૃદ્ધિ'' નો પ્રતીક હતો.

ચારેય દીવા ઓલવાઈ ગયા પછી

પાંચમો દીવો એક જ રહ્યો હતો, તે નાનો હતો પણ નિરંતર બળતો હતો... ત્યારે એ ઘરમાં એક છોકરાનો પ્રવેશ થયો. એમણે જોયું કે એક દીવો પ્રકાશ આપી રહ્યો છે. તે જોઈને ''ખુશ'' થયો તેણે... પાંચમો દીવો ઉપાડ્યોને બીજા ચારેય દીવાને ફરીથી પ્રગટાવ્યા... તમને ખબર છે પાંચમો અનન્ય દીવો કયો હતો ? ? તે હતો એક ''ધીરજ'' નો દીવો...

એટલે જ... આપણા ઘરમાં અને મનમાં હંમેશાં ''ધીરજ'' નો દીવો પ્રજ્વલિત રાખો... તે... એક દીવો જ પૂરતો છે...

બીજાઓને પ્રગટાવવા માટે... ખુશીઓ આવશે જરૂર... બસ થોડા સમયમાં જ બધું સામાન્ય થઈ જશે ''ધીરજ'' સાથે... ''ધીરજ'' નો દીવો સદા પ્રજ્વલિત રાખજો ''અંતરાત્મામાં.''

❖❖❖

# ભૂખ્યાના ભેરુ

❑ શરદ મણિયાર



વસંતલાલ આજે પણ દુકાન ને વહેલી વધાવીને ઘરભેગા થઈ ગયા હતા. તેમની ધર્મપત્ની સરલાબેન જાણતાં હતાં કે છેલ્લા સાત મહિનાના lockdown પછી દુકાન ઉઘાડી તો શકાઈ હતી પણ પહેલાં જેવી ઘરાકી રહી ન હતી. દુકાનનું ભાડું, માણસોના પગાર અને ઘરખર્ચનો તમામ દારોમદાર દુકાન પર જ હતો જે વસંતલાલે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ મેળવેલી જમા પૂંજી લગાડીને ખૂબ હોંશે હોંશે શરૂ કરી પોતાની વૃધ્ધાવસ્થાને માનભેર માણવાની જીજીવિષા વધુ પ્રબળ બનાવી હતી, પણ lockdown નો પ્રભાવ અને કોરોનાના હાઉ થકી લોકો હજુ સામાન્યપણે ઘરની બહાર નીકળતા ખચકાતા હતા, જેની સીધી અસર લગભગ બધા વેપાર ધંધા ઉપર પડી રહી હતી તો વસંતલાલની આ તૈયાર કપડાંની દુકાન બાકાત કઈ રીતે રહી શકતી હતી, અને એટલે જ સરલાબેને એમને ઘરે વહેલા આવી જવા વિશે કોઈ પ્રશ્ન પૂછ્યો નહીં અને એમની જમવાની તૈયારી કરવા લાગ્યા, પણ રોજ કરતાં આજે વસંતલાલના ચહેરા પર ઉપસી આવેલી ચિંતાની રેખાઓ જોઈને તેઓ વધુ ચિંતિત જોઈ એટલે એમનાંથી પુછાઈ જવાયું, કહું છું, કેમ તમે આજે આમ વધારે ગંભીર જણાવ છો ? શું વાત છે ? તબિયત તો સારી છે ને તમારી ?

હા, હા સરલા તનની તબિયત તો સારી છે પણ મનની તબિયત વણસી રહી છે. આજે ખૂબ જ નિરસતાભર્યા સ્વરે એમણે જવાબ વાળ્યો.

અરે એવું કેમ બોલો છો તમે ? શું થયું ? સરલાબેનથી નહીં રહેવાયું.

બસ કંઈ નહીં સરલા, જવાદે બધી વાત. ચાલ પહેલાં આપણું જમવાનું પતાવી લઈએ, તારી કામવાળી બાઈનો પણ આવવાનો સમય થઈ રહ્યો છે.

એમ કહીને વસંતલાલે પોતાનો બચાવ કર્યો અને કંઇ પણ કહેવાનું ટાળી ગયા. તેમ છતાં પોતાની મનોવ્યથાને તેઓ ખાળી નહીં શક્યા. રાત આખી અજંપાના અર્ધ-ઉજાગરામાં વીતાવી. બીજે દિવસે સવારે રોજીંદા સમય મુજબ ઊઠ્યા અને પોતાના નિત્ય કાર્યો પતાવી નાસ્તાના ટેબલ ઉપર બેઠા સરલાબેને બનાવેલ સ્વાદિષ્ટ અને ગરમાગરમ વટાણા પૌવા ખાવાની ઈચ્છા થઈ આવી પણ ગઈ કાલે સાંજે લીધેલો એક કઠોર નિર્ણય યાદ આવી ગયો, આજે હું જ્યારે કોઈના પેટ પર લાત મારવા જઈ રહ્યો છું ત્યારે મારું પેટ ભરવા બેસું એટલો સ્વાર્થી કેમ બની ગયો ?

પણ ધર્મપત્ની નિષ્ઠાને માન આપવા નાસ્તા બે- ચાર કોળિયા પેટમાં ઉતારી મનની મૂંઝવણને મનમાં જ ઠાલવીને તેઓ દુકાને જવા રવાના થઈ ગયા. ગઈકાલના નિર્ણયના પ્રતિઘાતો સતત તેમના મસ્તક પર હથોડાની જેમ મારો કરી રહ્યા હતા.

બે વર્ષ પહેલાં જ મારી સમગ્ર મૂડી લગાવીને કપડાનો આ શોરૂમ ખોલ્યો હતો પરંતુ સાત સાત મહિનાથી આવી પડેલા lockdownના પ્રતાપે દુકાનમાં અડધોઅડધ માલ વેચાયા વગરનો પડી રહ્યો છે અને ગ્રાહકો આવતા અટકી ગયા છે, તો પણ લેડીસ ડિપાર્ટમેન્ટની બે યુવતીઓ અને જેન્ટસ ડિપાર્ટમેન્ટમાં બે યુવકોને હું હજુ પોષી રહ્યો છું જે હવે દુષ્કર બની ગયું છે એટલે કરકસર કરવા અને દુકાનના ખર્ચાને પહોંચી વળવા હવે એકાદ માણસને નોકરીમાંથી પાણીચું આપવું જ પડશે. પણ કોની નોકરી છોડાવવી ? લેડીસ ડિપાર્ટમેન્ટની બંને યુવતીઓ અલકા અને સીમા ખૂબ જ ઈમાનદારીથી પોતાનું કામ સંભાળી રહ્યા છે, અને પાછું આખી દુકાનમાંથી વધુ વેચાણ તો લેડીસ ડિપાર્ટમેન્ટનું જ રહ્યું છે અત્યાર સુધી, એટલે એમાંથી એક ને પણ કાઢવામાં દુકાન માટે હિતાવહ નથી. તો જેન્ટ્સ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા મનોજ અને વિનોદ પૈકી મનોજ ખૂબ જરૂરિયાતમંદ છે કારણકે એના નાના પરિવાર માટે આ એક જ વ્યક્તિ છે અને એનું ઘર માત્ર એના પગાર થકી જ ચાલે છે, એટલે એને નોકરીમાંથી રજા આપવાનું પાપ હું કદીએ ના કરી શકું, પણ હા, વિનોદના ઘરે તેનો મોટો ભાઈ છે જે સારું કમાય છે અને વિનોદ તો હજુ તરવરિયો જુવાન છે, ખૂબ હસમુખ અને ઉત્સાહી છે, વાચાળ પણ છે, અને એસ.એસ.સી સુધી ભણેલો છે એટલે એને બીજી નોકરી મેળવવામાં બહું તકલીફ નહીં વેઠવી પડે. તો બસ હાલપૂરતું વિનોદનો જ હિસાબ કરી નાખું, બાકીનાનું પછી જોઈએ આગળ શું કરવું તે.

આમ સતત વિચારતા વિચારતા તેઓ દુકાને પહોંચી ગયા હતા. રોજિંદા ક્રમ પ્રમાણે દુકાનમાં પૂજા વિધિ પતાવી પોતાના ગલ્લા પર જઈ બેઠા અને પાણીનો ગ્લાસ મોઢે માંડતા માંડતા તેમણે ચારેય જણાને પોતાની પાસે બોલાવ્યા અને ગંભીર સ્વરે તેઓને સંબોધીને બોલ્યા, જુઓ બચાઓ, આખા વેપાર જગતમાં છવાયેલી મંદીથી તમે લોકો અજાણ તો નથી જ અને આપણી દુકાનની પરિસ્થિતિથી પણ તમે બખૂબી વાકેફ તો છો જ. આટઆટલો બધો માલ

માથે પડ્યો છે અને દુકાનમાં ઘરાકી નથી થઈ રહી. વળી ઓનલાઈન શોપિંગનો વાયરો હવે આંધી બનીને બધા વેપારના પાયા હચમચાવી રહ્યા છે એટલે આપણી દુકાનને પણ બચાવવાનાં પ્રયાસ રૂપે મારે હાલ પૂરતું તમારામાંથી એક જણને છૂટો કરવો પડશે એનું મને દુઃખ છે, પણ મારી મજબૂરીને પણ તમે સમજો.

અને ચારેય જણા દિગ્મૂઢ ચહેરે અને ચિંતિત ભાવે એકબીજાની સામે જોવા લાગ્યા. વધુ અચંબો અને અજંપો એમને અકળાવે એ પહેલાં વસંતલાલે જ ફોડ પાડી દીધો, બેટા વિનોદ, મને માફ કરજે, પણ આજે તારો જ હિસાબ કરવો પડશે મારે.

આખી દુકાનમાં એવો તો સોપો પડી ગયો કે જો એકાદ ટાંચણી પણ જમીન પર પડી હોત તો તેનો પણ અવાજ સંભળાયો હોત. વસંતલાલના આવા નિષ્ઠુર નિર્ણયથી હચમચી જવા છતાંય હંમેશ મુજબ હસમુખ સ્વભાવના વિનોદે સસ્મિત ચહેરે આંખો નમાવીને પોતાની સ્વીકૃતિ આપી દીધી. વિનોદમાં એટલી તો પરિપકવતા હતી અને સમગ્ર પરિસ્થિતિથિએ પણ અજાણ નહીં હતો, એટલે પોતાના શેઠની લાચારીને અપનાવીને કોઈપણ જાતના પ્રતિકાર વગર એણે શરણાગતિ લઈ લીધી, પણ તેના અન્ય ત્રણ સાથીદારો, ખાસ કરીને અલકાને કંઈક કહેવાની ઈચ્છા થઈ આવી એ પણ હિંમત બાંધી ન શકી એટલે ઈશારો કરીને સીમાને એણે જવાબદારી સોંપી દીધી.

સાહેબ, માફ કરજો પણ એક વાત કરી શકું છું આપને ? વિનાસંકોચે સીમાએ જવાબદારી ઉપાડી લીધી.

હા બોલ ને બેટા, શું કહેવું છે તારે ?

હવે સીમાને અન્ય સાથીદારોએ પણ આંખના ઈશારે હિંમત પ્રદાન કરી તો સીમા આગળ વધી -

કોઈ એકને સંપૂર્ણપણે બહાર કાઢવા કરતા અમારા ચારેયના પગારમાં થોડો કાપ મૂકી દો તો તમારી કરકસર કરવાની ગણતરી પણ જળવાઈ રહે અને અમને અમારો એક સાથી ગુમાવ્યાનો રંજ ન રહે !

એટલે કઈ રીતે ? વસંતલાલ થોડા મુંઝાયા.

સાહેબ, સીમા હવે વધુ સ્પષ્ટતા કરવા લાગી, વિનોદના ભાઈની પણ નોકરી નથી રહી હવે, અને એની મમ્મી પણ હાલમાં બહુ બીમાર રહ્યા કરે છે તો. અમે એમ વિચારી રહ્યા છીએ કે હવે અલકાએ પણ હિંમત કરીને સીમાનો સાથ પુરાવ્યો, હા સાહેબ, અમને હવેથી તમે અમારા પગાર પેટે ૧૨,૦૦૦/- રૂપિયા આપવા કરતા ૯૦૦૦/- આપશો તો પણ ચાલશે, તો એક જણના ત્રણ હજાર લેખે અમારા ચારે જણાના મળીને તમારા ૧૨૦૦૦/- રૂપિયા પણ બચી જશે અને વિનોદની નોકરી પણ સહી સલામત રહેશે.

વસંતલાલ બે ક્ષણ માટે અવાક્ બનીને અલકાને અને સીમાને નિરખતાં જ રહ્યા. પછી ચારેયને સંબોધીને પૂછ્યું, પણ તમને બધાને ઓછા પગારમાં કામ કરવું પરવડશે ?

હા સાહેબ ! હવે મનોજે મક્કમ સ્વરે ઉત્તર વાળ્યો, સાહેબ અમારો એક સાથી સંપૂર્ણ ભૂખ્યો રહે એના કરતા અમે જ થોડું ઓછું જમીએ તો અમારા પેટને થોડો આરામ તો મળશે અને અમારા મનને પણ સંપૂર્ણ સંતોષ મળી રહેશે.

વસંતલાલ પાસે હવે કોઈ જ પ્રત્યુતર ન હતો. ફક્ત મનમાં એક વાતનો અફસોસ રહી ગયો કે કોઈ ભૂખ્યા ના ભેરુ થવા માટે ઉંમરની પરિપકવતાની જરૂર નથી, પણ જરૂર છે પોતાના ભેરુ માટે ભૂખ્યા રહેવાના અચળ મનોબળનું.

❖❖❖

# વિદ્યાર્થી દત્તક યોજના

## માતુશ્રી સમતાબેન માણેકલાલ શેઠ સ્કૂલ ફી સહાય યોજના

## તથા

## શ્રીમતી કોકિલાબેન વિનોદચંદ્ર વ્રજલાલ શેઠ વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સભા સંચાલિત ઝાલાવાડી સભાના સભ્યોનાં બાળકો (વિદ્યાર્થી) ને સ્કૂલ - કૉલેજ ફી સહાય સંસ્થા તરફથી કરવામાં આવે છે. સ્કૂલ ફી/ કૉલેજ ફી ના ફોર્મ ઑનલાઈન www.zalawadi.com સાઈટ ઉપરથી મેળવીને ભરવાનું રહેશે, અથવા સંસ્થાની ઑફિસે રૂબરૂ જઈને લેવાનું રહેશે. આ ફૉર્મમાં ઝાલાવાડ સભાના કારોબારી સમિતિના સભ્ય અથવા કોઈપણ ઝાલાવાડ સભાના સ્થાનિક પ્રતિનિધિની સહી લેવાની રહેશે. આ ફૉર્મ સાથે છેલ્લુ ઈલેક્ટ્રીક બીલ, છેલ્લા વર્ષની માર્કશીટ, મેમ્બરશિપ રસીદ અથવા નંબરની ઝેરોક્ષ સાથે તારીખ ૧૫-૦૬-૨૦૨૨ સુધીમાં સભાની ઑફિસે જમા કરાવવાનું રહેશે.

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૨-૨૦૨૨ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| શ્રી દિનેશભાઈ શાંતિલાલ શેઠ પરિવાર - અંધેરી | ૨૦,૦૦,૦૦૦/- |
| શ્રી વસંતલાલ નાનાલાલ સંઘવી પરિવાર - સાયન | ૫,૦૦,૦૦૦/- |
| શ્રીમતી મનિષાબેન મિનેશભાઈ શાહ - મુંબઈ | ૫,૦૦,૦૦૦/- |
| શ્રી મુગટભાઈ ગફલભાઈ દોશી પરિવાર - ઘાટકોપર | ૫,૦૦,૦૦૦/- |
| શ્રીમતી કુમુદબેન મહેન્દ્રભાઈ શાહ (ટોળિયા) વર્લી | ૫,૦૦,૦૦૦/- |
| માતુશ્રી જ્યોત્સનાબેન ધીરજલાલ તલકચંદ શાહ - મલાડ | ૪,૦૦,૦૦૦/- |
| શ્રીમતી જયશ્રીબેન મહેન્દ્રભાઈ ડેલીવાળા - મુંબઈ | ૨,૦૦,૦૦૦/- |
| શ્રીમતી સંધ્યાબેન બિપિનભાઈ શાહ - કાંદિવલી | ૧,૦૦,૦૦૦/- |
| શ્રી મુકેશભાઈ હિંમતલાલ શાહ - મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| સ્વ. પ્રવિણભાઈ ભોગીલાલ ગોપાણી પરિવાર - કાંદિવલી | ૧,૦૦,૦૦૦/- |

## સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

વિક્રમભાઈ શીવલાલ શાહ - કાંદિવલી સ્વધર્મી સહાય ફંડ ૫૦૦૧

ડૉ કુરિયા કૌશલ શાહ ને ગોલ્ડ મેડલ મેડિસિનમાં મળેલ છે
હસ્તે દેવીબેન અનિલભાઈ શાહ ૫૦૦૦

## વેવિશાળ

**સન્ની — જીનાલી** (વર પક્ષ કન્યા પક્ષ)
શ્રીમાન શેઠશ્રી ભૂપતભાઈ મહિલાલ અજમેરાના સુપુત્ર કંથારિયા નિવાસી (હાલ - કાંદિવલી)
શ્રીમાન શેઠશ્રી કેતનભાઈ નરોતમભાઈ શાહની સુપુત્રી પાળીસણા નિવાસી (હાલ - કાંદિવલી) ૧૧૦૧ ૧૧૦૧

**શ્રેણીલ — સ્નેહા**
શ્રી મુકેશભાઈ વર્ધમાનભાઈ દોશીના સુપુત્ર રાણપુર નિવાસી (હાલ - બોરીવલી)
શ્રી ગુણવંતભાઈ પાનાચંદભાઈ ડગલીની સુપુત્રી ગોદાવરી નિવાસી (હાલ - મલાડ) ૫૦૧ ૫૦૧

**પ્રિયાંશ — વનિતા**
સ્વર્ગસ્થ શેઠશ્રી યોગેશભાઈ કાંતિલાલ તુરખિયાના સુપુત્ર સુદામડા નિવાસી (હાલ-નાલાસોપારા)
શેઠશ્રી સોહનલાલજી કાલુલાલજી પોખરની સુપુત્રી વાટી ઊદયપુર નિવાસી (હાલ - નાલાસોપારા) ૨૫૧ ૨૫૧

**જીનાંગ — આકાંક્ષી**
શ્રી કિરીટભાઈ ચીમનલાલ કોઠારીના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - સાંતાક્રુઝ)
શ્રી બસંતકુમાર ઉમેદમલજી બોથરાની સુપુત્રી રતલામ નિવાસી (હાલ - જાવરા) ૫૦૧ ૫૦૧

**પંક્તિ — ભક્તિ**
શ્રી સ્વ. જયેશભાઈ જયંતીલાલ સંઘવીના સુપુત્ર લખતર નિવાસી (હાલ - કાંદિવલી)
શ્રી કિર્તિકુમાર ચંપકલાલ શાહની સુપુત્રી ખડસલીયા નિવાસી (હાલ - ભાયંદર) ૨૫૧ ૨૫૧

## પ્રભુતામાં પગલાં

**ઈશાન - પ્રાચી** (વર પક્ષ કન્યા પક્ષ)
મહેશભાઈ દલીચંદભાઈ લોદરીયાના સુપુત્ર મોરબી નિવાસી (હાલ - કાંદિવલી) શ્રી નિખિલભાઈ રમેશભાઈ મહેતલીયાની સુપુત્રી રંગપુર બોટાદ નિવાસી (હાલ - કાંદિવલી) ૧૧૦૦ ૧૧૦૦

**પંક્તિ - ભક્તિ**
શ્રી સ્વ. જયેશભાઈ જયંતીલાલ સંઘવીના સુપુત્ર લખતર નિવાસી (હાલ - કાંદિવલી) શ્રી કીર્તિકુમાર ચંપકલાલ શાહની સુપુત્રી ખડસલીયા નિવાસી (હાલ - ભાયંદર) ૫૦૧ ૫૦૧

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- પુજ્ય પિતાશ્રી શાંતિલાલ ચત્રભુજ શાહની જન્મ શતાબ્દી નિમિત્તે સંધ્યાબેન બિપિનભાઈ શાહ તરફથી
- વિંછીયા નિવાસી (હાલ - ઘાટકોપર) સ્વ. દિવ્યાબેન કિર્તિકાંત અજમેરાના સ્મરણાર્થે હ : શ્રી કિર્તિકાંત શીવલાલ અજમેરા
- માતુશ્રી કાંતાબેન રસીકલાલ મનસુખલાલ ગાંધીના સ્મરણાર્થે હ. વિક્રાંત વિરેન્દ્રભાઈ ગાંધી - પૌત્ર
- એક સદ્‌ગૃહસ્થ તરફથી (ઘાટકોપર)
- ઈન્દિરાબેન રસીકલાલ વોરા - અંધેરી
- પ્રિયાંક અને મિરાજ શાહ - બોરીવલી
- લીંબડી નિવાસી (હાલ - ઘાટકોપર) સ્વ. અ.સૌ. ગુણીયલબેન રસીકલાલ શાહના સ્મરણાર્થે હ. રસીકલાલ જવેરચંદ શાહ
- રક્ષાબેન નિલેશભાઈ વોરા - કાંજુરમાર્ગ
- રાજ નિલેશભાઈ વોરા - કાંજુરમાર્ગ
- દેવીબેન અનિલભાઈ શાહની ૫૦ મી લગ્નતિથિ નિમિત્તે - અંધેરી
- વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) શ્રીમતી વસુમતીબેન કનકરાય શાહના સ્મરણાર્થે. હ. પ્રમોદિનીબેન જયેશભાઈ શાહ
- સ્વ. કાંતિલાલ (કાકુભાઈ) રતિલાલ સંઘવી હસ્તે : હેમલતાબેન કાંતિલાલ સંઘવી

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
**9860125136**
પંચગીની : નિરવભાઈ
**9819012468**

માથેરાન તથા સંસ્થાના અન્ય કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો. **9867748120**

પત્રિકા જાહેરખબર
દેવલાલી :
આશાબેન
**9819956529**

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ
**9099350644 / 9426756100**
મુંબઈ - મિલનભાઈ તુરખિયા
**9860125136 / 7208472884**

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**



# અલૌકિક દર્શન

**એ**ક વિદ્વાન કથાકાર એક ગર્ભ-શ્રીમંતની હવેલીમાં શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરી રહ્યા હતા. એમની આકર્ષક કથનશૈલીમાં સૌ ડૂબી ગયા હતા કારણ! કારણકે તેઓ શ્રીકૃષ્ણની બાળલીલા વિશે વાત કરી રહ્યા હતા. તેઓ માતા યશોદા કાનાને ભાત ભાતનાં દાગીના પહેરાવી રહ્યા હતા એનું આબેહૂબ વર્ણન કરી શ્રોતાગણને ઠેઠ ગોકુળ નંદની હવેલીમાં લઈ ગયાં. એ જ વખતે હવેલીમાં એક અઠંગ ચોર પ્રવેશ્યો. માતા યશોદા આકર્ષક દાગીના પહેરેલાં લાલાને જોતાં ધરાતા નહોતાં તેનું રસાળ વર્ણન કરી પ્રસંગ જીવંત કરી રહ્યા હતા. માનો ઠુમક ઠુમક કરતો લાલો હવેલીમાં ફરી રહ્યો હતો અને મા પાછળ પાછળ.

પેલો ચોર આ વર્ણનમાં ડૂબી ગયો અને વિચારવા લાગ્યો, આટલાં ઘરેણાં પહેરીને આ લાલાને એની મા ગાયો ચરાવવા મોકલશે! આ બધાં ઘરેણાં મને મળી જાય તો મારે નાની મોટી ચોરીઓ નહીં કરવી પડે. કથા પૂરી થવામાં જ હતી ને ચોર ત્યાંથી નીકળી ગયો. એક જગ્યાએ ઊભો રહી કથાકારની રાહ જોવા લાગ્યો.

કથાકાર આવતાં જ ચોરે એની સાથે ચાલવા માંડ્યું. એ જોઈ કથાકારને ડર લાગ્યો કે આજે મળેલી દક્ષિણા ગુમાવવી પડશે કે શું! એમણે કહ્યું, મારી પાસે કંઈ નથી ભાઈ! ચોરે એમને સહજ થવા કહ્યું અને બોલ્યો, મારે તમારી પાસે કંઈ જોઈતું નથી. મને બસ પેલાં બાળકનું ઠેકાણું બતાવી દો. કથામાં તમે વાત કરી એ ઘરેણાં પહેરેલાં છોકરડો ક્યાં મળશે એ કહી દો જલદી નહીં તો....

કથાકાર જરા વાર તો મૂંઝવણમાં મુકાઇ ગયા પણ પછી સમયસૂચકતા વાપરી વૃંદાવનનું ઠેકાણું આપ્યું અને યમુના નદીના કિનારે આ બાળક રોજ ગાય ચરાવવા આવે છે એમ કહી એ શ્યામવર્ણા બાળક પાસે મુરલી હોવાનું જણાવ્યું. એની સાથે બીજો ગૌરવર્ણ ધરાવતો બાળક હોય છે એમ કહી પોતાની જાન છોડાવી.

ચોર તો ત્યાંથી સીધો વૃંદાવનની વાટે નીકળી પડ્યો. કથાકારનાં વર્ણન પ્રમાણે બરાબર લીલીછમ વનરાજીમાં એક ઝાડ પર ચઢી એ બાળકની રાહ જોવા લાગ્યો. દિવસ ચઢતા એને દૂરથી શીતળ હવાની લહેરખી વર્તાઈ અને સાથે જ ધીમો વાંસળીનો સૂર. એણે એ દિશા તરફ જોવા માંડ્યું અને .. બે કામણગારા બાળકો પોતાની મસ્તીમાં આવી રહ્યાં હતાં. ચોર તો બે-બે ઘરેણાંની પેટીઓને લાલચથી નીરખી રહ્યો. મનમાં એણે માતાને ભાંડી કે આવાં કાળજાંનાં કટકાને વનમાં શા માટે ગાય ચરાવવા મોકલતી હશે, એ પણ આટલાં સુંદર ઘરેણાં પહેરી!

ચોર ઝાડ પરથી નીચે ઊતરી બંનેને અપલક નયને જોતો જ રહ્યો.એણે કાનાને સમક્ષ જોયો અને ભાન ભૂલી ગયો. બંને બાળકો એની સામેથી પસાર થઈ ગયાં એની ખબર જ ન પડી. એણે બૂમ પાડી, એય .. ઊભાં રહો અને બાળકૃષ્ણનો હાથ પકડી લીધો. માનો એક વીજપ્રવાહ પસાર થયો એનાં અસ્તિત્વમાંથી. એનાં સમસ્ત દુષ્કર્મ હવામાં વરાળ બનીને ઊડી ગયાં.

નિર્દોષ કાનાએ ચોરને પૂછ્યું, તમે કોણ છો ? મને તમને જોઈ ડર લાગે છે. મારો હાથ છોડી દો. ચોરનું તો આખું અસ્તિત્વ જ બદલાઈ ગયું હતું, એણે કરગરીને કહ્યું, મને હાથ છોડવા ન કહે બાળક. મારો કરડાકી ભર્યો ચહેરો મારાં ખરાબ કામોની છબી છે. તને ડર લાગતો હોય તો હું છોડી દઉં છું હાથ. ચોરની શરણાગતિ જોઈ કાનાને કરુણા ઊપજી અને એને એનો હેતુ યાદ કરાવ્યો, આ લઈ લો મારા દાગીના.

વિમાસણમાં પડેલા ચોરને ચોરી તો વીસરાઈ જ ગઈ હતી. થોથવાતા એણે પૂછ્યું, હું આ ઘરેણા લઈ લઈશ તો તારી માતાને શું કહીશ ? તને વઢશે. કાનાએ હસતા કહ્યું, એની ચિંતા ન કરો, મારી પાસે તો આટલા બધા દાગીના છે. તમને ખબર છે, હું તમારાથી મોટો ચોર છું. તમારી અને મારી વચ્ચે શું ફરક છે જાણવું છે ? હું ગમે તેટલી ચોરી કરું તો યે માલિક ફરિયાદ ન કરે. હા, હું તો લોકોનું ચિત્ત ચોરનારો, ચિત્તચોર છું. તમારી પાસે પણ એક અણમોલ વસ્તુ હતી એ તમને ખબર નહોતી, એ હતું દિલ (ચિત્ત) !એ મેં ચોરી લીધું છે. એમ કહી એક મનમોહક હાસ્ય

સાથે બંને બાળકો વિલીન થઈ ગયાં.

ચોર હજુ ભાનમાં આવે, કંઈ સમજે એ પહેલાં તો ઘરેણાં ભરેલો થેલો એના ખભા પર આવી પડ્યો. એણે જોયું તો કથાકારે ભાગવત પઠન વખતે વર્ણન કરેલ બધાં દાગીના એમાં હતાં. ચોર તો એ લઈ સીધો કથાકારને ઘરે આવી પહોંચ્યો. એણે પોતાને થયેલ દિવ્ય અનુભૂતિ વિશે વાત કરી સાથે થેલામાંથી દાગીના કાઢી બતાવ્યા.

કથાકાર તો ચોધાર આંસુડે રડવા લાગ્યા અને ચોરને વિનવણી કરી કે એને એ સ્થળે લઈ જાય જ્યાં કાનાને જોયો હતો. ચોર તો કથાકારને બરાબર એ જ સ્થળે લઈ આવ્યો જ્યાં એને અલૌકિક દર્શન થયાં હતાં. બંને જણાં પ્રતિક્ષા કરી રહ્યા હતા ત્યારે ફરી શ્યામ વર્ણો કાનો અને ગૌરવર્ણ બલરામ ગાય ચરાવવા આવી પહોંચ્યા. ચોર તો રાજીના રેડ થઈ નાચવા લાગ્યો પણ.. કથાકારને માત્ર કંઈ ન દેખાયું.

હતાશ થઈ એમણે આર્જવતાથી કાનાને પૂછ્યું , આ ચોરને તમે બે-બે વાર દર્શન દીધાં, મારી આજ સુધીની કથાની કોઈ ગણતરી નહીં ! મને કેમ નથી દેખા દેતાં ? કરુણાનિધિ કાનાએ તરત જવાબ દીધો, તમે આજ સુધી ભાગવત કથા એક વાર્તા તરીકે કરી કે અર્થોપાર્જનનાં સાધન તરીકે કરી પણ, આ તસ્કરે જીવનમાં પહેલીવાર ભાગવત શ્રવણ કરી મારામાં શ્રદ્ધા રાખી અહીં સુધી મને મળવા દોડી આવ્યો. હું તો ભાવનો ભૂખ્યો અને શ્રદ્ધાનો ગુલામ. કથાકાર વૃંદાવનની રજ પામવા ત્યાં આળોટી પડ્યા.

*કહે કબીર સુનો ભાઈ સાધો, મૈં તો હૂં વિશ્વાસમેં;*
*મૌ કો કહાં ઢૂંઢે રે બંદે મૈં તો તેરે પાસમેં !*

❖❖❖



**શ્રી પ્રવીણકાંત કેશવલાલ સંઘવી**

૫૦ વર્ષોથી સામાજિક ક્ષેત્રે કાર્યરત લીંબડી નિવાસી, હાલ ઘાટકોપર, **શ્રી પ્રવીણકાંત કેશવલાલ સંઘવી** તારીખ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૨ના અરિહંત શરણ પામ્યા છે. તેઓ ઘાટકોપર ઝાલાવાડી મિત્ર મંડળના ભૂતપૂર્વ ટ્રસ્ટી તેમ જ ઘાટકોપર જૈન સોશિયલ ગ્રુપ, સમસ્ત લીંબડી સંઘવી કુટુંબ ગ્રુપ મુંબઈ, ઘાટકોપર લીંબડી મિત્ર મંડળ, લીંબડી કેળવણી મંડળના ભૂતપૂર્વ હોદ્દેદાર અને દેવલાલી સેનેટોરિયમના દાતા એવા સમાજને ઉપયોગી થાય એવાં કાર્યો કરવામાં હંમેશાં અગ્રેસર રહેતા માનનીય પ્રવીણભાઈની ખોટ ઝાલાવાડી સમાજને કાયમ રહેશે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

## સમાચાર સંકલન | ઝાલાવાડ મહિલા મંડળ – અંધેરી

ઝાલાવાડ મહિલા મંડળ અંધેરીની સ્થાપના ઑક્ટોબર ૧૯૭૪ માં થઈ અને તેના સ્થાપક, કર્તવ્યનિષ્ઠ કોકિલાબેને ૪૮ વર્ષ સુધી અવિરતપણે વિવેકપૂર્વક સર્વ સાથીઓની સાથે પ્રમુખપદ શોભાવીને મંડળને ઉત્તરોત્તર પ્રગતિ કરાવી છે તે માટે તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.

ઝાલાવાડ મહિલા મંડળ અંધેરીએ તારીખ ૧૪-૩-૨૦૨૨ ના રોજ મેયર્સ હોલ અંધેરીમાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું. જેમાં બૃહદ્‌મુંબઈ ઝાલાવાડ મહિલા મંડળના પ્રમુખ કોકીલાબેન શેઠની સાથે બીજા ૧૧ મંડળના પ્રમુખ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆત શ્રી નવકારમંત્રની આરાધનાથી કરવામાં આવી અને પછી સંગીતનો રંગારંગ કાર્યક્રમ શરૂ થયો જેમાં નાના મોટા સર્વ બહેનોએ બધા જ મંડળના પ્રમુખ / ઉપપ્રમુખ સાથે રહીને ભવ્ય સંગીત કાર્યક્રમ માણ્યો. સર્વેના મુખ ઉપર લાંબા સમયના કોરોના કાળના લૉકડાઉન અને ટેન્શન પછીનો જે આનંદ ઉત્સાહ દેખાતો હતો તે ખરેખર અવર્ણનીય હતો. મનીષાબેન શાહ, શ્રુતિબેન શાહ અને પુષ્પાબેન જસવાણીએ અતિથિવિશેષ તરીકે પધારીને મંડળનું ગૌરવ વધાર્યું અને માતબર અનુદાન આપીને મંડળ વધુ ઉન્નતિના માર્ગે પ્રયાણ કરે અને નારી શક્તિ આગળ આવે તેવી શુભેચ્છા આપી.

આ કાર્યક્રમ કરવા પાછળ ડૉ. હીનાબેન શેઠ અને દેવીબેન શાહ અને વર્ષાબેન શેઠની એક જ ભાવના કે આપણી બહેનો આગળ આવે અને નારીશક્તિનો પરિચય આપે. સ્ટેજ ઉપરથી દેવીબેનનો ઉત્સાહ અનેરો દેખાતો હતો. સૌની સાથે સર્વને બિરદાવતાં દેવીબેને ખરેખર કાર્યક્રમ ખૂબ જ સારી રીતે બિરદાવ્યો.

ઉત્સાહપૂર્વક અને આનંદપૂર્વક સર્વે બહેનોને જમણવાર સાથે ખૂબ જ ઉપયોગી રિટર્ન ગિફ્ટ આપીને સૌનું બહુમાન કર્યું.

❖❖❖

|| SHRI MAHAVIRAYA NAMAHA ||

# BIO-DATA



**PERSONAL INFORMATION :**

| | | |
|---|---|---|
| NAME | : | Gunjan Anil Shah |
| DATE OF BIRTH | : | 15th April, 1985, 8.30 a.m., Jalgaon |
| CASTE | : | Zalawadi Swetamber Moortipoojak Jain |
| HEIGHT & COLOUR | : | 5' 8", Wheatish |
| EDUCATION | : | B.S.L. L.L.B., DTL. |
| OCCUPATION | : | Associate Partner at Law Firm : M/s Desai & Diwanji, Mumbai. |
| MARITAL STATUS | : | Divorcee (Married - March 2018, Separated - April 2018, Divorced - October, 2021) |
| HOBBIES | : | Cricket, Movies, Travelling, Listening music. |

**FAMILY DETAILS :**

| | | |
|---|---|---|
| FATHER | : | Shri Anil Shah, Income Tax Consultant [ ☎ : 93722 66588] [S/O Late Shri Kasturchand Ladakchand Shah] Native : Malwan [Dhrangadhra] |
| MOTHER | : | Smt. Jyoti Anil Shah [D/O Late Shri Babulal Jivraj Khandhar, Chennai] |
| ELDER BROTHER | : | Shri Jai Shah, Chartered Accountant, Jalgaon [ ☎ : 93722 77588] Married to Khyati [D/O Shri Chandrakant Ramaniklal Kamdar, Raipur] |

**RELATIVES**

| | | |
|---|---|---|
| UNCLES | : | 1) Shri Navinchandra Shah, Jalgaon<br>2) Shri Rajendra Shah, Jalgaon [☎ : 98230 11668]<br>3) Shri Chandrakant Shah, Pune [ ☎ : 93722 44588] |
| MAMAJI | : | Shri Ramesh B. Khandhar, Chennai [ ☎ : 09444 049801] |

**COMMUNICATION ADDRESS :**

| | | |
|---|---|---|
| RESIDENCE (MUMBAI) | : | 1201, Swastik Heights CHSL, Plot No. NDR - 23, Near Sahakar Plaza, Tilaknagar, Mumbai - 400 089.<br>☎ : 93733 63063, ✉ : gunjanshah@outlook.com |
| OFFICE | : | 'Kasturi', C/o. Mahendra D. Shah, 235, Jilha Peth, Next to Orchid Hospital, Jalgaon - 425 001.<br>☎ : 0257 - 2226588, ✉ : jaishahkjn@gmail.com |
| RESIDENCE | : | 'Jai Ambe' 24, Patel Nagar, Opp. New Bhagirath High School, Near Collector Bungalow, Jalgaon - 425 002. ☎ : 0257 - 2260488 |

(Advt.)

**BIO-DATA**

**VISITING INDIA FROM 18TH APRIL 2022 TO 15TH JUNE 2022**



# SMIT VIJAY SHAH

Cell : + 1 (857) 498-9209
Email : shahsmit14@gmail.com
Date of Birth : 14th June 1990
Place : Vasai (Maharashtra)
Time of Birth : 07:10 A.M.
Height : 6'-0"
Caste : Zalawadi Vishashrimali - Stankavasi Jain
Education : Ms in Information Systems (Northeastern University, Boston, MA, USA)
BE in Information Technology (Mumbai University)
Profession : Current : **Senior Software Engineer, Big Data** at Zillow Inc., **Seattle,** USA
Past : Software Engineer at Quinnox, Andheri, Mumbai
Visa Status : H1B (Applied for Green Card)
Interest : Technology, Music, Games, Trekking, Exploring Food and New Places

## FAMILY DETAILS

Father : Vijay Nanalal (Navinchandra) Shah - 9423 082 059
Business : Kevin Storage System / Kevin Trading Co. (Vasai) - kevintco@gmail.co
Industrial & Retail Storage Systems
Mother : Sonal Vijay Shah - Homemaker - 7798 420 550
Elder Brother : Kevin Vijay Shah (CA) - 9970 529 009
Sister In Law : Devanshi Kevin Shah (LLB.) - 9920 145 692
Residence : B-1303, Shree Siddhivinayak Tower, Chikuwadi, Opp. Phoenix Hospital, Borivali - West, Mumbai - 400092. Maharashtra, India.
Native Place : Wadhwan City - Gujarat

## PATERNAL DETAILS

Dada : Late. Shri Nanalal Hargovinddas Jivrajbhai Shah
Dadi : Late. Smt. Jaswantiben Nanalal Shah

## MATERNAL DETAILS

Nana : Late Shri Rasiklal Chhotalal Sanghvi (Surendranagar)
Nani : Late Smt. Hiraben Rasiklal Sanghvi

**Looking for Prospects who are in USA or willing to move to USA**

(Advt.)

## હાર્દિક અભિનંદન



### શાહ પરિવારનું ગૌરવ

**C.A. નીલ વૈશાલી વિમલ શાહ**
ઉં વર્ષ – ૨૩
(સુરેન્દ્રનગર નિવાસી
હાલ – કાંદિવલી, મુંબઈ)

**શ્રીમતી વૈશાલી વિમલ શાહ તથા શ્રી વિમલ નરેન્દ્રભાઈ શાહના સુપુત્ર ચિ. નીલ C.A. Final માં ડિસેમ્બર ૨૦૨૧ ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે.** ચિ. નીલે મેળવેલ આ સિદ્ધિ બદલ સર્વે કુટુંબીજનો તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના અને અંતરના આશીર્વાદ...

**શુભેચ્છકો**

દાદા : શ્રી નરેન્દ્રભાઈ જગજીવનદાસ શાહ
દાદી : શ્રીમતી હંસાબેન નરેન્દ્રભાઈ શાહ
નાના : શ્રી વિનયચંદ્ર ધીરજલાલ ગોસલિયા
નાની : શ્રીમતી રસીલાબેન વિનયચંદ્ર ગોસલિયા

(Advt.)


Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M.,
C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

AUTO WORLD®
Complete Car Solutions


**Mobile Van:** Nisarg Heaven CHSL, Pawandham Lane, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099
*Now also at Borivali*
**WORKSHOP :** Ahead of BPCL Petrolpump, Now Link Road, I. C. Colony, Borivali (W), Mumbai - 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE
- FREE PICKUP & DROP SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS
Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com
www.autoworldindia.in

(Advt.)


## અભિનંદન



રોનિત .... ૧૮ વર્ષની નાની વયમાં કંઇક નવીન વિચારધારા ધરાવતો જૈન ધર્મમાં ખૂબ જ આસ્થા ધરાવતો યુવક ... જેને તેના વિચારને સાર્થક કરવા બીજા યુવાનો જેઓ અમેરિકા – ઓસ્ટ્રેલિયા કે બીજા દેશમાં વધુ અભ્યાસ અર્થે જતાં હોય છે.. પરંતુ તેણે અહીંયા ન જતા જાપાન જવાનું નક્કી કર્યું. જ્યાં આપણા ભારતીય વિદ્યાર્થી બહુ ઓછા જતાં હોય છે. જાપાન એક એવો દેશ છે જે તેની ઈકોનોમી, પોલિટિકલ પાવર, દેશ માટે કંઇ પણ કરી છૂટવાની ભાવના, તેમની શિસ્ત માટે પ્રખ્યાત એવા દેશ માં International Business Managementમાં ઉચ્ચ અભ્યાસ માટે Ritsumeikan Asia Pacific University માં જે Oita Prefecture, South of Japanમાં આવેલી છે ત્યાં જવાનું નક્કી કરેલ છે. તેને અમારા અદાણી પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને આશીર્વાદ. તે તેની દરેક મનોકામના પરિપૂર્ણ કરી અદાણી પરિવારનું પણ નામ રોશન કરે તેવી શુભકામના.

**પ્રાઉડ ગ્રાન્ડ પેરેન્ટ્સ**

**શ્રીમતિ પન્નાબેન પ્રબોધભાઈ**
**શાંતિલાલ અદાણી**

**પ્રાઉડ પેરેન્ટ્સ**

**રાજીવ અદાણી અને મનાલી અદાણી**
**તેમ જ અદાણી પરિવાર**

(Advt.)

# માસિક પુણ્યતિથિ

।। પિતૃદેવો ભવઃ।।

અવનિ અવતરણ
૧૮-૧૨-૧૯૪૨



અરિહંતશરણ
૧૦-૩-૨૦૨૨

## સ્વ. બિપિનભાઈ મોતીલાલ શાહ

રોજકા નિવાસી - હાલ : બોરીવલી

અમારા જીવનના ઘડવૈયા, સહુના માર્ગદર્શક, કુટુંબના
મોભી તથા અમારા આધારસ્તંભને કોટિ કોટિ વંદન.
અમે ગુમાવ્યા શિરોમણિના મીઠા અંતરના ધબકારા
કુટુંબ પ્રત્યેનો અખૂટ આશીર્વાદનો ભંડાર,
અમર રહે તમારા સ્મરણ અને સંસ્કાર
કુટુંબ પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ,
સમાજ પ્રત્યેની ફરજો જેવા તમારા આદર્શ,
ઉમદા સંસ્કારથી ભરપૂર એવા આપના દિવ્ય આત્માને
અમારા સહુના શત્ શત્ વંદન
શ્રદ્ધા સુમન આપતા શબ્દો ખૂટે છે
શ્રદ્ધાંજલિ આપતા હેયુ ચોધાર આંસુએ રડે છે.

### શ્રદ્ધાસુમન અર્પણ

**સ્વ. સરોજબેન બિપિનભાઈ શાહ**

| | | |
|---|---|---|
| પુત્ર - પુત્રવધૂ | : | જેસલ તોરલ |
| દીકરી - જમાઈ | : | શિલ્પાબેન નિલેશભાઈ શાહ |
| | | જીજ્ઞાબેન અમિતભાઈ શેઠ |
| પૌત્ર | : | કેવલ |
| દોહિત્ર | : | હર્ષ, હર્ષીલ, હિત |

**સમસ્ત મોતીલાલ નાગરદાસ શાહ રોજકા પરિવાર**

**શ્વસૂર પક્ષ ચંપકલાલ કસ્તૂરચંદ શાહ**

**નાથાભવનવાળા**

Advt.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી પ્રવિણચન્દ્ર નાનચંદભાઈ દોશી

જન્મ તા : ૨૫-૧૧-૧૯૩૭ ◆ અરિહંતશરણ : ૧૫-૨-૨૦૨૨

*જીવન સદા એવું જીવ્યા કે, પ્રેરણા સ્રોત બની ગયા,*
*કર્મ સદા એવા કર્યા કે, સૌના દિલમાં વસી ગયા.*
*એવા એ સદ્ગતને શત્ શત્ નમન...*
*પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ*
*શાંતિ આપે અને આપનો આત્મા વહેલામાં વહેલો*
*મોક્ષ ગતિને પામે એ જ પ્રાર્થના...*

### લિ. આપના સ્વજનો

| | |
|---|---|
| માતા-પિતા | : સ્વ. રંભાબેન નાનચંદભાઈ દોશી |
| ધર્મપત્ની | : રમાબેન પ્રવીણચન્દ્ર દોશી |
| પુત્ર-પુત્રવધૂ | : સૌરભ (સતીષ) - માલા |
| | રાજેશ - પ્રીતિ |
| પુત્રી-જમાઈ | : સંગીતા રાજેશકુમાર સંઘવી |
| પૌત્ર-પૌત્રવધૂ | : પુનિત-રિધ્ધિ, ચિંતન-જેનિકા, |
| | જીમીત-નુપુર |
| પૌત્રી-જમાઈ | : એકતા ઋષભકુમાર શેઠ |

**સ્વ. નાનચંદભાઈ ઉજમશીભાઈ દોશી પરિવાર**

**(સુરેન્દ્રનગર)**

**સ્વ. જાદવજીભાઈ ગફલભાઈ સંઘવી પરિવાર**

**(રાણપુર)**

Advt.

# શ્રદ્ધાંજલિ



જન્મ તા.
૧૫-૫-૧૯૩૬

અરિહંતશરણ
૬-૪-૨૦૨૧

પાળીયાદ નિવાસી – હાલ ભાયંદર (વેસ્ટ)

## સ્વ. લલીતાબેન ત્રંબકલાલ શાહ

હે ! જનની દાતા જનની, બા યાદ તમારી આવતા મનડુ
મુંજાય છે. દીલડુ દુ:ખે છે, હૃદય રડે છે.
ઈશ્વરને જ્યારે પૃથ્વીના પટાંગણમાં આવવાનું મન થયું
ત્યારે મા નું સ્વરૂપ લઈ ને આવ્યા.
અમારી પ્રેરણાશક્તિ, પંથદર્શક, મમતાળું માતા,
સ્વ. લલીતાબેનની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
વંદન કરી કહે છે બા તમારા આપેલા સંસ્કારનો વારસો સારી
રીતે નિભાવી શકે તેવા અંતરીક્ષમાંથી આશીર્વાદ આપજો.
તમારા તપ, ત્યાગ અને આજીવન ધર્મભાવનાને
શત્ શત્ વંદન.

**ત્રંબકલાલ તળશીદાસ શાહ પરિવાર**

**પુત્ર-પુત્રવધૂ** : કિરીટ - કુમુદ
રમેશ - હીના
દીનેશ - શીલા

**દીકરી - જમાઈ** : ભારતી રમેશકુમાર સંઘવી
સુધા જીતેન્દ્રકુમાર સંઘવી
પ્રફુલ્લા રાજેન્દ્રકુમાર શાહ

**પૌત્ર-પૌત્રવધૂ** : આશિષ-ધરા
જીગર-ફોરમ
કુણાલ - મહેક

**પૌત્રી -જમાઈ** : મેઘના ભાવીનકુમાર સંઘવી
રૂપાલી મહાવીરકુમાર શાહ
મોનીકા જીગરકુમાર શાહ
આરવ, પ્રીશા, હેત, ધ્રીતીલ, સત્વ

**જય જીનેન્દ્ર**

Advt.


**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar,**
**Mumbai - 400 002.**
**7208472884 • 7208481791**
**7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL)
RS.250/ without Patrika (including GST)
RS 100 EXTRA FOR NEW MEMBER
REGISTRATION FEES

(1-A) YEARLY MEMBERSHIP FEES (RENEWAL)
RS.350/ With Patrika (including GST) RS 100
EXTRA FOR NEW MEMBER REGISTRATION
FEES

(1-B) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including
GST 18%

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST

**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 x 199 mm)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 x 234 mm)

**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-

**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-

**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

FOR 1 YEARS RS.400 + 72 = 472/-

**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-

(3) **SANATORIUM BOOKING** NO GST UPTO
ROOM CHARGES RS.1000/- PER DAY ABOVE
RS 1000 ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

(Advt.)

# શ્રદ્ધાંજલિ



જન્મ
૧૫-૮-૧૯૩૫

અરિહંતશરણ
૨૨-૧૦-૨૦૨૧

## સ્વ. અ.સૌ. ગુણીયલબેન રસિકલાલ શાહ

લીંબડી નિવાસી, હાલ ગારોડીયા નગર, ઘાટકોપર

આપનું સરળ સંસ્કારી વ્યક્તિત્વ, સ્નેહપૂર્ણ વ્યવહાર, ધર્મનિષ્ઠા, કુટુંબપ્રેમ,
જરૂરિયાતમંદો પ્રત્યેની કરુણા વગેરે સદ્‌ગુણોને હૃદયમાં સંઘરી તેના
અમલીકરણ માટે સદા પ્રયત્નશીલ રહેતા, હું રસિકલાલ ઝવેરીલાલ શાહ,
આપણી સંસ્થાને રૂા. ૧૧,૦૦૦/- નું અનુદાન
આધારસ્તંભ યોજના હેઠળ અર્પણ કરું છું.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્યાત્માને ચિરશાંતિ આપે અને
જૈનધર્મનું શરણું પ્રાપ્ત કરી મોક્ષ પામે એ જ પ્રાર્થના.

*આપના સદૈવ ઋણી સ્વજનો*

**પતિ : રસિકલાલ ઝવેરીલાલ શાહ**

**પુત્ર** : જયેન્દ્ર રસિકલાલ શાહ **પુત્રવધૂ** : અ.સૌ. જ્યોતિ જયેન્દ્ર શાહ

પૌત્રી : અ.સૌ. માનસી હર્ષિત મહેતા, કુ. જયતી

*તથા*

**સમસ્ત સ્વ. ઝવેરીલાલ શંભુલાલ શાહ પરિવારના**

**જય જીનેન્દ્ર**

**Mob.: 9821734432 / 9819180414**

Advt.

# ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મ
૦૧.૦૨.૧૯૫૫

અરિહંતશરણ
૨૯-૦૪-૨૦૨૧



## સ્વ. અનંતરાય મણિલાલ શાહ (નાવડાવાળા)

છોડી અમ સાથ તમે વસ્યા પ્રભુની પાસ
નથી હયાત પણ છો સાથે એવો રહે છે ભાસ

''જીવન મળવું એ પુણ્યની વાત છે,
મૃત્યુ મળવું એ સમયની વાત છે,
સૌ કોઈના હૃદયમાં રહેવું એ,
જિંદગીના કરેલાં સત્કર્મોની વાત છે.''

પ્રભુ આપના આત્માને પરમ-શાંતિ આપે એ જ પ્રાર્થના
તમોને સદાય યાદ કરતો પરિવાર

### શોકાતુર સ્નેહીસ્વજન

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સ્વ. નર્મદાબેન મણિલાલ લલ્લુભાઈ શાહ પરિવાર |
| ધર્મપત્ની | : | સ્વ. મીનાબેન શાહ |
| ભાઈ-ભાભી | : | વૃજલાલભાઈ - સ્વ. ચંદ્રિકાબેન |
| પુત્ર-પુત્રવધૂ | : | મિતુલ - ફોરમ |
| પુત્રી-જમાઈ | : | નિધિ - જય સંઘવી |
| ભત્રીજા-ભત્રીજાવધૂ | : | મનોજભાઈ - રીનાબેન<br>નીરવભાઈ - કૃપાલીબેન<br>પારસભાઈ - સ્વાતિબેન |
| પૌત્ર-પૌત્રી | : | શનિ (હર્ષ), જીનલ, શૈલી, રાહિલ, પાર્શ્વવી, શૌર્ય |

Advt.

# પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ



**જન્મ**
**૧૧.૦૭.૧૯૪૭**
વાંકાનેર

**અરિહંતશરણ**
**૨૧-૦૪-૨૦૨૧**
ઘાટકોપર, મુંબઈ

## સ્વ. ચંદ્રિકાબેન વૃજલાલ શાહ (નાવડાવાળા)

**નાવડા નિવાસી - હાલ ઘાટકોપર મુંબઈ -૭૭.**

વરસ વીતી ગયું, આપની ગેરહાજરીમાં,
સદા રહો છો આપ, અમારા હૃદયમાં,
પતિ-પુત્રની રક્ષા કાજે, સ્વીકાર્યું મોત હસતે મુખે,
શહીદ થતાં જવાનની જેમ, શહીદી સ્વીકારી કુટુંબ કાજે,
યાદો છે મીઠી તમારી, કેમેય ભુલાતી નથી,
એક વખત દર્શન પામીએ, એ ઇચ્છા રોકાતી નથી,
પતિ માટે સાચા અર્થમાં, ગૃહલક્ષ્મી બની જીવ્યા તમે,
પડછાયાની જેમ સદા, સાથ રહ્યા તમે મુજ સાથે,
દીકરાઓ માટે હતાં સર્વસ્વ, યાદો છે અગણિત મધુરી,
આપ વિના અમારા જીવનની, હરેક પળ છે અધૂરી,
વહુઓ માટે વહાલા મમ્મી, હતાં માંથી પણ વિશેષ,
આવો નિસ્વાર્થ પ્રેમ કયાં મળે, લાગી અમ દિલને ઠેસ,
પૌત્ર-પૌત્રીઓ માટે મિત્રોથી વિશેષ, હતાં મોટા-મમ્મી,
આવા ખોળાની અમને હતી આશા, પણ પડી ગઈ છે કમી...

### સ્મરણાંજલિ અર્પણ કરનાર

| | | |
|---|---|---|
| જીવનસાથી | : | વૃજલાલ મણિલાલ શાહ (નાવડાવાળા) |
| પુત્ર-પુત્રવધૂ | : | મનોજભાઈ - રીનાબેન, નિરવભાઈ - કૃપાલીબેન, પારસભાઈ - સ્વાતીબેન |
| પૌત્ર-પૌત્રી | : | હર્ષ (સની)- શૈલી, જીનલ - રાહીલ, પાર્શવી - શૌર્ય |
| દિયર-દેરાણી | : | સ્વ. અનંતરાય મણિલાલ શાહ - સ્વ. મીનાબેન અનંતરાય શાહ |
| ભત્રીજા-ભત્રીજાવધૂ | : | ઋષભભાઈ - ફોરમબેન |
| ભત્રીજી-ભત્રીજીવર | : | નિધિબેન જય સંઘવી |
| માતા-પિતા | : | સ્વ. જયાબેન હરિલાલ શાહ<br>સ્વ. હરિલાલ છગનલાલ શાહ (વાંકાનેર) |

**વૃજલાલ મણિલાલ શાહ પરિવારના જય-જિનેન્દ્ર**

Advt.


# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ

જન્મ
૦૪/૦૯/૧૯૫૫





અરિહંત શરણ
૦૩/૦૪/૨૦૨૧



# સ્વ. શ્રી દિપકભાઈ કેશવલાલ ગાંધી

(દિગસર નિવાસી હાલ ભીવંડી)

પપ્પા નો શાબ્દિક અર્થ હું જાણતી નથી...
પણ એવો એક પણ દિવસ નથી ગયો કે તમારી યાદ માં આંખ ભીની થઈ નથી...
તમારી નાની નાની વાતો, રોજ સાંજે ફોન કરવો ને પુછવું "આજે શું લઇ આવું?"
તમારો વહાલ ભર્યો સ્પર્શ અને કહેવું "મારો દિક્કો"...
તમારુ સ્વાભિમાન, ઉદાર હૃદય અને નિખાલસ સ્વભાવ એ અમારો સૌથી કિંમતી વારસો...
જેવું નામ એવું જીવન જીવી ને જતા રહ્યા તમે...
ગર્વ છે અમને કે અમે છે તમારી સંતાન.
પરમ કૃપાળુ પરમાત્મા ને એ જ પ્રાર્થના છે કે તમારા દિવ્ય આત્માને જલ્દી મોક્ષ મળે.

## શોકાતુર પરિવાર

**ધર્મપત્ની:** ગં.સ્વ. પારૂલબેન દિપકભાઈ ગાંધી

**પુત્ર - પુત્રવધુ:** અપૂર્વ - શ્રેયા

**પૌત્રી:** ઝોઈ

**ભાઈ - ભાભી:** મહેશભાઈ - આરતીબેન
મિનેષભાઈ - સંગીતાબેન



**પુત્રી - જમાઈ:** વિધિ ચિંતનકુમાર સોલાણી

**દોહિત્ર:** આરવ

**બેન - બનેવી:** ગં.સ્વ. હંસાબેન ગુણવંતરાય શાહ
ભારતીબેન જીતેન્દ્રકુમાર વોરા

## જય જીનેન્દ્ર

Advt.

શ્રી ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન મરણ

# ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મઃ
૦૪/૦૧/૧૯૪૭

અરિહંત શરણઃ
૨૨/૦૨/૨૦૨૨

પાળીયાદ નિવાસી હાલ માટુંગા-દાદર.

## શ્રીમતી ભારતીબેન ગુણવંતભાઇ ગોપાણી

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌ યાદ કરે, ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નહી, સુખ દુઃખમાં સદા હસતા રહ્યા, આપનો લાગણીશીલ સ્વભાવ ક્યારેય ભુલાશે નહી, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**શોકાતુર**

- પતિ : ગુણવંતભાઇ ચીમનલાલ ગોપાણી
- સાસુ-સસરા : સ્વ. કાંતાબેન-ચીમનલાલ ગોપાણી
- પુત્ર-પુત્રવધુ : જીજ્ઞેશભાઇ-અંજલીબેન • પૌત્ર : મીત, યુવ
- જેઠાણી-જેઠ : પ્રવિણાબેન - મહાસુખભાઇ
- દેરાણી-દિયર : માયાબેન - નગીનભાઇ, રીનાબેન - પરેશભાઇ
- નણદ-નણદોઇ : બોટાદ સંપ્રદાયના પૂજ્ય ગુણવંતીબાઇ મ.સ.
  ચંદનબેન કમલેશકુમાર સંઘવી,અરૂણાબેન સુબોધકુમાર સંઘવી,
  વર્ષાબેન બિપીનકુમાર સંઘવી, રીટાબેન શૈલેષકુમાર શેઠ
- માતા-પિતા : સ્વ. કાંતીલાલ છોટાલાલ દોશી (બોટાદ નિવાસી)
- ભાઇ : જીતેન્દ્રભાઇ સ્વ. કાંતીલાલ દોશી

**ફર્મ :**

• ગોપાણી આયર્ન એન્ડ પાવર (ઇન્ડીયા) પ્રા. લિ. • ગોપાણી મેટલ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.
• વી.એન.એસ. ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. • અમિટી ઇંટરલીંક સ્ટીલ્સ પ્રા. લિ.

Advt.

શ્રી મહાવીરાય નમઃ

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૧૦-૧૧-૧૯૩૮

અરિહંત શરણ
૧૦-૦૪-૨૦૧૯

## અ.સૌ. જયાબેન હિમ્મતલાલ શાહ

### નાગનેશ(રતલામ) નિવાસી હાલ કાંદિવલી

Advt.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ :
૨૭-૧૦-૧૯૪૨
ગામ :
બોટાદ



અરિહંત શરણ :
૨૬-૦૪-૨૦૨૧
હાલ :
કાંદિવલી (મુંબઈ)

## પ્રવિણભાઈ ભોગીલાલ ગોપાણી

(રોયલ ટ્યુબ કોર્પોરેશન ના સ્થાપક )

તમે જ પિતા , તમે જ ગુરુ , તમે છો જન્મદાતા ,
તમે જ મિત્ર , તમે જ સ્નેહી , તમે છો ભાગ્ય વિધાતા .

તમારા વિયોગમાં .... કલાકો ગયા , દિવસો ગયા અને મહિનાઓ પણ ગયા.....
પણ ન ગયા તમારા સંસ્મરણો , ન ગઈ તમારી યાદો .

આજે પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ એ અમે નત-મસ્તકે તમને પ્રણામ કરી ને એટલું જ કહીએ છીએ કે ....

તમારા આશીર્વાદ થી જ છે ....રોશન અમારી જીંદગી ,
તમારી યાદો જ સદા , રહેશે અમારી બંદગી .

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ , અમારી અશ્રુભીની શ્રદ્ધાંજલિ ....

સદ્ગતની પુણ્ય સ્મૃતિમાં ઝાલાવાડી સભાની શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં એક લાખ રૂપિયાનું અનુદાન આપ્યું છે.

આપના વિયોગે , સૂના પરિવારજનો

-: શોકાતુર :-

સ્વ: હંસાબેન પ્રવિણ ગોપાણી
સંજય પ્રવિણ ગોપાણી
પ્રશાંત પ્રવિણ ગોપાણી
ઉમંગ બંકેશ પારેખ

ગં. સ્વ: અલકાબેન પ્રવિણ ગોપાણી
જીજ્ઞા સંજય ગોપાણી
ખ્યાતિ પ્રશાંત ગોપાણી
તૃપ્તિ ઉમંગ પારેખ

કુણાલ,હર્ષ ,આયુષ , દિયા ,નિત્યા

સમગ્ર **રોયલ ટ્યુબ કોર્પોરેશન પરિવાર** (નાગદેવી -મુંબઈ )

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ

જન્મ
૯/૮/૧૯૪૫



અરિહંતશરણ
૨૪/૪/૨૦૨૧

## સ્વ. શ્રી મહેન્દ્રભાઈ રમણીકભાઈ અજમેરા

**વિંછીયા નિવાસી - હાલ મલાડ**

દરિયાદિલી જેમના શ્વાસોમાં હતી,
કરુણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતો

કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી
એવો જીવનમંત્ર હતો, આખું જીવન તનતોડ મહેનત
કરી સુખનો સાગર સોંપતા ગયા

મોક્ષમાર્ગ પંથી એવા તેમના દિવ્ય આત્માને પ્રભુ
શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના

**શ્રદ્ધાસુમન અર્પણ કરનાર**

જન્મદાતા : સ્વ. રમણીકભાઈ રાયચંદ અજમેરા
સ્વ. ગુણવંતીબેન રમણીકભાઈ અજમેરા
ધર્મપત્ની : હંસાબેન મહેદ્રભાઈ અજમેરા
પુત્ર-પુત્રવધૂ : કૌશિકભાઈ મહેન્દ્રભાઈ અજમેરા
વર્ષાબેન કૌશિકભાઈ અજમેરા
નિર્મલભાઈ મહેન્દ્રભાઈ અજમેરા
સારિકાબેન નિર્મલભાઈ અજમેરા

પૌત્ર : દર્શિત - જય
પૌત્રી : નિશી

## અજમેરા પરિવારના જય જિનેન્દ્ર

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.



## સ્વાતંત્ર્યસેનાની, સંઘરત્ન, પૂજ્ય પિતાને
## શતાબ્દી વંદના

# શ્રી શાંતિલાલ ચત્રભુજ શાહ

સુરેન્દ્રનગર

**૨૩ એપ્રિલ ૧૯૨૨ – ૧૭ નવેમ્બર ૨૦૧૨**

જેની આંગળી પકડી અમે દુનિયા જોઈ - સમજી,
જેના નામ સાથે મસ્તક ઊંચું રાખી વિકસ્યા -વિસ્તર્યા
એવા, નિષ્કામ ભક્તિ અને નિર્વ્યાજ સ્નેહના પ્રતીક સમા
પૂજ્ય પિતાને અંત:કરણથી જન્મશતાબ્દીએ ભાવવંદના...



## આપનો પ્રેમાળ પરિવાર

**મંગલમ્ કલાત્મક સાડી સેન્ટર**
જવાહર ચોક, સુરેન્દ્રનગર – ૩૬૩૦૦૧
૯૪૨૭૦૬૬૬૭૩ • ૯૩૨૪૬૮૦૮૦૯

Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah